અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



**પેજ-08**
કિઆરા અડવાણીના લુક પર સિદ્ધાર્થ થયો ફિદા



**પેજ-09**
ગુસ્સો, જુસ્સો.. ને અંતે કોહલીની આંખો...

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 43.00 | 31.00 |
| વડોદરા | 44.00 | 31.00 |
| સુરત | 41.00 | 30.00 |

પેજ 5



"મેરાડોનાનો ગોલ્ડન બોલ ખરીદવા માટે હું 7...

20 MAY-2024 MONDAY

ઇઝરાયલના વોર કેબિનેટ મંત્રીની નેતન્યાહુને ધમકી



પેજ 10

**.....સુવિચાર.....**
ગીતામાં લખ્યું છે નિરાશ ન થાઓ, તમારો સમય નબળો છે તમે નહીં!

વર્ષ-13 । અંક-185 । વિક્રમ સંવત-2080 । વૈશાખ સુદ-12 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

### ચૂંટણી રેલીમાં PM મોદીએ આપ-કોંગ્રેસને પણ લપેટી

# દેશના મજબૂત વિકાસ માટે ધાકડ સરકાર જરૂરી : મોદી



(એજન્સી) નવી દિલ્હી । તા. 19

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન ઉત્તર-પૂર્વીય દિલ્હીમાં ચૂંટણી રેલીને સંબોધન કરતા કહ્યું કે, આ લોકસભા ચૂંટણી ભારતને દુનિયાનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનાવવા મજબૂત અને સ્થિર સરકારની પસંદગી કરવા માટે છે. દેશના અર્થતંત્રને એવા લોકોથી બચાવવાનો છે, જેમની આર્થિક નીતિઓથી ભારત દેવાળીયાની સ્થિતિમાં પહોંચી ગયું હતું. જમ્મુ-કાશ્મીરમાં કલમ 370નો મુદ્દો ઉઠાવતા મોદીએ ફરી કહ્યું કે, તેમની ધાકડ સરકારે કલમ 370ની દિવાલ પાડી દીધી. લોકસભા ચૂંટણીમાં દિલ્હીમાં સૌપ્રથમ રેલી કરતા નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આ ચૂંટણી એ પરંપરા અને વિચારસરણીને હરાવવા માટે છે, જેણે વર્ષો સુધી પરિવારવાદને પ્રોત્સાહન આપતા ભારતના યુવાનોનું ભવિષ્ય બરબાદ કરી દીધું છે. આ ચૂંટણી ગરીબ અને મધ્યમ વર્ગના લોકોનું જીવન સરળ બનાવવા અને તેમના જીવનમાં ખુશીઓ લાવવા માટેની સરકાર પસંદ માટે છે.

#### 1 ઇન્ડિયા ગઠબંધન દિલ્હીને બરબાદ કરવામાં લાગ્યુ


દિલ્હીમાં આપ અને કોંગ્રેસના ગઠબંધનની ટીકા કરતા મોદીએ કહ્યું, અહીં વિકાસ કાર્યો વચ્ચે ઈન્ડિયા ગઠબંધન દિલ્હીને બરબાદ કરવામાં લાગેલું છે. તેઓ દિલ્હીના લોકોને લૂંટવાની કોઈ તક છોડી નથી રહ્યા. આ લોકો ભ્રષ્ટાચાર ખતમ કરવાના નામે આવ્યા હતા, પરંતુ આજે તેઓ કરોડો રૂપિયાના કૌભાંડના કારણે જેલમાં કેદ છે. તેમણે કોંગ્રેસ અને આપના જોડાણને તકવાદી ગણાવ્યું હતું.

#### 2 વડાપ્રધાન મોદીએ કોંગ્રેસ પર નિશાન સાધ્યું

આ દરમિયાન તેમણે ભાજપના ઉમેદવાર વિદ્યુત વરણ મહતોની જંગી મતોથી જીત સુનિશ્ચિત કરવા અપીલ કરી હતી. પોતાના સંબોધન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પર જોરદાર નિશાન સાધ્યું અને તેને ઉદ્યોગ અને રોકાણ વિરોધી ગણાવી હતી. પોતાની આગવી શૈલીમાં પીએમ મોદીએ કહ્યું હતું કે 'મારો તે તમામ રાજ્યોના મુખ્યમંત્રીને સવાલ છે, જ્યાં પણ કોંગ્રેસ સત્તામાં છે, ત્યાં તેમના શહેજાદા ઉદ્યોગોનો વિરોધ કરે છે.

### પતંજલિની પ્રોડક્ટ ક્વૉલિટી ટેસ્ટમાં ફેલ

#### આસિસ્ટન્ટ મેનેજર સહિત 3ને જેલ



(એજન્સી) નવી દિલ્હી । તા. 19

સુપ્રીમ કોર્ટની લપડાક બાદ બાબા રામદેવની કંપની પતંજલિની મુસીબતોમાં ઘટાડો થવાના સંકેત દેખાઈ રહ્યા નથી. ઉત્તરાખંડના પિથોરાગઢના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે પતંજલિ આયુર્વેદ લિમિટેડના આસિસ્ટન્ટ મેનેજર સહિત ત્રણ લોકોને સોન પાપડી ટેસ્ટમાં ફેલ થવા બદલ છ મહિનાની જેલની સજા ફટકારી છે. ત્રણેયને દંડ પણ ફટકારવામાં આવ્યો છે. 17 ઓક્ટોબર, 2019 ના રોજ, ખાદ્ય સુરક્ષા નિરીક્ષકે પિથોરાગઢના બેરીનાગના મુખ્ય બજારમાં લીલા ધાર પાઠકની દુકાનની મુલાકાત લીધી હતી.

### રાહુલ-અખિલેશની સભામાં હોબાળો, બંને મંચ છોડીને ભાગ્યા

# પ્રયાગરાજમાં ઈન્ડી ગઠબંધનની જાહેર સભામાં નાસભાગ : અનેક ઘાયલ થયા

### પ્રયાગરાજમાં સમર્થકોએ સુરક્ષા કોર્ડન તોડ્યું, પોલીસ સાથે ધક્કામુક્કી



(એજન્સી) પ્રયાગરાજ । તા. 19

યુપીના પ્રયાગરાજમાં ઈન્ડી ગઠબંધનની જાહેર સભામાં રવિવારે બપોરે નાસભાગ મચી ગઈ હતી. આ નાસભાગમાં અનેક લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. કહેવાય છે કે સભાના સ્થળે અખિલેશ યાદવ આવી પહોંચ્યા ત્યારે તેમને મળવા માટે કાર્યકર્તાઓ બેકાબૂ બની ગયા અને બેરિકેડ તોડીને સ્ટેજ પર ચઢવાનો પ્રયાસ કરવા લાગ્યા હતા. નાસભાગને કારણે મીડિયાકર્મીઓના કેમેરા અને સ્ટેન્ડ પણ તૂટી ગયા હતા. અરાજકતાનો માહોલ સર્જાયો હતો. ફુલપુરના પંડિલામાં આ જાહેરસભાનું આયોજન



કરવામાં આવ્યું હતું. રાહુલ ગાંધી અને અખિલેશ યાદવ કોઈ ભાષણ આપ્યા વિના જ નીકળી ગયા હતા. તેમણે આરોપ લગાવ્યો કે આ 'ઈન્ડી' ગઠબંધન દેશને આગળ નહીં લઈ જઈ શકે. ગૃહમંત્રીએ કહ્યું, 'આ કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી (એસપી) સરકારોએ 70 વર્ષ સુધી રામ મંદિરને અટવાયેલું રાખ્યું.

#### અમિત શાહે પ્રયાગરાજમાં વિપક્ષ પર નિશાન સાધ્યું

બીજી તરફ જોકે, એ જ ક્ષેત્રમાં ચૂંટણી સભાને સંબોધી રહેલા ગૃહમંત્રી અમિત શાહે પ્રયાગરાજમાં ઈન્ડી ગઠબંધન પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું, 'સમગ્ર ઈન્ડી ગઠબંધન તેના પુત્રો અને પુત્રીઓ માટે રાજકારણ કરે છે.' તેમણે કહ્યું કે લાલુ, સોનિયા, ઉદ્ધવ, સ્ટાલિન પોતપોતાના પુત્રોને મુખ્યમંત્રી બનાવવા માંગે છે. અલ્હાબાદ સીટ પરથી ભાજપના ઉમેદવાર નીરજ ત્રિપાઠીના સમર્થનમાં એક જાહેર સભાને સંબોધતા શાહે કહ્યું હતું ,'જે લોકો પોતાના પુત્ર-પુત્રીઓ માટે રાજનીતિ કરે છે તેઓ જનતાનું કોઈ ભલું કરી શકે છે?' તેમણે કહ્યું કે ઈન્ડી ગઠબંધન કહે છે કે જો તેમની સરકાર આવશે, તો તેઓ કલમ 370 ફરીથી લાગુ કરશે.

**Quick Read**

#### યુપી-બિહારના લોકોનો પંજાબ પર કબજો, કોંગ્રેસ ઉમેદવાર સુખપાલ ખૈરાનું વિવાદાસ્પદ નિવેદન

ચંડીગઢ | સંગરુર લોકસભા સીટના કોંગ્રેસના ઉમેદવાર સુખપાલ ખૈરાએ ઉત્તર પ્રદેશ અને બિહારથી આવતા પરપ્રાંતિયોને લઈને વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. સુખપાલ ખૈરાએ કહ્યું કે આ લોકો પંજાબ પર કબજો કરશે અને પંજાબિયતનો નાશ કરશે. પંજાબ પંજાબીઓનું છે. અહીં બિન-પંજાબી એટલે કે અન્ય રાજ્યોમાંથી આવતા લોકોને મત આપવાનો અધિકાર ન હોવો જોઈએ. ન તો તેમને પંજાબમાં નોકરીઓ મળવી જોઈએ અને ન તો તેમને ઘર બનાવવાની મંજૂરી આપવી જોઈએ.

#### ડેલના પોર્ટલમાં સાયબર એટેક, 49 મિલિયન ગ્રાહકોના ડેટા જોખમમાં હોવાની ચેતવણી

નવી દિલ્હી | ટેક જાયન્ટ કંપની ડેલ (Dell) ના પોર્ટલમાં સાયબર એટેક થયો હોવાની સંભાવનાને પગલે કંપનીએ તેના ગ્રાહકોને ડેટા બ્રીચની ચેતવણી આપી છે. આ ડેટા બ્રીચ ને કારણે ઓછામાં ઓછા 49 મિલિયન ગ્રાહકોને અસર કરી હતી. આ પર્સનલ કમ્પ્યૂટર (પીસી) નિર્માતાએ એક ઈમેલ દ્વારા તેના વપરાશકર્તાઓને ચેતવણી આપી હતી કે તે ડેલ પોર્ટલ સાથે સંકળાયેલી ઘટનાની તપાસ કરી રહી છે જેમાં કંપની પાસેથી ખરીદીના સંદર્ભમાં ગ્રાહકોને લગતી મર્યાદિત માહિતી છે.

#### હવે સંસદભવનની સુરક્ષા CISFના હાથમાં, 10 વર્ષ લાંબા ગાળા બાદ સીઆરપીએફની વિદાય

નવી દિલ્હી | સંસદની સુરક્ષા માટે સમર્પિત પાર્લામેન્ટ ડ્યુટી ગ્રુપ ને તૈનાત કરવામાં, આયોજન કરવામાં અને તાલીમ આપવામાં લગભગ 13 વર્ષ લાગ્યાં. પરંતુ માત્ર 10 વર્ષ પછી વિસર્જન કરવામાં આવ્યું હતું. 2013થી સંસદ ભવનનું રક્ષણ કરી રહેલા લગભગ 1,400 જવાનો માટે શુક્રવાર ફરજનો છેલ્લો દિવસ હતો. સુરક્ષાની જવાબદારી કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળના જવાનોના ખભા પર છે. પાંચ મહિનાની અંદર, સૈનિકોને તેમની ફરજો છોડીને નવી જગ્યાઓ શોધવા માટે કહેવામાં આવ્યું.

#### ED અને CBI બંધ કરી દઈશું, હું પ્રસ્તાવ લાવીશ.. I.N.D.I.A.ના દિગ્ગજ નેતા અખિલેશનો દાવો

લખનઉ | સમાજવાદી પાર્ટી અને I.N.D.I.A. ગઠબંધનના દિગ્ગજ નેતા અખિલેશ યાદવે હવે ઈડી અને સીબીઆઇને લઈને એક નવો મુદ્દો ઊઠાવ્યો છે. અખિલેશ યાદવે એક મોટી માગ કરતાં કહ્યું કે ઈડી અને સીબીઆઈનો ભાજપના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર દ્વારા દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. જો .N.D.I.A. ગઠબંધનની સરકાર બનશે તો હું પોતે કેન્દ્ર સરકાર સમક્ષ પ્રસ્તાવ લાવીશ કે ઈડી અને સીબીઆઇને બંધ કરી દેવામાં આવે. આ બંને એજન્સીઓ બિનજરૂરી છે.

# નિકોબારમાં ચોમાસાની પધરામણી, 31 મીએ કેરળ પહોંચશે

### મધ્યપ્રદેશમાં 16 જૂન, રાજસ્થાનમાં 25 જૂન, ગુજરાતમાં 19થી 30 જૂન વચ્ચે ચોમાસું એન્ટ્રી કરશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર, ચોમાસું અંદામાન-નિકોબાર પહોંચી ગયું છે. તે 31મી મે સુધીમાં કેરળ પહોંચશે. ગયા વર્ષે પણ અંદામાન અને નિકોબાર ટાપુઓમાં ચોમાસું 19 મેના રોજ પહોંચ્યું હતું, પરંતુ કેરળમાં 9 દિવસ મોડું 8 જૂને પહોંચ્યું હતું. આ વર્ષે ચોમાસું સામાન્ય તારીખ પહેલાં પણ કેરળમાં આવી શકે છે. જો કે કેરળમાં ચોમાસાના આગમનની સામાન્ય તારીખ 1 જૂન છે. જાહેર કરેલી તારીખમાં 4 દિવસ વધુ કે ઓછા રહેવાની શક્યતા છે. એટલે કે ચોમાસું 28મી મેથી 3જી જૂન વચ્ચે ગમે ત્યારે પધરામણી કરી શકે છે. IMD અનુસાર મધ્યપ્રદેશમાં 16



થી 21 જૂન અને રાજસ્થાનમાં 25 જૂનથી 6 જુલાઈ સુધી ચોમાસું પહોંચે તેવી શક્યતા છે. જ્યારે યુપીમાં તે 18 થી 25 જૂન સુધી અને બિહાર-ઝારખંડમાં 18 જૂન સુધીમાં પહોંચી જશે. ગયા મહિને IMDએ કહ્યું હતું કે દેશમાં આ વર્ષે સામાન્ય ચોમાસુ કરતાં વધુ સારું રહેશે.

#### ગયા વર્ષે 8 જૂને ચોમાસું કેરળ પહોંચ્યું હતું

IMDના ડેટા અનુસાર કેરળમાં ચોમાસાના એન્ટ્રીની તારીખો છેલ્લાં 150 વર્ષોમાં તદ્દન અલગ રહી છે. 1918માં ચોમાસું 11 મેના રોજ સૌ પ્રથમ કેરળ પહોંચ્યું હતું, જ્યારે 1972માં તે 18 જૂનના રોજ સૌથી મોડા કેરળ પહોંચ્યું હતું. છેલ્લાં ચાર વર્ષની વાત કરીએ તો 2020માં ચોમાસું 1 જૂન, 2021માં 3 જૂન, 2022માં 29 મે અને 2023માં 8 જૂને કેરળ પહોંચ્યું હતું.

#### લા નીનાને કારણે સારા વરસાદની આશા

અલ નીનો અને લા નીના એમ બે જળવાયુની પેટર્ન છે. ગયા વર્ષે અલ નીનો સક્રિય હતું, જ્યારે આ વખતે અલ નીનોની સ્થિતિ આ અઠવાડિયે સમાપ્ત થઈ ગઈ છે અને ત્રણથી પાંચ સપ્તાહમાં લા નીનાની સ્થિતિ સર્જાય તેવી શક્યતા છે. ગયા વર્ષે, અલ નીનો દરમિયાન, સામાન્ય કરતાં 94% ઓછો વરસાદ પડ્યો હતો. 2020થી 2022 દરમિયાન લા નીના ટ્રિપલ ડીપ દરમિયાન, 109%, 99% અને 106% વરસાદ થયો હતો.

# આપનું પ્રદર્શન ખતમ કેજરીવાલ ઘરે પહોંચ્યા

### દિલ્હી પોલીસ સીએમ આવાસ પર પહોંચી, CCTV DVR કર્યા જપ્ત

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

AAP સાંસદ સ્વાતિ માલીવાલ પર હુમલાના મામલામાં દિલ્હી પોલીસની તપાસ ચાલી રહી છે. જ્યારે આજે સવારે દિલ્હી પોલીસે કહ્યું કે બિભવ કુમાર તપાસમાં સહકાર નથી આપી રહ્યા ત્યારે બપોરે દિલ્હી પોલીસ સીએમ આવાસ પર પહોંચી ગઈ. પહેલા એવી અટકળો હતી કે



દિલ્હી પોલીસ બિભવ કુમારને પણ તેમની સાથે સીએમ આવાસ પર લઈ જશે, પરંતુ જ્યારે દિલ્હી પોલીસની ટીમ સીએમ આવાસ પર પહોંચી તો બિભવ કુમાર તેમની સાથે ત્યાં હાજર નહતા.

#### દિલ્હી પોલીસનો આક્ષેપ બિભવ કુમાર તપાસમાં સહકાર નથી આપી રહ્યા

દિલ્હી પોલીસે આ મામલામાં આરોપી અરવિંદ કેજરીવાલના પીએની સીએમ આવાસથી ધરપકડ કરી હતી. તેની ધરપકડ બાદ દિલ્હી પોલીસ સતત બિભવ કુમારની પૂછપરછ કરવાનો પ્રયાસ કરી રહી છે, પરંતુ પોલીસનું કહેવું છે કે બિભવ કુમાર પૂછપરછમાં સહકાર આપી રહ્યા નથી અને તે માત્ર હા કે નામાં જ જવાબ આપી રહ્યા છે. આ સિવાય દિલ્હી પોલીસને પેન ડ્રાઈવમાં એક સીસીટીવી ક્લિપ સોંપવામાં આવી છે, જે કોરી નીકળી છે.

#### કેજરીવાલનો આક્ષેપ ભાજપે આમ આદમી પાર્ટીને ખતમ કરવા બનાવ્યાં 3 પ્લાન

આમ આદમી પાર્ટી (AAP)ના સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ભાજપ હેડક્વાર્ટર ખાતે દેખાવ કરતા પહેલા પાર્ટી કાર્યકર્તાઓને સંબોધિત કર્યા હતા. આ દરમિયાન તેમણે ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહાર કર્યા હતા. પ્રદર્શન પહેલાં દિલ્હી પોલીસે AAPના કેટલાક કાર્યકરોની અટકાયત કરી હતી. પોલીસે કહ્યું છે કે AAPએ પ્રદર્શન માટે કોઈ મંજૂરી લીધી નથી, તેથી તેમને માર્ચ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

### ચારધામ યાત્રાએ જતાં ભક્તો સાવધાન !

#### રજીસ્ટ્રેશનના નામે ક્યાંક છેતરપિંડી તો નથી થઇ રહી ને?

(એજન્સી) દેહરાદૂન । તા. 19

હજારો કિલોમીટરનો પ્રવાસ કરીને ઉત્તરાખંડ પહોંચેલા અનેક તીર્થયાત્રીઓને મોટો આંચકો લાગ્યો છે. આખું સત્ય જાણ્યા પછી તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ. એજન્ટે તેમને નકલી ચારધામ નોંધણી પ્રમાણપત્ર આપ્યું હતું. પુણેથી 3 બસ ભરીને આવેલા 93 મુસાફરો પણ આ જ રીતે છેતરાયા છે. વેરિફિકેશન પર જાણવા મળ્યું કે તેમને નકલી રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું. આવા અનેક કિસ્સા પ્રકાશમાં આવ્યા છે જેમાં યાત્રાળુઓ સાથે છેતરપિંડી થઈ છે. ચારધામ યાત્રા 2024 શરૂ થતાની સાથે જ દેશના ઘણા રાજ્યોમાંથી લોકો દર્શન કરવા ઉત્તરાખંડ પહોંચી રહ્યા છે. ગંગોત્રી, કેદારનાથ-બદ્રીનાથ સહિતના ચાર ધામોની મુલાકાતના નામે પણ છેતરપિંડી શરૂ થઈ ગઈ છે.

# જમ્મુ-કાશ્મીરમાં બે આતંકી હુમલા

### શોપિયાંમાં ભાજપ નેતાની હત્યા, અનંતનાગમાં કપલને ગોળી મારી

(એજન્સી) કાશ્મીર । તા. 19

જમ્મુ-કાશ્મીરના અનંતનાગ અને શોપિયાંમાં ફાયરિંગની બે અલગ-અલગ ઘટનાઓ સામે આવી છે. શોપિયાંના હીરપોરા વિસ્તારમાં આતંકવાદીઓએ ભાજપના નેતા અને પૂર્વ સરપંચ એજાઝ અહેમદ પર ગોળીબાર કર્યો હતો. તેમને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેમનું મૃત્યુ થયું હોવાનું અહેવાલ છે. જ્યારે અનંતનાગના પહેલગામ વિસ્તારમાં રાજસ્થાનના એક કપલને ગોળી મારી દેવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર કપલ પહેલગામના યાનેર વિસ્તારમાં ફરવા માટે આવ્યું હતું અને એક રિસોર્ટમાં રોકાયાં હતાં.

#### ભાજપ નેતા એજાઝ અહેમદની હત્યા



ઘટનાની માહિતી મળતા જ સુરક્ષાદળોની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયરિંગ બાદ વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો હતો. સર્ચ ઓપરેશન ચાલુ છે. ઉલ્લેખનીય છે કે શોપિયાના હીરપોરા વિસ્તારમાં થયેલી ફાયરિંગમાં ભાજપ નેતા એજાઝ અહેમદ ખરાબ રીતે ઘાયલ થયા હતા. તેમને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

#### જયપુરના કપલ ફરહા-તબરેઝની હાલત ગંભીર

માહિતી અનુસાર આતંકવાદીઓએ પહેલગામમાં એક પ્રવાસી કેમ્પને નિશાન બનાવ્યો હતો. અહીં જયપુરના એક કપલ ફરહા અને તબરેઝને ગોળી ધરબી દીધી હતી. બંનેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ, પતિ-પત્ની બંનેને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

# શું ભાજપને હવે RSSની જરૂર નથી?

### જે.પી.નડ્ડાએ સંઘ અને મથુરા-કાશી અંગે આપ્યું ચોંકાવનારું નિવેદન પહેલા RSSની જરૂર પડતી, હવે અમે એકલા હાથે આગળ વધવામાં સક્ષમ

(એજન્સી) નવી દિલ્હી । તા. 19

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) અને મથુરા-કાશી અંગે ચોંકાવનારું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, ભાજપ સતત આગળ વધી રહી છે અને હવે પાર્ટી તે સ્થિતિમાંથી વિકસીત થઈને બહાર આવી છે, જ્યાં તેને આરએસએસની જરૂર હતી. હવે ભાજપ પોતાના દમ પર સક્ષમ છે અને પોતાનું કામ પોતે જ કરે છે. તેમણે કહ્યું કે, આરએસએસ એક વૈચારિક મોરચો છે. નડ્ડાએ એક મીડિયાને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે, 'પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીનો સમય અને વર્તમાન સમયમાં ઘણું બધુ બદલાઈ ગયું છે. આ ક્રમમાં આરએસએસની હાજરી પણ બદલાઈ ગઈ છે. પહેલા ભાજપ આટલી મોટી પાર્ટી નહોતી અને સક્ષમ પણ ન હતા. ત્યારે અમને આરએસએસની જરૂર પડતી હતી, પરંતુ આજે અમે ઘણા આગળ વધી ગયા છીએ અને એકલા હાથે આગળ વધવામાં સક્ષમ છીએ.'



#### વડાપ્રધાનના ઉદ્દેશ્ય અંગે નડ્ડાએ શું કહ્યું?

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નડ્ડાએ વધુમાં કહ્યું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નિર્ણય કર્યો છે કે, પાર્ટીનું ધ્યાન ગરીબો, શોષિતો, દલિત, મહિલાઓ, યુવાનો, ખેડૂતો અને સમાજના પછાત વર્ગો પર રહેશે. આ વર્ગોને મુખ્ય પ્રવાહમાં લાવીને સશક્ત બનાવવો જોઈએ.

#### મથુરા-કાશીમાં મંદિર બનાવવાની યોજના નથી : જે.પી. નડ્ડા

નડ્ડાએ મથુરા અને વારાણસી અંગે પણ નિવેદન આપ્યું હતું. જ્યારે તેમને પ્રશ્ન કરાયો કે, શું ભાજપે મથુરા અને કાશીના વિવાદીત સ્થળો પર મંદિર બનાવવાની કોઈ યોજના બનાવી છે. તો તેમણે કહ્યું કે, 'ભાજપ પાસે આવો કોઈ વિચાર, યોજના કે ઈચ્છા નથી. અમારી પાર્ટીની સિસ્ટમ એવી રીતે કામ કરે છે કે પાર્ટીની વિચાર પ્રક્રિયા સંસદીય બોર્ડમાં ચર્ચા દ્વારા નિર્ણય કરાય છે, પછી તે રાષ્ટ્રીય પરિષદમાં જાય છે જે તેને સમર્થન આપે છે.

### ગરુડેશ્વર તાલુકાના વાંસલા ગામના સૂર્યમુખી હનુમાનજી મંદિરથી શર્માજી તથા કિરણ મૌસીના હસ્તે કરવામાં આવ્યો પ્રારંભ

# નર્મદા મૈયાની વધુ એક પાંચ દિવસીય પંચકોશી પરિક્રમાનો પ્રારંભ

ભરત શાહ દ્વારા - રાજપીપળા

તા. ૧૯ પુણ્ય સલિલામા નર્મદાની વધુ એક પાંચ દિવસીય પંચકોશી પરિક્રમાનો આજથી પ્રારંભ થયો છે. 85 કિમીની આ પરીક્રમાં મોટી સંખ્યા ભક્તો એ ગરુડેશ્વર થી શરૂ કરી, ભક્તો અને સાધુ સંતો પરિક્રમા માં જોડાયા છે.

નર્મદા પંચકોશી પરિક્રમા જે ચૈત્ર માસમાં થઈ જેના અંતિમ દિવસોમાં મૂળ રૂટ બંધ કરી દેવાતાં શ્રધ્ધાળુઓની ધાર્મિક લાગણી દુભાઈ હતી. પંચકોશી પરિક્રમા વિવાદો વચ્ચે પૂર્ણ થઈ, પણ હવે 19 મીથી નવી પાંચ દિવસીય પંચકોશી પરિક્રમાની શરૂઆત થઈ છે.જેમાં ભક્તો જોડાઈ રહ્યા છે.

આ પરિક્રમા પણ હજારો વર્ષોથી ચાલતી આવી છે. જેમાં



મહારાષ્ટ્રના ભક્તો વધુ જોડાય છે. આ પાંચ દિવસ ચાલનારી પંચકોશી પરિક્રમા વૈશાખ સુદ એકાદશી જેને મોહિની એકાદશી પણ કહેવામાં આવે છે. એટલે કે તારીખ 19 થી નર્મદા કિનારે આવેલા વાંસલા ગામના સૂર્યમુખી હનુમાનજી મંદિરથી પ્રારંભ શર્માજી તથા કિરણ મૌસીના નાં હસ્તે કરવામાં આવ્યો અને તેમના સહયોગ થી આં યાત્રા ચાલશે. વાંસલાથી પરિક્રમાવાસીઓ પગપાળા માંગરોલ પહોંચ્યા હતા. અને ત્યાં ભંડારા અને રાત્રિ રોકાણની વ્યવસ્થા કરવામાં આવી હતી. આવતી કાલે બીજા દિવસે પરિક્રમા આગળ વધશે અને કુબેર ભંડારી ખાતે રાત્રિ રોકાણ કરાશે. કુબેર ભંડારીથી બુજેઠા, તિલકવાડા, શુણપાણેશ્વર મહાદેવ થઈને વાંસલા ગામે પરત આવશે. આ જે પંચકોશી પરિક્રમા છે જે ખુબજ મહત્વની છે અને માનવવાંછુક ફળ આપનારી છે જેથી આ પરિક્રમા પણ ચૈત્ર મહિના જેવી છે પરંતુ આ પરિક્રમામાં 80 કીમીનું અંતર પગપાળા કાપવાનું હોવાથી શ્રધ્ધાળુઓ ઓછા જોડાય છે. આ પરિક્રમા એકવાર કરવાથી નર્મદા નદીની મોટી પરિક્રમા કર્યા નું પુણ્ય મળે છે.

## લીમખેડા તાલુકાના પ્રતાપુરા ગામે મહિલા સરપંચના પતિએ પાણીનો ટાંકો એજન્સી ને પૂછ્યા સિવાય જીસીબી મશીનથી તોડાવી લોખંડના સળિયા બારોબાર વેચી માર્યા

દીપક રાવલ-દાહોદ લીમખેડા

લીમખેડા તાલુકાના પ્રતાપપુરા ગામે ડુંગરી ફળિયામા ફળિયા કનેક્ટિવિટીનો 70 હજાર લીટરનો પાણીનો ટાંકો બનાવવામાં આવ્યો હતો પરંતુ હલકી કક્ષાની અને નબળી કામગીરીને કારણે સરકાર દ્વારા આ પાણીના ટાકાને તોડવાનો લેટર આપવામાં આવ્યો હતો.



પરંતુ માજી મહિલા સરપંચના પતિ નરેન્દ્ર ભાઈ પટેલે એજન્સી ને જાણ કર્યા વગર જેસીબી મશીન લાવી આ પાણીના ટાકાને તોડાવી લોખંડના સળિયા બારોબાર વેચી માર્યા હતા. જે વસ્તુ નહોતી તોડવાની ગ્રાઉન્ડ બીમ જેવી તે વસ્તુ પણ તોડી નાખી નુકસાન પહોંચાડેલ છે. પ્રતાપપુરાના માજી મહિલા સરપંચના પતિ નરેન્દ્ર ભાઈ પટેલે એજન્સી ને પૂછ્યા સિવાય જીસીબી બોલાવી પાણીનો ટાંકો કેમ તોડાવ્યો અને લોખંડના સળિયા કેમ વેચી માર્યા સરકારી મિલકતને બારોબાર કેમ વેચી મારી તેવા એજન્સી દ્વારા આક્ષેપ કરવામાં આવ્યા છે.

## સાપુતારા ખાતે નવનિર્મિત પોલીસ લાઈનનું વાસ્તુ પૂજન સહિત સત્યનારાયણ ભગવાનની કથા યોજાઈ

સુશીલ પવાર. ડાંગ

રાજ્યનાં એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે છેલ્લા ઘણા સમયથી પોલીસ લાઈનનું કામ ચાલી રહ્યુ હતુ. જો કે હવે સાપુતારા પોલીસ કર્મીઓ માટે અદ્યતન આવાસનું બાંધકામ પૂર્ણ થતા સાપુતારા પી.એસ.આઈ. એન.ઝેડ.ભોયાનાં નેજા હેઠળ આજરોજ નવનિર્મિત પોલીસ લાઈનનું વાસ્તુપૂજન તથા સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં



આવ્યુ હતુ.અહી બ્રાહ્મણનાં શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે હોમ હવન યજ્ઞ,આવાસની પૂજા સહિતનાં કાર્યક્રમો યોજાયા હતા.સાથે અહી સત્યનારાયણ ભગવાનની કથા પણ કરવામાં આવી હતી. સાપુતારા પોલીસ લાઇનનાં વાસ્તુપૂજા અને સત્યનારાયણ ભગવાનની કથામાં સાપુતારા પોલીસ મથકનો તમામ સ્ટાફ જોડાયો હતો.સાથે દરેક માટે પ્રસાદી તથા ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.આ પ્રસંગે ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક યશપાલ જગાણીયા,નાયબ પોલીસ અધિક્ષકોમાં એસ.જી.પાટીલ અને જે. એચ.સરવૈયા તથા સાપુતારા પોલીસ મથકનાં પી.એસ.આઈ એન. ઝેડ.ભોયા સહિતનાં પોલીસ કર્મીઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમને દીપાવ્યો હતો.

## ઉર્વશી કમલેશભાઇ વસાવાનું અપહરણ થયું

વડોદરા, તા.19

વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના નવી નગરીના કોઠિયા ગામ ખાતે રહેતા કમલેશભાઈ મેલાભાઈ વસાવાની પુત્રી ઉર્વશીનું તા. ૧૪/૦૪/૨૦૨૪ થી તા.૧૮/૦૪/૨૦૨૪ ના રોજ ૫.૦૦ બાદ કરજણના નાનીકોરલ ગામથી વિશાલ વિલાસ કામલે રહે નયાનગર, માહિમ વેસ્ટ, રાહેજા હોસ્પિટલની સામે, મુંબઈ મહારાષ્ટ્રના વતની દ્વારા લગ્ન કરવાના ઈરાદે અપહરણ કર્યું છે. ભોગ બનનારની ઉંમર ૧૪.૫ વર્ષ, મધ્યમ બાંધો, રંગે ઘઉં વર્ણ તેમજ ઊંચાઈ ૧૫૫ સે.મી.ની છે. તેને લીલા રંગનું ટોપ તેમજ કાળા રંગની લેંગી પહેરી છે. તે ગુજરાતી અને હિન્દી ભાષા જાણે છે. ભોગ બનનારની ભાળ મળ્યે કરજણ પોલીસ સ્ટેશનનો અથવા જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમ ફોન નં. ૦૨૬૫-૨૪૨૩૭૭૭/૨૪૨૩૮૮૮ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## અમરેલી જિલ્લા પોલીસ દ્વારા SPC ના બાળકો માટે સમર કેમ્પનુ આયોજન કરવામાં આવેલ

કિશોર આર. સોલંકી-જાફરાબાદ

પોલીસ અધિક્ષકશ્રી હિમકરસિંહની સૂચના અને માર્ગદર્શન મુજબ અમરેલી જીલ્લાની સરકારી શાળા ના સ્ટુડન્ટ પોલીસ કેડેટ પ્રોજેકટ સાથે જોડાયેલ વિધાર્થીઓ માટે તા.૦૯/૦૫/૨૦૨૪ થી તા.૧૫/૦૫/૨૦૨૪ દરમ્યાન શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા વિદ્યાસભા,અમરેલી ખાતે સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ આ કેમ્પમાં અમરેલીના તાલુકા કક્ષાએ જે સરકારી શાળામાં સ્ટુડન્ટ્સ પોલીસ કેડેટ પ્રોજેક્ટ કાર્યરત છે. તેવી શાળાના વિધાર્થી કુલ-૩૦૦ સાથે પોલીસ, શિક્ષકગણ પણ આ કેમ્પમાં જોડાયેલ છે.આ સમર કેમ્પ ના ટાઈમ-ટેબલ મુજબ ની દૈનિક પ્રવૃતિ કરાવવામાં આવે છે. જેમાં વહેલી સવારથી બાળકો પ્રભાતિયા સાથે વહેલા ઉઠી, સુર્યોદય



નિહાળવું, બાદ ઝુમ્બા ડાન્સ, પરેડ, ગૃપ કવીઝ, બાળકો દ્વારા સ્વઅભિવ્યકિતી , ઉર્મિગીત, વિશિષ્ટ વ્યકિતઓનું ઉદબોધન, રોલ પ્લે, પ્રેરણાદાયક ફિલ્મ,મોક પાર્લામેન્ટ, રમત-ગમત, સાંસ્કૃતિક કાર્યક્રમ, સફારી પાર્ક વિઝીટ, પોલીસ હેડ કવાટર્સ અમરેલીની વિઝિટ જેમાં હથિયાર નિદર્શન, અશ્વદળ વિભાગની વિજીટનું આયોજન કરવામાં આવેલ છે. આ સમર કેમ્પમાં બાળકો સ્ટુડન્ટ પોલીસ કેડેટ પ્રોજેકટના સમય-પત્રક મુજબની વિવિધ પ્રવૃતિઓમાં ભાગ લઈ, જેમાં બાળકોને વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે. બાળકો ખુબ જ આનંદ અને ઉત્સાહ સાથે સમર કેમ્પમાં ભાગ લઈ રહ્યા છે.તેમજ સમર કેમ્પના છેલ્લા દિવસે સમાપન કાર્યક્રમમાં સ્ટુડન્ટસ પોલીસ કેડેટસના બાળકો એ પોતાના અનુભવો વર્ણવ્યા હતા.

## દક્ષિણ વન વિભાગનાં વઘઈ રેંજની ટીમે ખીરામાણી મહારાષ્ટ્રનાં બોર્ડર પરથી ખેરનાં લાકડાનો જથ્થો જપ્ત

સુશીલ પવાર. ડાંગ

ડાંગ જિલ્લાનાં દક્ષિણ વન વિભાગનાં ડી.સી.એફ.રવિપ્રસાદ રાધાક્રિષ્નાનાં માર્ગદર્શન હેઠળ વઘઇ રેંજનાં વનકર્મીઓની ટીમે સરહદીય વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ હાથ ધર્યુ હતુ. તે દરમ્યાન મહારાષ્ટ્રની ઉમરથાણા રેંજનાં કર્મીઓને તથા દક્ષિણ ડાંગ વન વિભાગનાં વઘઇ રેંજનાં કર્મીઓને સરહદીય વિસ્તારમાંથી ખેરનો જથ્થો લઈ જવાઈ રહયો હોવાની બાતમી મળી હતી.જે બાતમીના આધારે વઘઇ રેંજ તથા મહારાષ્ટ્રનાં ઉમરથાણા રેંજનાં સંયુક્તક્રમે વોચ ગોઠવી હતી. પરંતુ તસ્કરોને વોચ ગોઠવવામાં આવેલ હોવાની ગંધ આવી જતા



અંધારામાં જ ખીરમાણી મહારાષ્ટ્ર બોર્ડર પર ખેરનાં 14 નંગ ખાલી કરી નાસી છૂટ્યા હતા.

જે અંગેની જાણ વઘઇ રેંજની વનકર્મીઓની ટીમને થતા તેઓ સ્થળ પર પહોંચ્યા હતા.અને ખેર નંગ-14 (ઘ.મી.0.808) નો મુદ્દામાલ ખીરમાણી મહારાષ્ટ્ર બોર્ડર ખાતેથી જપ્ત કરવામાં આવ્યો હતો.હાલમાં વઘઈ રેંજનાં ઈન્ચાર્જ આર.એફ.ઓ. સુનિલસિંહ વાઘેલા તથા રંભાસ રાઉન્ડ ફોરેસ્ટર કિરણ પટેલ દ્વારા ખેરનાં જથ્થાનો કબ્જો લઈ આ ખેરનાં લાકડા ક્યાંથી લવાયા તથા કોણ લઈ આવ્યુ તે અંગેની શોધખોળ સાથે વધુ તપાસ હાથ ધરી છે.

## સ્મિતાબેન સુરેશભાઈ વસાવાનું અપહરણ થયું

વડોદરા, તા.19

વડોદરા શહેરના વરણામા પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં આવેલ સરદાર ફળીયું કાયાવહોણ ખાતે રહેતા સુરેશભાઈ વસાવાની દિકરી સ્મિતાબેન સુરેશભાઈ વસાવા તા.૦૪/૦૫/૨૦૨૪ ના રોજ ૦૬.૦૦ વાગ્યાના અરસામાં કાયાવહોણ ગામનો જિતેશભાઈ ઉર્ફ સતીશ રમેશભાઈ વસાવા દ્વારા લગ્ન કરવાના બદ ઈરાદે અપહરણ થયું છે. ભોગ બનનારની ઉંમર ૧૬ વર્ષ,પાતળી કાઠીની, શ્યામ વર્ણની, તેમજ ઊંચાઈ ૫.૩ ફુટની છે. તેમજ શરીરે કપાળ ચપટુ તથા જમણા કાને જન્મથી સાધારણ કાણુ છે. શરીરે સફેદ કલરનું ટીપકીવાળું કોટી સાથેનો ડ્રેસ તથા કમરે લાલ કલરની લેંગીસ પહેરેલ છે. તે ગુજરાતી અને હિન્દી ભાષા જાણે છે. ભોગ બનનારની ભાળ મળ્યે વરણામા પોલીસ સ્ટેશન નં ૦૨૬૫-૨૪૩૨૬૦૪ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## અમદાવાદ અને સાબરમતી સ્ટેશનો પર ઠંડા પાણીનું વિતરણ

અમદાવાદ, તા.19

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન દ્વારા ઉનાળાની ઋતુમાં સ્ટેશનો પર આવતા મુસાફરો માટે રેલવે દ્વારા પીવાના શુદ્ધ પાણીની ઉપલબ્ધતા માટે વ્યાપક વ્યવસ્થા કરવામાં આવી છે. રેલ પ્રશાસન દ્વારા ઉનાળાની ઋતુમાં પીવાના શુદ્ધ પાણીના વ્યવસ્થાપન માટે સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓને યોગ્ય માર્ગદર્શિકા આપવામાં આવી છે. આ ઉપરાંત, એનજીઓ,સ્વૈચ્છિક સંસ્થાઓ અને સેવાલક્ષી સંસ્થાઓને પણ સ્ટેશનો પર કિઓસ્ક લગાવવાની પહેલ કરવાની અપીલ કરવામાં આવી છે. આ સાથે ખાસ કરીને સામાન્ય શ્રેણીના કોચ પાસે પાણી વિતરણ કરવા માટે સ્કાઉટ અને ગાઈડના સભ્યોનો પણ સહયોગ લેવામાં આવી રહ્યો છે.



અખિલ ભારતીય મારવાડી યુવા મંચ અમદાવાદના સભ્યો દ્વારા અમદાવાદ સ્ટેશન પર મુસાફરોને ઠંડા પાણીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. તેવી જ રીતે, 19/05/24 ના રોજ, સાબરમતી રેલવે સ્ટેશન ખાતે ઓરેન્જ ચેરીટેબલ ટ્રસ્ટ અને ભારત સ્કાઉટ્સ અને ગાઈડ્સના સભ્યો દ્વારા મફત ઠંડા પાણી અને દૂધના શરબતનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉનાળાની ઋતુમાં તેમના દ્વારા આ સેવા આપવામાં આવી રહી છે જેથી કરીને ભારે ગરમીથી પરેશાન મુસાફરોને રાહત મળી શકે.

ઉત્તર મધ્ય રેલ્વે

ઈ-ટેન્ડર સૂચના નંબર :- JHS-N-W-29-24 તારીખ :- 16-05-2024

ઈ-ટેન્ડરિંગ ટેન્ડર નોટિસ

સિનિયર ડિવિઝનલ સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર, નોર્થ સેન્ટ્રલ રેલ્વે ઝાંસી નીચેના કામ માટે ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી ઓનલાઈન (ઈ-ટેન્ડરિંગ) દ્વારા ઓપન ટેન્ડર આમંત્રિત કરે છે.

કામનું નામ:-ઝાંસી વિભાગના બીના-ધોલપુર વિભાગમાં કાટવાળું રેલ્વે ટ્રેક અને વોટર લોગિંગ ટ્રેક માટે એક્સલ કાઉન્ટર્સ દ્વારા વિવિધતાની જોગવાઈ.

લગભગ અંદાજીત ખર્ચ :- રૂ: 20201275.26, બાના રકમ :- 251000/-, ટેન્ડર ફોર્મ કિંમત :- શૂન્ય, ટેન્ડર ખુલવાની તારીખ :- 12-06-2024 સમય :- 15:00, સ્વીકૃતિ પત્ર મળવાથી કાર્ય પૂર્ણ કરવાની અવધિ :- 09 મહિના

ટેન્ડર 12-06-2024 ના રોજ 15:00 વાગ્યે સુધી જમા કરાવી શકાય છે . પૂર્ણ માહિતી માટે તેમજ ટેન્ડર પ્રસ્તુત કરવા માટે ભારતીય રેલવે ની વેબસાઈટ www.ireps.gov.in (ઉત્તર મધ્ય રેલવે /ઝાંસી વિભાગ/એસ એન્ડ ટી) પર જુઓ. 871/24 (A)

North central railways | www.ncr.indianrailways.gov.in | @northcentralrailway | @CPRONCR

ઉત્તર મધ્ય રેલ્વે

વિદ્યુત લોકો શેડ, કાનપુર

ઈ-ટેન્ડર સૂચના નંબર :- વરિ.મં.બિ.ઈન્જી./ચલસ્ટાક/વિ.લો.શેડ/કાનપુર/2023-24/આર.ઈ.ટી-10 તારીખ :- 16-05-2024

ઈ-ટેન્ડર સૂચના

સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, રોલિંગ સ્ટોક, નોર્થ સેન્ટ્રલ રેલ્વે, અનવરગંજ, કાનપુર નીચેના કામ માટે અને તેના વતી ઓપન ઈ-ટેન્ડર આમંત્રિત કરી રહ્યા છે, જે ટેન્ડર ખોલવાની તારીખ અને સમય સુધી પ્રાપ્ત થશે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે.

ટેન્ડર નંબર :- ELS-CNB-2023-24-RET-10, કાર્યનું વર્ણન:- નોર-બ્રેમસેમાં સ્થાપિત LRU નું ઓવર હૉલિંગ 03 વર્ષના સમયગાળા માટે ELS/CNB ખાતે 3 તબક્કાના લોકમોટરની સુધારેલ CCB બ્રેક સિસ્ટમ બનાવે છે.

અંદાજીત ખર્ચ (રૂ ):- 1,56,79,441.46 ( એક કરોડ છપ્પન લાખ ઓગણ્યાએંશી હજાર ચારસો એકતાલીસ રૂપિયા અને છેતાલીસ પૈસા માત્ર )

બિડ અનામત (રૂ:):- 2,28,400.00/- (બે લાખ અઠ્ઠાવીસ હજાર ચારસો રૂપિયા માત્ર )

કાર્ય પૂર્ણ કરવાની અવધિ :- 36 મહિના, ટેન્ડર ફોર્મની કિંમત (રૂ) :- શૂન્ય

ટેન્ડર ખુલવાની તારીખ અને સમય :- 10-06-2024 અને 15:30 કલાક, નોંધ :- 1. ઉપરોક્ત ઈ-ટેન્ડરોના ટેન્ડર દસ્તાવેજો અને ટેન્ડર ફોર્મ સાથેની સંપૂર્ણ માહિતી ટેન્ડર ખોલવાની નિયત તારીખ સુધી વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. 2. ઉપરોક્ત ટેન્ડરો સામે ઈ-બીડના સ્વરૂપ સિવાયની બિડ સ્વીકારવામાં આવશે નહીં. આ હેતુ માટે વિક્રેતાઓએ IT એક્ટ-2000 હેઠળ CCA દ્વારા જારી કરાયેલ ડિજિટલ હસ્તાક્ષર પ્રમાણપત્ર સાથે IREPS વેબસાઈટ પર પોતાને નોંધણી કરાવવાની જરૂર છે. 3. નાણાકીય દર પેજમાં દાખલ કરેલ અને યોગ્ય રીતે ડિજિટલી સહી કરેલ દરો ધ્યાનમાં લેવામાં આવશે. દરો અને અન્ય કોઈપણ નાણાકીય એન્ટિટી કોઈપણ અન્ય સ્વરૂપમાં/લેટર હેડમાં જો વિક્રેતાઓ દ્વારા જોડવામાં આવે તો તેને તરત જ અવગણવામાં આવશે અને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 4. જોડવાના તમામ ફોર્મ ટેન્ડરર દ્વારા સહી થયેલ હોવા જોઈએ. 5. ટેન્ડર નોટિસ ઉત્તર મધ્ય રેલવે ની વેબસાઈટ www.ncr.indianrailways.gov.in પર અપલોડ કરી દેવામાં આવી છે . 6. કોઈપણ પ્રકારની ટેકનિકલ સમસ્યાના ઉકેલ માટે IREPS વેબસાઈટની હેલ્પલાઈનનો સંપર્ક કરી શકાય છે. 873/24(K)

@CPRONCR | @northcentralrailway | North central railways | www.ncr.indianrailways.gov.in

ઉત્તર મધ્ય રેલ્વે

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ 06/2024 તારીખ :- 16-05-2024

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ

| ટેન્ડર નંબર | જથ્થો | ઈએમડી (રૂ) | ટેન્ડર ખુલવાની તારીખ |
|---|---|---|---|
| 13245340 | 04 નંગ | 137200/- | 11-06-2024 |

વર્ણન :- RDSO સ્પષ્ટીકરણ નંબર RDSO/SPN/165/2012 (ver 3.0) અથવા નવીનતમ અનુસાર SMPS આધારિત IPS (IPS - એકીકૃત પાવર સપ્લાય) સિસ્ટમ.

નોંધ :- 1. ઉપરોક્ત ઈ-પ્રોક્યોરમેન્ટના ટેન્ડરની સંપૂર્ણ માહિતી વેબસાઈટ https://www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. 2. ઉપરોક્ત ટેન્ડરો સામે ઈ-બીડના સ્વરૂપ સિવાયની બિડ સ્વીકારવામાં આવશે નહીં. આ હેતુ માટે વિક્રેતાઓએ IT એક્ટ-2000 હેઠળ CCA દ્વારા જારી કરાયેલ ડિજિટલ હસ્તાક્ષર પ્રમાણપત્ર સાથે IREPS વેબસાઈટ પર પોતાને નોંધણી કરાવવાની જરૂર છે. 3. નાણાકીય દર પેજમાં દાખલ કરેલ અને યોગ્ય રીતે ડિજિટલી સહી કરેલ દરો ધ્યાનમાં લેવામાં આવશે. દરો અને અન્ય કોઈપણ નાણાકીય એન્ટિટી કોઈપણ અન્ય સ્વરૂપમાં/લેટર હેડમાં જો વિક્રેતાઓ દ્વારા જોડવામાં આવે તો તેને તરત જ અવગણવામાં આવશે અને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 4. જોડવાના તમામ ફોર્મ ટેન્ડરર દ્વારા સહી થયેલ હોવા જોઈએ. 5. ડ્રોઈંગના ખર્ચ માટે વિનિધાન Z650 અને અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) જમા કરાવવા માટે વિનિધાન મિસેલેનિયસ સ્ટોર 00844517 છે. કોઈપણ પ્રકારની ટેકનિકલ સમસ્યાના ઉકેલ માટે IREPS વેબસાઈટની હેલ્પલાઈનનો સંપર્ક કરી શકાય છે. 875/24 FA

North central railways | @CPRONCR | @northcentralrailway | www.ncr.indianrailways.gov.in

ઉત્તર મધ્ય રેલ્વે

ઈ-ટેન્ડર સૂચના નંબર :- 2024 -મે -03 તારીખ :- 16-05-2024

ઈ-ટેન્ડર સૂચના

ડિવિઝનલ રેલ્વે મેનેજર/એન્જિનિયરિંગ/નોર્થ સેન્ટ્રલ રેલ્વે આગ્રા ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી નીચેના કામ માટે માત્ર ઓનલાઈન ઈ-ટેન્ડરિંગ દ્વારા ઓપન ટેન્ડર આમંત્રિત કરે છે.

ક્રમ નં :-1 | ટેન્ડર નંબર :- 2024- મે -03 -01 | અંદાજીત ખર્ચ (રૂ માં ):- રૂ: 32046910.80

કાર્યનું વર્ણન :- કિરાવલી, પાપારેરા અને નાદબાઈ સ્ટેશનો પર અપંગ લોકો માટે સુવિધાઓ અને ન્યૂનતમ જરૂરિયાતોની જોગવાઈ.

ક્રમ નં :-2 | ટેન્ડર નંબર :- 2024- મે -03 -02 | અંદાજીત ખર્ચ (રૂ માં ):- રૂ: 22516488.32

કાર્યનું વર્ણન :- પથૌલી (50 KL), મિધાકુર (50 KL), કિરાબલી (50 KL), બંધ બરીથા (50 KL) અને બંશી પહારપુર (50 KL) ખાતે ઈદગાહ-બયાના વિભાગમાં પ્લેટફોર્મ પર પાઈપલાઈનની વ્યવસ્થા સાથે બોરવેલ અને RCC ઓવર હેડ ટાંકીની જોગવાઈ કેએલ) અને ઓલેંડા, નાગલા તુલા, બિરમાબાદ, સિંગરપુર હોલ્ટ સ્ટેશનના પ્લેટફોર્મ પર 4 નગ્ન હેન્ડપંપની જોગવાઈ.

ક્રમ નં :-3 | ટેન્ડર નંબર :- 2024- મે -03 -03 | અંદાજીત ખર્ચ (રૂ માં ):- રૂ: 28062096.43

કાર્યનું વર્ણન :- મંડવર મહવા રોડ (100 KL), ઈકરાન (50 KL), પાપારેરા (50 KL) અને હેલક (50 KL) અને BHOI ખાતે ઈદગાહ-બંદીકુઈ વિભાગમાં પ્લેટફોર્મ પર પાઈપલાઈનની વ્યવસ્થા સાથે બોરવેલ અને RCC ઓવર હેડ ટાંકીની જોગવાઈ- ઈટાવા વિભાગમાં ફતેહાબાદ (110 KL), ઉદી મોડ (50 KL) અને નોહ બછમડી, તલચેરા, ભુડા હોલ્ટ સ્ટેશનના પ્લેટફોર્મ પર 3 નગ્ન હેન્ડપંપ.

ટેન્ડર સબમિટ કરવા અને ટેન્ડર વિશે સંપૂર્ણ માહિતી માટે, ભારતીય રેલ્વેની વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. ટેન્ડર 10-06-2024 ના રોજ 15:00 કલાક સુધી વેબ પોર્ટલ www.ireps.gov.in દ્વારા જ સબમિટ કરી શકાય છે. 879/24 (A)

North central railways | www.ncr.indianrailways.gov.in | @northcentralrailway | @CPRONCR

## ચાની લારી ચલાવતા વ્યક્તિને રૂ.49 કરોડની પેનલ્ટી ભરવા ITની નોટિસ

પાટણ, તા.19

ગુજરાતના પાટણ શહેરમાં ચાની લારી ચલાવતા વ્યક્તિને રૂ.49 કરોડની પેનલ્ટી ભરવા ITની નોટિસ આવી છે. જેમાં પાન કાર્ડ માટે બીજાને ડોક્યુમેન્ટ આપવા ભારે પડ્યા છે. તેમાં ડોક્યુમેન્ટથી બેન્કમાં ખાતું ખોલી હવાલાના વ્યવહાર થયા છે. જેમાં વર્ષ 2014થી 2016માં થયેલા નાણાં વ્યવહારને લઈ નોટિસ આપવામાં આવી છે.

અલ્પેશ પટેલ અને વિપુલ પટેલને 10 વર્ષ અગાઉ ડોક્યુમેન્ટ આપ્યા હતા પાટણ નવાગજ બજારમા ચાની લારી ચલાવતા ખેમરાજ દવેને ટેક્ષ અને પેનલ્ટી ભરવા આઈટીની 49 કરોડની નોટિસ છે. ખેમરાજ દવેએ પાન કાર્ડ કઢાવવા ગજબજારમાં પેઢી ચલાવતા અલ્પેશ પટેલ અને વિપુલ પટેલને 10 વર્ષ અગાઉ ડોક્યુમેન્ટ આપ્યા હતા. તેમાં ગજબજારમા પેઢી ચલાવતા બન્ને ભાઈઓએ ડોક્યુમેન્ટનો દૂર ઉપયોગ કરી અલગ અલગ બેંકમા ખાતા ખોલાવી હવાલા વ્યવહાર કર્યા હતા. બંને ભાઈઓએ વર્ષ 2014-15 અને વર્ષ 2015-16 મા થયેલ નાણાં વ્યવહારને લઈ ઈન્કમ ટેક્સ વિભાગ દ્વારા નોટિસ અપાઈ છે. ચાની લારી ચલાવતા ખેમરાજ દવેને નોટિસ મળતા તેવોએ બંને ભાઈઓ વિરુધ પાટણ બી ડિવીજન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

## અમદાવાદમાં ઈ-મેમા નહીં ભરનારા 1.47 લાખ વાહનચાલકોને હવે સમન્સ

અમદાવાદ, તા.19

અમદાવાદમાં ઈ-મેમા નહીં ભરનારા 1.47 લાખ વાહનચાલકોને હવે સમન્સ આવશે. જેમાં શહેરના 1.57 લાખ વાહનચાલકોમાંથી 1.47 લાખ લોકોએ મેમો અવગણ્યો છે.

કુલ 15 કરોડની રકમના મેમો સામે માત્ર 2.34 કરોડનો દંડ વસૂલાયો છે. નોટિસ મોકલવા છતા માત્ર 9420 લોકોએ દંડ ભર્યો છે. ઈ-મેમોના દંડ ન ભરનાર 1.57 લાખ વાહનચાલકો સામે પોલીસે કેસ કર્યા શહેરમાં દિવસને દિવસે ટ્રાફિકની સમસ્યા વકરી રહી છે બીજી તરફ ટ્રાફિક પોલીસ નિયમોનું પાલન ન કરતા વાહનચાલકો સામે ઈ-મેમો આપીને કાર્યવાહી કરી રહી છે. હાલમાં વર્ષ 2023માં ઈ-મેમોના દંડ ન ભરનાર 1.57 લાખ વાહનચાલકો સામે પોલીસે કેસ કર્યા હતા.

## મહીસાગર જિલ્લા કલેકટર શ્રીમતી નેહા કુમારીએ લુણાવાડા સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી



જગદીશ ત્રિવેદી-ખારોલ

આજરોજ કલેકટર શ્રીમતી નેહા કુમારીએ લુણાવાડા ખાતેની સિવિલ હોસ્પિટલની રૂબરૂ મુલાકાત લીધી હતી જેમાં સિવિલ સુપ્રીટેન્ડેન્સીશ્રી ,પ્રાંત અધિકારી શ્રી ,સીડીએમઓ ,સ્ટેટ ક્યુએમો નવનિર્મિત સિવિલ હોસ્પિટલ ના પિ.આઈ.યું ના નાયબ ઈજનેરશ્રીઓ ,એમજીવીસીએલ ના કર્મચારી શ્રી તેમજ સંલગ્ન અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા.

ગત છ માસમાં નવીન ઊભું કરેલ ન્યુ બોન બાળકો માટે નું SNCU જેમાં કુલ ૩૫૦ થી વધુ નવજાત શિશુ ની સારવાર કરવામાં આવેલ છે તેમજ નવીન પીડીયાટ્રીક વોર્ડમાં 500 થી 600 બાળકોની સારવાર કરવામાં આવેલ તથા મહિલા પ્રસુતિનો દર 100 થી વધી 200 સુધી પહોંચ્યો છે ,જે અંગેની સમીક્ષા કરી સુચના આપવામાં આવી હતી.

કલેકટર શ્રીમતી નેહા કુમારી દ્વારા હોસ્પિટલમાં દાખલ દર્દીઓ પાસેથી સારવાર અંગેની વિગતો મેળવી તેઓને મળતી સેવાઓ અંગે સમીક્ષા કરી. તેમજ આ બાબતે સિવિલ સુપ્રીટેન્ડેન્ટ શ્રી તેમજ તેમના સ્ટાફને ઘટતી સૂચના આપી

વધુમાં નવનિર્મિત સિવિલ હોસ્પિટલ બિલ્ડીંગ ના પીઆઈઓ શ્રી ના નાયબ ઈજનેર ને તાત્કાલિક નવીન બિલ્ડીંગ સુપ્રત કરવા સૂચના આપી તેમજ પ્રાંત અધિકારીશ્રીની અધ્યક્ષતામાં એક કમિટી બનાવી નવનિર્મિત બિલ્ડીંગ કાર્યરત થાય તેમ જ દૈનિક મોનિટરિંગ થાય તે હેતુસર તેમજ નવનિર્મિત હોસ્પિટલ ખાતે આવનાર લુણાવાડા ખાતે આવનાર દર્દીઓને સારામાં સારી મેડિકલ સુવિધા મળી રહે તે માટે સૂચના તેમજ અમલવારી કરવા જણાવવામાં આવ્યું.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### હાલમાં માર્કેટમાં ઠલવાતી કેરી અપરિપક્વ અને મોંઘી : સતત બદલાતા વાતાવરણ સાથે કેરીની આશા હવે નઠારી નીવડે તો નવાઈ નહી...

# મધઝરતી કેરી બેસ્વાદ થઈ : નવસારીની કેરી ખાવી હોય તો 25મી મે પછીના યોગ



(એજન્સી) નવસારી | તા.19

આ વખતે પડેલી ગરમીથી સમગ્ર માનવજાત ઉકળાટ અનુભવે છે, પરંતુ એ વિચારે થોડી રાહત હોય છે કે ઉનાળામાં જીભને જલસા કરાવતી કેરીના સબડકા લેવાનો આનંદ મળશે. પણ બદલાયેલા વાતાવરણે મનુષ્ય પાસેથી આ વખતે મજા પણ છીનવી લીધી છે. કારણ કે શરૂઆતમાં પડેલી ગરમીને કારણે આમ્રમંજરી ઉપર સીધી અસર થઈ હતી. જે બાદ પહેલા ફાલનો પાક તો માર્કેટમાં ઠલવાયો અને વેચાયો પણ હતો, પરંતુ બીજા ફાલનો પાક અપરિપક્વ રહ્યો છે જે ગ્રાહકો ઘરે લઈ ગયા બાદ પાકતો નથી જેથી કેરીનો સાચો સ્વાદ માણવો હોય તો 25 મી મે બાદ ખરીદી કરી શકાય એવો આગ્રહ ખેડૂતો અને વેપારીઓ રાખી રહ્યા છે.

સતત બદલાતા વાતાવરણ સાથે કેરીની આશા હવે નઠારી નીવડે તો નવાઈ નહી. જેમાં પણ છેલ્લા થોડા દિવસોથી પવનો સાથે માવઠાની અસર વર્તાતા ખેડૂતોની ચિંતા વધી છે. બીજી તરફ નવસારી APMCમાં ચાર દિવસોથી સતત કેરીના ભાવમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. જેથી વાતાવરણના મારને કારણે ખેડૂતોને ભાવ ઓછા મળતા આર્થિક નુકસાની વેઠવાનો વારો આવ્યો છે.

નવસારી જિલ્લાના કેરી પકવતા ખેડૂતો માટે વર્ષની મોસમ શરૂઆતથી જ નબળી રહી છે. નવેમ્બર - ડિસેમ્બર 2023માં કેરી ઉપર ફ્લાવરિંગ થવાના દિવસોમાં પડેલા માવઠાએ આમ્રમંજરી ઉપર અસર વર્તાવી હતી. ત્યારબાદ ફેબ્રુઆરી-માર્ચ મહિનામાં પડેલી ગરમીએ સુકારા અને ખરણ વધતા આંબાવાડીમાં 40 થી 50 ટકા જ પાક રહેવાની સંભાવના સેવાઈ હતી. જોકે થયું પણ એવું જ એપ્રિલ મહિનામાં ગરમીનો પારો સતત 38 થી 42 ડિગ્રી જેટલો ઊંચો રહેતા કેરીનાં ફળ નાનાં રહી ગયાં હતાં. પાછળના ફ્લાવરિંગની પણ હાલમાં આશા બંધાઈ હતી, પણ હાલમાં તોફાની પવનો સાથે થયેલા માવઠાએ જે 30 થી 40 ટકા કેરીનો પાક બચ્યો હતો, એમાં પણ ખેડૂતોની ચિંતા વધી છે. બીજી તરફ બજારમાં વાતાવરણના બદલાવને કારણે કેરીના ભાવમાં પણ સતત ઘટાડો થઈ રહ્યો છે. જેના પાછળ વાતાવરણ સાથે જ નાના અને અપરિપક્વ ફળ તોડીને બજારમાં ઠલવાઈ રહ્યાં છે. જે ગ્રાહક ખરીદે અને 80 ટકા કેરી પાકતી નથી, તેથી ગ્રાહકો પણ ફરી ખરીદી કરવા નીકળતા ન હોવાનું ખેડૂતો અનુમાન લગાવી રહ્યા છે. જોકે 25 મે પછી કેરીનો સારો ફાલ ઊતરશે, એવી આશા પણ ખેડૂતો સેવી રહ્યા છે.

કેરીના પાકને વધુ ગરમી માફક આવતી નથી. પરંતુ છેલ્લાં ત્રણ વર્ષોથી વાતાવરણમાં ગરમી વધી છે, જેથી ડિસેમ્બરને બદલે આંબાવાડીઓમાં ફ્લાવરિંગ મોડું આવવાથી સિઝન પણ 15 થી 25 દિવસ મોડી શરૂ થાય છે.

## ન્યૂઝ કોર્નર

### રાજસ્થાનમાં અકસ્માતમાં તાલાલા પંથકના તબીબ સહિત બેના મોત...

તાલાલા | તાલાલા પંથકના મોરૂકા ગીર તથા સુરવા ગીર ગામે રહેતાં પાંચ પિતરાઈ ભાઈઓ ચાર ધામની યાત્રાએથી પરત આવતા હતા. ત્યારે રાજસ્થાનમાં તેમની કારને મેટાડોરે હડફેટે લેતા અકસ્માતમાં સુરવાગીર ગામે રહેતાં તબીબ તથા મોરૂકા ગીર ગામે રહેતા તેના પિતરાઈ ભાઈ સહિત બેના મોત નીપજ્યા હતાં. જ્યારે અન્ય ૩ ભાઈઓને ઈજા થઇ હતી. અકસ્માતના પગલે બન્ને ગામોમાં શોક વ્યાપ્યો છે. પાંચ પિતરાઇ ભાઈઓ તા.૭મી મેના રોજ મતદાન કરી ચારધામની યાત્રાએ ગયા હતા.યાત્રા પુરી કરી હરિદ્વાર થી પરત ગુજરાત આવતા હતા. આ દરમ્યાન રાજસ્થાનના બુંદી જિલ્લાના નેશનલ હાઈવે ઉપર હિંડોલી ગામ પાસે અમરતીયા મોર્ડન સ્કૂલ પાસે ગુરુવારે વહેલી સવારે છ વાગ્યે ગમખ્વાર અકસ્માત નડયો હતો.

### ખનીજ ચોરી અંગેના ફોટા પાડી રહેલા યુવાન ઉપર પાંચ શખ્સો દ્વારા હુમલો

જામનગર | જોડિયા તાલુકાના ભાદરા ગામની ઊંડ નદીમાં ગેરકાયદે રીતે ખનીજ ચોરી કરી રહેલા ખાણ માફિયાઓને ઉઘાડા પાડવા માટેની ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી કરી રહેલા માલધારી યુવાન પર પાંચ શખ્સોએ છરી અને ધોકા વડે હુમલો કરી દીધો હતો, તેમજ તેના ત્રણ મોબાઈલ ફોન તોડી નાખ્યા હતા. જે મામલે જોડીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાતાં ભારે ચકચાર જાગી છે. ધ્રોલ તાલુકાના માવાપર ગામના વતની અને પશુપાલનનો વ્યવસાય કરતા ગોકળભાઈ વહાણભાઈ વરુ નામના ૩૬ વર્ષના યુવાન દ્વારા ખનીજ ચોરી અટકાવવા બાબતે ખાણ ખનીજ વિભાગની ફ્લાઈંગ સ્કવોર્ડને જરૂરી માહિતી પૂરી પાડવામાં આવતી હતી. જેણે પોતાના જુદા જુદા ત્રણ મોબાઈલ ફોન મારફતે જોડિયા તાલુકાના ભાદરા ગામની સીમ વિસ્તારમાં આવેલી ઉંડ નદીમાં ગેરકાયદે ખનીજ ની ચોરી થતી હોવાથી તેનું વિડીયો શુટીંગ તેમજ ફોટોગ્રાફી કરી રહ્યા હતા.

# જનતાનો આક્રોશ જાગે ત્યારે ભલભલી સત્તા ભાગે

## રાજકોટથી શક્તિસિંહે ભાજપને આડેહાથે લીધી, કહ્યું-સ્માર્ટ મીટરના નામે લૂંટ, અંધભક્તોને કારણે ભાજપનો અહંકાર આસમાને

(એજન્સી) રાજકોટ | તા.19

લોકસભા ચૂંટણીઓ પૂર્ણ થયા બાદ આજે પ્રથમવાર કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલ રાજકોટની મુલાકાતે આવ્યા હતા. અહીં શહેર અને જિલ્લાભરના કાર્યકરો અને આગેવાનો સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ તકે મીડિયા સાથેની વાતચીતમાં તેમણે બૂથ મેનેજમેન્ટમાં કોંગ્રેસથી કચાશ રહી હોવાનો સ્વીકાર કર્યો હતો અને અદાણીને ફાયદો અપાવવા સ્માર્ટ મીટર લગાવવામાં આવી રહ્યા હોવાનો આરોપ લગાવ્યો હતો. તેમજ પેટ્રોલ 500 થાય તો પણ મોદી જોઈએ, આવું કહેનારા અંધભક્તોને કારણે ભાજપનો અહંકાર આસમાને હોવાનું જણાવી પ્રજા તેને જવાબ આપશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. સાથે જ ઈફ્કો મુદ્દે જણાવ્યું હતું કે, સહકારમાં ક્યારેય મેન્ડેટ પ્રથા હોતી નથી. આ વાતનો અહેસાસ કરાવનારાઓને અભિનંદન આપ્યા હતા.

શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, કોંગ્રેસને લોકોના આશીર્વાદથી વર્ષો સુધી સત્તા મળી છે. લોકોએ સત્તા પરથી દૂર કર્યા તો કોંગ્રેસે વિપક્ષની સારી ભૂમિકા પણ ભજવી છે. અંગ્રેજોએ જેટલું ઝેર રેડાતું હતું એટલું રેડ્યું, દેશને લૂંટાય તેટલો લૂંટ્યો. આવી ખરાબ સ્થિતિમાં કોંગ્રેસને સત્તા મળી ત્યારે કોઈને પણ દોષ દીધા વગર દેશના વિકાસને આગળ વધાર્યો હતો અને જ્યાં સોય પણ બનતી નહોતી, ત્યાં IIT અને IIM જેવી સંસ્થાઓ કોંગ્રેસે શરૂ કરી હતી. આ 70 વર્ષમાં થયેલાં કોંગ્રેસનાં કામો છે.



સ્માર્ટ મીટરને લઈ ભાજપ પર પ્રહાર...

સ્માર્ટ મીટરના વિવાદ અંગે તેમણે જણાવ્યું હતું કે, આ અદાણી પાસેથી મોંઘા ભાવે વીજળી લઈને લોકોને લૂંટવાનો કારસો છે. ચૂંટણી પહેલાં સ્માર્ટ મીટર કેમ ના લગાવ્યા ? સ્માર્ટ મીટરના નામે ભાજપ જે કરે છે તે પણ જનતા ઉપર બોજો છે. ભાજપ કહે છે કે, સ્માર્ટ મીટર લોકોના ફાયદા માટે છે. તો ખરેખર લોકોને ઓપ્શન આપવું જોઈએ.

જેને ફાયદો જોઈએ તે સ્માર્ટ મીટર લેશે અને બાકીનાને જૂના મીટર યથાવત્ રાખવાની છૂટ આપવી જોઈએ. વસ્તુ લીધા પહેલાં GST ભરવા જેવી વાત સ્માર્ટ મીટરમાં છે. પ્રિપેડ એટલે કે પહેલાં નાણાં ચૂકવવાના અને GST પણ ચૂકવી દેવાનો અને પછી વીજળી વાપરવા મળે તે ચાલી શકે નહીં. આ સાથે તેવું પણ જણાવ્યું કે, જનતાનો આક્રોશ જાગે ત્યારે ભલભલી સત્તા ભાગે.

### મેન્ડેટ પ્રથાને લઈને પણ શક્તિસિંહે વાત કરી

ઈફ્કો અંગે તેમણે જણાવ્યું કે, સહકારમાં ક્યારેય મેન્ડેટ પ્રથા હોતી નથી. સહકારનો અર્થ જ છે કે બધા સાથે મળીને કામ કરે ત્યારે તેમાં મેન્ડેટ પ્રથાનો કોઈ સવાલ જ રહેતો નથી. ભાજપ પ્રદેશ પ્રમુખે મેન્ડેટનો ડંડો ચલાવ્યો છે,

ત્યારે હું એવા લોકોને અભિનંદન આપું છું કે જેમના કારણે મેન્ડેટ બંધ કરવા પડ્યા છે. આમ કહીને જયેશ રાદડિયા અને દિલીપ સંઘાણીને આડકતરું સમર્થન પણ શક્તિસિંહ ગોહિલે આપ્યું હતું. તેમજ સહકારમાં મેન્ડેટ પ્રથાને અયોગ્ય ગણાવી હતી. તો બૂથ લેવલની જે ખામી રહી ગઈ છે તેને લઈને પ્રથમ રાજકોટ તેમજ ત્યારબાદ ભાવનગરમાં કાર્યકર્તાઓ અને અગ્રણીઓ સાથે ચર્ચા કરવામાં આવનાર હોવાનું જણાવ્યું હતું.

### રોહિત સહિતના આરોપીઓ સામે ગુનો...

# અંત્રોલીમાં દારૂના ધંધામાં બુટલેગરની કાર પર બે રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું...

(એજન્સી) સુરત | તા.19

સુરત જિલ્લાના પલસાણા તાલુકાનાં અંત્રોલી ગામે ભૂરી ફળિયામાં શનિવારના રોજ મળસ્કે ત્રણ વાગ્યાની આસપાસ લિસ્ટેડ બુટલેગર ઈશ્વર વાંસફોડિયા તેના ઘરની આગળ પરિવાર સાથે બેઠો હતો. ત્યારે સુરતના માથાભારે બુટલેગર દુર્ગેશ તેમજ પ્રવીણ વાંસફોડિયા સહિતના સાગરીતોએ ઈશ્વર વાંસફોડિયાની ગાડી ઉપર બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. દારૂના ધંધાની અદાવતમાં ફાયરિંગ કરાયું હોવાનું સામે આવ્યું છે.



મૂળ અંત્રોલીનો અને હાલ ઓલપાડના અટોદરા સ્વર્ગ રેસિડેન્સીમાં રહેતો બુટલેગર ઈશ્વર વાંસફોડિયા શુક્રવારે રાત્રિ નિયોલ ચેકપોસ્ટ થઈને નવા રીંગ રોડ પરથી પસાર થતો હતો, ત્યારે વાંકાનેડાનો બુટલેગર પ્રવીણ વાંસફોડિયા, પરવત પાટિયાનો બુટલેગર દુર્ગેશ રાજભર અને કરણે ઈશ્વરની ગાડી ઊભો રાખવાના પ્રયત્ન કર્યા હતા. દુર્ગેશે ઈશ્વર વાંસફોડિયાની ગાડીમાં લાકડીનો સપાટો માર્યો હતો. રાત્રે 3 વાગ્યે ઈશ્વર ઘરની આગળ ભૂરી ફળિયામાં બેઠો હતો ત્યારે દુર્ગેશ, પ્રવીણ વાંસફોડા, સતિશ રાઠોડ રોહિત દિનેશ વાંસફોડિયા અને કાર્તિક વાંસફોડિયા, તેજશ વળવી ઈશ્વર વાંસફોડિયાના ઘરે આવ્યા હતા. આ દરમ્યાન ઈશ્વરનો ભત્રીજો જયપ્રકાશ તેમના તરફ એસયુવી કાર પૂરઝડપે લઈ જતાં વર્ના કારમાં બેસેલા ઈસમોએ ગાડી ઉપર બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. ગોળી એસયુવી કારના આગળના કાચમાં વાગી હતી. ઈશ્વરે નોંધાવેલી ફરિયાદ મુજબ દુર્ગેશ અને પ્રવીણ પાસે રૂપિયા લેવાના હોય જેની ઉઘરાણી કરતાં બંનએ તેની અદાવતમાં ફાયરિંગ કર્યું છે. ઈશ્વર, પ્રવીણ અને દુર્ગશ લિસ્ટેડ બુટલેગરો છે. સુરત શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં વિદેશી દારૂની હેરાફેરી કરે છે અને જે ધંધાની હરીફાઈમાં સમગ્ર ઘટના બની હોવાની ચર્ચા ચાલી રહી છે.

# ગોકળપુરાના માજી સરપંચની હત્યા, પોલીસ પર પથ્થરમારો, ટીયર ગેસના 8 સેલ છોડાયા

વડોદરા | શહેરા તાલુકાના ગોકળપુરામાં ખેતરમાં ભેલાણ ન કરવા અંગે પૂર્વ સરપંચની લાકડીના ફટકા મારીને હત્યા કરાઈ હતી. શહેરા પોલીસ મથકે ત્રણ આરોપીઓ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધાયો હતો. પોલીસ દ્વારા ગણતરીના કલાકોમાં જ હત્યાના ગુનાના મુખ્ય આરોપી ચંદુ ભરવાડને ઝડપી પડ્યો હતો. બીજી તરફ ગોકળપુરા ગામમાં લોકો દ્વારા મૃતદેહના અંતિમ સંસ્કાર હત્યા કરનાર આરોપીના ઘરે જ કરવાની માંગ સાથે પોલીસ ઉપર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. પથ્થરમારાની ઘટનામાં બે પોલીસ જવાનોને ઈજા પહોંચી હતી. જ્યારે પોલીસે ટોળાને વિખેરવા માટે ટિયર ગેસના 8 સેલ છોડ્યા હતા. પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ગોકળપુરા ગામે ગુરૂવાર બપોરના સમયે ગોકળપુરા ગામની સીમમાં આવેલા એક ખાનગી માલિકીના ખેતરમાં પશુઓ ભેલાણ કરી રહ્યા છે. અને તેમ ન કરવાનું જણાવનાર ગામના પૂર્વ સરપંચ દિનેશ બારીયાએ કહ્યુ હતું. બોલાચાલી બાદ લાકડીના ફટકા દિનેશભાઈ બારીયાના માથાના અને મોઢાના ભાગે પશુ ચરાવનાર ઈસમો દ્વારા મારવામાં આવતા દિનેશભાઈ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

# પોરબંદર પાસે બસ અને ટેન્કર અથડાતા 35થી વધુ યાત્રિકો ઘાયલ

(એજન્સી) પોરબંદર | તા.18

પોરબંદરના ત્રણ માઈલ નજીક ધોલેરાની યાત્રાળુ બસ અને ટેન્કર વચ્ચે અકસ્માત સર્જાતા ૩૫થી વધુ યાત્રાળુઓ ઘાયલ થયા હતા. અને ઘવાયેલા મુસાફરોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સરકારી હોસ્પિટલે લવાયા હતા.

બનાવની વિગત એવી છે કે, અમદાવાદના ધોલેરા ખાતેથી યાત્રાળુ બસ સૌરાષ્ટ્રના જુદા જુદા યાત્રાધામોના પ્રવાસ અર્થે નીકળી હતી અને આ બસ પોરબંદરના ત્રણ માઈલ નજીક નેશનલ હાઈવે ઉપર પહોંચી ત્યારે પાણીના ટેન્કર સાથે તેનો ગમખ્વાર અકસ્માત થતા યાત્રાળુઓની ચીસથી હાઈવે ગુંજી ઉઠયો હતો. બસમાં સવાર અંદાજે ૩૫ થી વધુ મુસાફરોને નાની મોટી ઈજાઓ થઈ હતી તેથી ૩ જેટલી ઈમરજન્સી સેવા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે સરકારી ભાવસિંહજી હોસ્પિટલે ખાતે લાવવામાં આવ્યા હતા. બનાવની જાણ થતાં હેલ્થ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન રામદેવભાઈ મોઢવાડીયા સહીત આગેવાનો યાત્રાળુઓની મદદ માટે હોસ્પિટલે દોડી ગયા હતા તો બીજી બાજુ પોલીસ પણ ઘટના સ્થળે અને દવાખાને દોડી ગઈ હતી તો બીજી બાજુ મુસાફરોના નિવેદન લેવાની કાર્યવાહી હાથ ધરવામા આવી હતી.

# પ્લેટફોર્મ નં-7 નજીક ઝાંડી ઝાંખરમાં આગ લાગતા સ્થાનિકો અગ્નિશામક લઈ દોડી ગયા

(એજન્સી) વડોદરા | તા.19

વડોદરા રેલવે સ્ટેશન પાસે હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટની કામગીરી ચાલી રહી છે, ત્યારે આજે વડોદરા રેલવે સ્ટેશનના જુના પ્લેટફોર્મ નંબર-7 પાસે આજે બપોરે રેલવે ટ્રેકની બાજુમાં સૂકાઈ ગયેલા જંગલી ઝાડીઓમાં આગ ફાટી નીકળી હતી અને આગ ધીમે ધીમે આગ પ્રસરવા લાગી હતી. ઝાડીઓમાં આગ દેખાતા જ પ્લેટફોર્મ નંબર-7ની આસાપાસના લોકો સ્થળ પર દોડી ગયા હતા અને રેલવે સ્ટેશન પર લગાવેલા એક્સ્ટ્રીયુઝર લઈને ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને એક્સ્ટ્રીગ્નુઝરની મદદથી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ શરૂ કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, આગના બનાવની જાણ ફાયર બ્રિગેડને પણ કરી દેવામાં આવી હતી. પરંતુ, ફાયર બ્રિગેડના લશ્કરો સ્થળ પર પહોંચે તે પૂર્વે જ સ્થાનિક કર્મચારીઓએ આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ શરૂ કર્યા હતા. જોકે, ફાયર બ્રિગેડની ટીમ દોડી ગઈ હતી અને સતત પાણીનો મારો ચલાવીને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

અત્રે નોંધનીય બાબત એ પણ છે કે, જ્યારે આગ લાગી તે સમય દરમિયાન કોઈ ટ્રેન પસાર ન થતા રેલવે તંત્રએ હાશકારો અનુભવ્યો હતો. તે સાથે ફાયર બ્રિગેડે રાહત અનુભવી હતી. સમયસર આગ કાબૂમાં આવી જતા મોટી દુર્ઘટના ટળી ગઈ હતી.

ઉલ્લેખનીય છે કે, બે દિવસ પહેલા જ વડોદરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 7 પાસે આવેલા ઝાડી ઝાંખરામા આગ લાગતા નાસભાગ મચી હતી. આગની જાણ થતા જ રેલવે સ્ટેશન ઉપર જનરલ કોચના મુસાફરોને પાણી વિતરણ કરી રહેલા સ્કાઉટના વિદ્યાર્થીઓ આગ ઉપર કાબુ મેળવવા દોડી ગયા હતા.

# રાજકોટમાં 22મેથી સાંઢિયા પુલ પર વાહન વ્યવહાર બંધ થશે...

(એજન્સી) રાજકોટ | તા.19

રાજકોટનાં જામનગર રોડ પર આવેલા સાંઢિયા પુલનું નવીનીકરણ કરી નવો ફોરલેન બ્રિજ બનાવવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત સૌપ્રથમ પુલને ડીસમેન્ટલ (તોડવા) માટેની કામગીરી કરવામાં આવનાર છે. આ માટે તારીખ 22મેથી તમામ પ્રકારના વાહનોની અવરજવર સદંતર બંધ કરવા આદેશ કરવામાં આવ્યો છે. પોલીસ કમિશનરે રાજુ ભાર્ગવે જુદાં-જુદાં વાહનો માટેના વૈકલ્પિક રસ્તાનું જાહેરનામું બહાર પાડ્યું છે. જેનો ભંગ કરનાર વાહન ચાલક મોટર વાહન અધિનિયમ તેમજ IPCની કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. ટુ-વ્હીલર વાહનો, કાર, એમ્બુલેન્સ, જેવા તમામ પ્રકારના લાઈટ વેઈટ વ્હીકલ વાહનો હોમ ફોર બોયઝ (પેટ્રોલ પંપ)થી ભોમેશ્વર રોડથી ભોમેશ્વર ફાટકથી ભોમેશ્વર મંદિરથી જામનગર રોડ તરફ જઈ શકશે. (ટુ-વ્હીલર સિવાયના તમામ વાહનો માટે વન-વે રહેશે) અગાઉ આ બ્રીજ ટ્રાયલ માટે બંધ કરવામાં આવ્યો હતો. જેમાં ટ્રાફિકજામ સર્જાયો હતો. જેને લઈને હોમ ફોર બોયઝ (પેટ્રોલ પંપ)થી ભોમેશ્વર રોડ, ભોમેશ્વર ફાટકથી ભોમેશ્વર મંદિરથી જામનગર રોડ તરફ જતા રસ્તાને ટુ-વ્હીલર સિવાય તમામ વાહનો માટે વન-વે રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તો એસટી બસ સહિતના હેવી વાહનો, કાર તેમજ એમ્બ્યુલન્સ માટે અલગ વૈકલ્પિક રસ્તાઓ જાહેર કરવામાં આવ્યા છે.

**બ્રેકિંગ ન્યૂઝ**

### આયુર્વેદિક ત્રણ રસ્તા પાસે બિલ્ડર પર હુમલો કરી ધમકી આપી....

વડોદરા | આયુર્વેદિક કોલેજ પાસે બિલ્ડર સાથે ઝઘડો કરી લોખંડની સ્ટીકથી હુમલો કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જે અંગે પાણીગેટ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. આયુર્વેદિક કોલેજ પાસે ઉદ્યોગ નગર સોસાયટીમાં રહેતા બિલ્ડર અભિષેક હરિશંકરભાઈ તિવારીએ પાણીગેટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે તેણે મારી સાથે ઝઘડો કરી સ્ટીક મારા પગના ઘુંટણ પર મારી દીધી હતી. તેણે મને ધમકી આપી હતી કે, તને જીવતો નહીં છોડું. તે સમયે હું ગભરાઈ ગયો હોવાથી ફરિયાદ આપી નહતી.

### વાઘોડિયા રોડના યુવાને દુકાનમાં ફાંસો ખાઇને જીવન ટૂંકાવ્યું...

વડોદરા | વાઘોડિયા રોડ કલા દર્શન ચાર રસ્તા પાસે આવેલી દુકાનમાં ગળા ફાંસો ખાઈને યુવાને આપઘાત કરી લેતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વાઘોડિયા રોડ કલા દર્શન ચાર રસ્તા પાસે તૃપ બંગ્લોઝમાં રહેતા ૩૨ વર્ષનો મોહનિશ મુકુંદભાઈ પંડયા કન્સ્ટ્રક્શનનું કામ કરતો હતો. પરંતુ, હાલમાં તે કોઈ કામ કરતો નહતો. તેના પિતા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સનો બિઝનેસ કરે છે. તેમણે પુત્ર મોહનિશને દુકાન શરૂ કરવાનું કહ્યું હતું.

### અધિકારીઓ શહેરી વિકાસ વિભાગને હોર્ડિંગ્સની માહિતી જ આપી રહ્યા નથી

# પોલિસી બનાવવાનું કામ આગળ જ ન વધારાયું પાલિકા એડ એજન્સીઓની મીલીભગત

(એજન્સી) સુરત | તા.19

પાલિકાના અધિકારીઓ અને એડ એજન્સીઓની મીલીભગત વચ્ચે હોર્ડિંગના આંકડા છૂપાવવાનો ખેલ ચાલી રહ્યો છે. કાયદેસર હોર્ડિંગ્સ 800 અને ગેરકાયદે 2500થી વધુ છે પણ માહિતી અપાતી નથી.

મહાપાલિકાને હોર્ડિંગ પેટે તમામ ઝોન વિસ્તારોમાંથી માંડ 10-12 કરોડ આવક થાય છે પરંતુ ગેરકાયદે હોર્ડિંગો જો ચોપડે ચઢાવાય તો 50 કરોડ ઉપર આવક થાય તેમ છે. ટી.પી.ખાતાના કહેવા મુજબ, ઝોન દ્વારા હોર્ડિંગો અંગેની વિગતો પુરી પડાતી નથી. મુંબઈમાં હોર્ડિંગ ધરાશાયી થતાં જાનહાનિની ઘટના પરથી બોધ લેવાને બદલે પાલિકામાં હોર્ડિંગોના આંકડા છુપાવાય છે. ભ્રષ્ટાચારમાં ઉપરીથી લઈ દબાણ ખાતામાં મલાઇ તારવવાના ખેલ ચાલી રહ્યો છે. દુકાનો, એપાર્ટમેન્ટો, મોલ, થિયેટરો, શોપિંગથી શેરી સુધી જાળ ફેલાયેલી છે.

શહેરમાં હોર્ડિંગો અંગે પાલિકાએ હજી સુધી નક્કર પોલિસી જ બનાવી નથી. અગાઉ સ્ટેન્ડિંગ ચેરમેન પરેશ પટેલ પોલિસી બનાવવાના હતાં પરંતુ આગળ વધી શકી ન હતી. ત્યારે શહેરમાં એડ એજન્સી હસ્તક 800 જેટલાં હોર્ડિંગો છે બાકીના મંજૂરી વગરના છે. શહેરમાં 2500થી વધુ ગેરકાયદે હોર્ડિંગો છે પરંતુ ઝોન-વિભાગો તે અંગે કોઈ કાર્યવાહી કરતી નહીં હોવાનુ એડ સાથે સંકડાયેલા સુત્રો જણાવી રહ્યાં છે.

શહેરમાં 5-7 ખાનગી એડ એજન્સીઓની મોનોપોલી છે. ગેરકાયદે હોર્ડિંગોની સંખ્યા 2500થી વધુ છે. ગત 15મીએ સીએમ ઓફિસમાં પાલિકાને પત્ર દ્વારા હોર્ડિંગો અંગે માહિતી મંગાવાઈ હતી.

### સિંહનાં બચ્ચાંનું હાથથી ઉઠાવીને રેસ્ક્યુ: પરિવાર સાથે મિલન કરાવ્યું

# 2 સિંહબાળને છ કલાકની જહેમત બાદ પાંજરે પૂર્યાં

(એજન્સી) ઉના | તા.19

કોડીનારની એક ખાનગી સિમેન્ટ કંપનીની રહેણાકીય કોલોનીમાં સિંહ પરિવારે વસવાટ કર્યો હતો. આ દરમિયાન બે સિંહબાળ પરિવારથી વિખૂટા પડી ગયાં હતાં. આથી સિંહ પરિવાર તેમનાં બચ્ચાઓને શોધવા માટે રઘવાયો બન્યો હતો. જામવાળા વનતંત્રને આ બાબતની જાણ થતાં તરત જ રેસ્ક્યૂ ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને છ કલાકની જહેમત પછી આ બંને સિંહબાળ મળી આવ્યાં હતાં. રેસ્ક્યૂ ટીમે તેને હાથથી ઉપાડીને પાંજરામાં પૂર્યાં અને પરિવાર સાથે તેમનું મિલન કરાવ્યું હતું.

કોડીનારમાં આવેલી ખાનગી સિમેન્ટ કંપનીની રેસિડેન્સિયલ કોલોનીમાં સિંહ અને સિંહણે પોતાનાં 3 બચ્ચાં સાથે ધામા નાખ્યા હતા. કોલોનીના સિક્યુરિટી ગાર્ડને આ ઘટના ધ્યાને આવતા તંત્રને જાણ કરતા વનવિભાગ દ્વારા રેસક્યૂ કામગીરી હાથ ધરાઈ હતી. વર્તમાન સમયમાં ઉનાળોતેનું અસલી સ્વરૂપ દર્શાવી રહ્યો છે. ભારે ગરમી અને ઉકળાટથી વન્ય પ્રાણીઓ પણ ત્રાહિમામ્ પોકારી ગયાં હોય તેવું લાગી રહ્યું છે. ગીર જંગલ વિસ્તારમાંથી પાણી અનો ખોરાકની શોધમાં સિંહો જંગલ છોડી ગીર બોર્ડર વિસ્તારનાં ગામોમાં આવી ચડતા હોય છે. પરંતુ હવે સિંહો શહેરી વિસ્તારમાં પણ આવવા લાગ્યા છે.



આવી જ એક ઘટના કોડીનાર ખાતે આવેલી ખાનગી સિમેન્ટ કંપનીની રહેણાક કોલોનીમાં બની છે. ગત વહેલી સવારે સિંહ પરિવાર કંપનીની નોર્થ કોલોનીમાં આવેલા પ્રસિદ્ધ રાધાકૃષ્ણ મંદિરના પાછળના ભાગે આવી ચડ્યો હતો.

સિંહ, સિંહણ અને 3 બચ્ચાં સાથે સિંહ પરિવારે ધામા નાખ્યા હતા. કોલોનીમાં અને મંદિર પરિસરમાં સિંહ પરિવારના આંટાફેરાની ઘટના સિક્યુરિટી ગાર્ડના ધ્યાને આવતાની સાથે કંપની દ્વારા તંત્રને જાણ કરવામાં આવી હતી. જેથી વનતંત્ર, પોલીસ અને કંપનીના સિક્યુરિટી સ્ટાફે કોલોની અને મંદિર પરિસરને કોર્ડન કરી લીધો હતો. વનતંત્ર દ્વારા સિંહને સલામત રીતે ખસેડવા રેસ્ક્યૂ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં વન વિભાગના અધિકારીએ સિંહનાં બચ્ચાને હાથથી ઉઠાવીને તેને સલામત રીતે પાંજરામાં પૂરી રેસ્ક્યૂ કર્યું હતું. જોકે આ સમગ્ર રેસ્ક્યૂ દરમિયાન સિંહ અને સિંહણ મંદિરની દીવાલ ટપી પાછળ ખેતરમાં જતાં રહ્યાં હતાં.

# બોટાદ શહેરમાં 13 મી જૂન સુધી ભારે વાહનો માટે પ્રવેશ નિષેધ

(એજન્સી) બોટાદ | તા.19

બોટાદ શહેરમાં ટ્રાફીક સમસ્યા અને લોકોની અવર-જવર માટે ટુ-વ્હીલ તથા ફોર વ્હીલ વાહનોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થવાના કારણે બોટાદ શહેરની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાને લેતા બોટાદના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પી.એલ.ઝણકાતે સત્તાની રૂએ નિયત રસ્તા ઉપર વાહનોને પસાર થવાનો હુકમ ફરમાવ્યો છે. બોટાદ શહેરમાં રેલ્વે સ્ટેશન રોડ , અંડરબ્રિજ, સાળંગપુર રોડ તથા ટાવર રોડ પરથી પાળીયાદ તરફ જતા વાહનોને ફક્ત સાળંગપુર ત્રણ રસ્તાથી ગોંડલ પાન પેલેસથી મસ્તરામ મંદિર, સતવારા બોર્ડીંગ થઇ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલપંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ કરવાનો રહેશે. તેવી જ રીતે પાળીયાદ રોડ તરફથી આવતા વાહનોએ ટાવર રોડ, રેલ્વે સ્ટેશન રોડ તથા સાળંગપુર જતાં વાહનોને હવેલી ચોકથી મોબાઇલ બજાર, કરમશી ભવાન કિરાણા સ્ટોરથી ટાવર રોડ પર પ્રવેશ કરવાનો રહેશે. હવેલી ચોકથી દિનદયાળ ચોક અને હિરા બજારમાં ટ્રાફીક સમસ્યા નિવારવા ફક્ત એકબાજુ દ્વિ-ચક્રી વાહનો પાર્ક કરવા એટલે કે, એકી તારીખે જમણી બાજુ તથા બેકી તારીખે ડાબી બાજુ વાહનો પાર્ક કરવાના રહેશે. બોટાદ શહેરમાં પીક અવર્સ દરમ્યાન એટલે કે સવારના ૧૦ થી ૨ કલાક તથા સાંજે ૪ કલાકથી ૮ કલાક દરમિયાન શહેરમાં તમામ ભારે વાહનો માટે પ્રવેશ નિષેધ રહેશે. હેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

## ન્યુઝ ફ્લેશ

### ગામડી નજીક કારની ટક્કરે અજાણી મહિલાનું મોત થયું

આણંદ | નેશનલ હાઈવે નં.૪૮ ઉપર આવેલા આણંદ નજીકના ગામડી ગામના સીએનજી પંપ નજીક એક વૈભવી કારની ટક્કરે અજાણી મહિલાનું મોત નિપજ્યું હતું.ગામડી ગામ નજીક નેશનલ હાઈવે નં.૪૮ પર આવેલા એક સીએનજી પંપ સામે ગુરુવારે મોડી રાત્રે એક અજાણી મહિલા હાઈવે પરની રેલીંગ કુદી રોડ ઉપરથી પસાર થઈ રહી હતી. તે સમયે પૂરપાટ ઝડપે આવી ચઢેલી એક બીએમડબલ્યુ કારના ચાલકે મહિલાને અડફેટે લેતા મહિલા રોડ પર ફંગોળાઈ હતી. અકસ્માતમાં મહિલાને ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે આણંદ શહેર પોલીસે કાર ચાલક બ્રહ્મલાલ લજ્જારામ શર્મા (રહે.કરમસદ) વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### આંધ્રપ્રદેશના ડુંગળીના વેપારીને ગઠિયાએ ચાર લાખનો ચૂનો લગાડયો

ગાંધીનગર | આંધ્રપ્રદેશમાં રહેતા અને એગ્રીકલ્ચર પ્રોડક્ટના ઈમ્પોર્ટ એક્સપોર્ટનો વેપાર કરતા વેપારીને રાજકોટમાં ૨૫ ટન ડુંગળીનો ઓર્ડર મળ્યો હતો પરંતુ ત્યાં ઓર્ડર કેન્સર થયો હતો તે દરમિયાન આંધ્રપ્રદેશના વેપારી ઉપર એક કોલ આવ્યો હતો અને ઈન્ડિયા માર્ટ ઉપરથી તમારો નંબર મળ્યો છે અમારે ડુંગળી ખરીદવી છે તેમ કહીને આ વેપારીને માલ સાથે ગાંધીનગરના રણાસણ રેલવે ફાટક પાસે બોલાવ્યો હતો જ્યાં ઓર્ડર પ્રમાણે માલ ભરી લેવામાં આવ્યો હતો પરંતુ ત્યાર બાદ તેનું ૩.૮૮ લાખ રૃપિયાનું પેમેન્ટ કરવામાં આવ્યું નથી. આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં રહેતા ૨૮ વર્ષીય સંદિપ કેટેશ્વરરાવ કાદરી ઈમ્પોર્ટ-એક્સપોર્ટ નામની કંપનીથી ઓનલાઈન ઓર્ડરથી એગ્રીકલ્ચર પ્રોડક્ટનો ઈમ્પોર્ટ-એક્સપોર્ટનો વેપાર કરે છે.

### રિક્ષામાં અમદાવાદ લઇ જવાતો દારૂ ઝડપાયોઃત્રણ બુટલેગરો પણ પકડાયા

ગાંધીનગર | ગુજરાતમાં દારૂબંધી છે તેમ છતા રાજસ્થાનથી દારૂ ઘુસાડીને ગુજરાતમાં બેફામ દારૂનો વેપલો કરવામાં આવે છે ત્યારે રાજસ્થાનથી મેટ્રોસીટીને જોડતા માર્ગો ઉપર પોલીસ દ્વારા ખાસ તપાસ કરીને બુટલેગરોને પકડવા માટેના પ્લાન બનાવવામાં આવી રહ્યા છે જે અંતર્ગત તાજેતરમાં આબુથી રિક્ષામાં અમદાવાદ લઈ જવામાં આવતો વિદેશી દારૂનો જથ્થો શેરથા ટોલટેક્ષ પાસેથી ઝડપી પાડવામાં આવ્યો છે જેમાં ત્રણ બુટલેગરોને પકડવામાં પણ પોલીસને સફળતા મળી છે. અડાલજ પોલીસ મથકની ટીમ ગત રાત્રિએ પેટ્રોલીંગ કરી રહી હતી અને શેરથા ટોલટેક્ષ પાસે વાહનોનુ ચેકીંગ પણ કરવામાં આવી રહ્યુ હતુ. ત્યારે કલોલ તરફથી એક રિક્ષાને ઉભી રાખીને તેમાં તપાસ કરતા સ્પિકર લગાવેલી ડેકીમાંથી વિદેશી દારૂના ૧૮૮ નંગ ક્વાટરીયા મળી આવ્યા હતા.

### સર્વાધિક મહત્તમ અને લઘુતમ તાપમાન નોંધાયું, જનજીવન પર અસર

# ભાવનગરમાં હીટવેવ : સિઝનમાં ત્રીજી વખત ગરમીનો પારો 41 ડિગ્રીને પાર

(એજન્સી) ભાવનગર | તા.19

ભાવનગરમાં આજે સિઝનનો સૌથી હોટેસ્ટ દિવસ રહ્યો છે. આજે આ સિઝનનું સર્વાધિક મહત્તમ અને લઘુતમ તાપમાન નોંધાયું છે અને શરૂ સિઝનમાં બીજી વખત ગરમીનો પારો ૪૧ ડિગ્રીને પાર રહ્યો છે. ભાવનગરમાં દિવસનું તાપમાન ૨.૧ ડિગ્રી તથા રાતનું તાપમાન ૧ ડિગ્રી ઉંચકાતા દિવસે આકરો તાપ અને રાત્રે બફારાનો અનુભવ થઈ રહ્યો છે. જેની સામાન્ય જનજીવન પર અસર જોવા મળી રહી છે. હવામાન વિભાગના અનુમાન પ્રમાણે ભાવનગરમાં હજુ ૨૨મી મે સુધી હીટવેવની પરિસ્થિતિ રહેશે. જિલ્લાના તાલુકા મથકોમાં પણ ગરમીનો પારો ૩૯-૪૦ ડિગ્રીની આસપાસ રહ્યો હતો.

ઉનાળાની શરૂ સિઝનમાં ભાવનગરમાં આજે આ સિઝનનો સૌથી હોટેસ્ટ દિવસ રહ્યો છે. આજે ભાવનગરમાં આ સિઝનનું સર્વાધિક મહત્તમ અને લઘુતમ તાપમાન નોંધાયું છે. ભાવનગરમાં હીટવેવની હવામાન વિભાગની આગાહી વચ્ચે છેલ્લા ૨૪ કલાકમાં ૨.૧ ડિગ્રીના વધારા સાથે મહત્તમ તાપમાન ૪૧.૮ ડિગ્રી તથા ૧ ડિગ્રીના વધારા સાથે લઘુતમ તાપમાન ૩૦.૪ ડિગ્રી નોંધાયું છે. જે આ સિઝનનું સર્વાધિક તાપમાન છે. આમ આજે આ




સિઝનનું દિવસ અને રાતનું તાપમાન સૌથી વધારે નોંધાયું છે. આજે સવારે હવામાં ભેજનું પ્રમાણ ૪૯ ટકા નોંધાયું હતું જે દિવસ દરમિયાન ઘટીને ૨૩ ટકા રહ્યું હતું જ્યારે સવારે પવનની ઝડપ ૧૨ કિમી પ્રતિકલાક હતી, જે દિવસ દરમિયાન વધીને ૧૬ કિમી પ્રતિકલાકની નોંધાઈ હતી. ગઈકાલે મહત્તમ તાપમાન ૩૯.૭ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૯.૪ ડિગ્રી નોંધાયું હતું. શરૂ સિઝનમાં ગરમીનો પારો ત્રીજી વખત ૪૧ ડિગ્રીને પાર થયો છે. આ અગાઉ ૧૭મી એપ્રીલના રોજ ૪૧.૭ ડિગ્રી તથા ૧૬મી મેના રોજ ૪૧.૧ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતુ. ઉપરાંત ગત પાંચમી મેના રોજ મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીએ સ્થિર રહ્યું હતું. આ સિઝનમાં કુલ ૮ વખત ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર થયો છે. આજે સિઝનની સર્વાધિક ગરમી અનુભવાઈ હોવાથી સામાન્ય જનજીવન પર માઠી અસર પડી છે. બપોરના સમયે શહેરના ઘણાં માર્ગો સુમસાન ભાસ્યા હતા. મોટાભાગના લોકોએ સવારે ૧૧થી સાંજે ૫ વાગ્યા સુધી ઘરમાંથી નિકળવાનું ટાળ્યું હતું. દિવસની સાથે સાથે રાતનું તાપમાન પણ ઉંચકાતા દિવસે તડકો અને રાત્રે બફારાના કારણે શહેર અગનભઠ્ઠી બન્યું હતું. બીજી તરફ ગત રાતે અને સવારના સમયે શહેરના ઘણાં વિસ્તારોમાં પાવરકટ થઈ જતાં લોકો અકળાયા હતા. ભાવનગર શહેર ઉપરાંત તાલુકાઓમાં પણ તાપમાનનો પારો ઉંચકાયો છે. હવામાન વિભાગના અંદાજ પ્રમાણે ભાવનગરમાં હજુ ૨૨મી મે સુધી હીટવેવની પરિસ્થિતિ રહેવાની છે. લોકોને ગરમીના સીધા સંપર્કમાં આવવા ટાળવા તથા શરીરને હાઈડ્રેટ રાખવા સલાહ આપવામાં આવી રહી છે. વાતાવરણમાં આવેલા આ ફેરફારથી મેડિકલ ઈમર્જન્સીના કેસોમાં પણ નોંધાપાત્ર વધારો થયો છે. ભાવનગર ઉપરાંત જિલ્લાના તાલુકા મથકોમાં પણ ચામડી દઝાડતી ગરમીનો અનુભવ થયો હતો. આજે મહુવામાં ૩૯ ડિગ્રી, જેસરમાં ૪૧ ડિગ્રી, સિહોરમાં ૪૦ ડિગ્રી, પાલિતાણા ૪૦ ડિગ્રી, તળાજામાં ૩૯ ડિગ્રી, વલભીપુરમાં ૪૧ ડિગ્રી અને ગારિયાધારમાં ૪૦ ડિગ્રી આસપાસ તાપમાન રહ્યું હતું.

### કોબા સર્કલ નજીક રાહદારી અને બાઇક વચ્ચે અકસ્માતઃએકનું મોત

(એજન્સી) ગાંધીનગર | તા.19

ગાંધીનગરના પહોળા અને પાકા રાજમાર્ગો ઉપર અકસ્માતોના કિસ્સા વધી રહ્યા છે આવી સ્થિતિ વચ્ચે રસ્તા ઉપર ચાલતા રોડ-રસ્તા અને બ્રીજના કામને કારણે પણ અકસ્માતોના બનાવો વધી રહ્યા છે. આજે સવારના સમયે કોબા સર્કલ પાસે આવેલા માતાજીના મંદિર નજીક રાહદારી અને બાઇક વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં બાઇકચાલકનું મોત નિપજ્યું હતું.જ્યારે રાહદારી તથા બાઇકમા સવાર મહિલાને ગંભીર ઇજાઓ પહોંચી હતી.ગાંધીનગરના રાજમાર્ગો ઉપર જીવલેણ અકસ્માતોનો સિલસિલો ચિંતાજનકરીતે આગળ વધી રહ્યો છે નગરના માર્ગો ઉપર ખાડા કરવા ઉપરાંત માર્ગો ઉપર ચાલતા નવીનીકરણના કામો અને બ્રીજના કામોને કારણે પણ અકસ્માતોની સંખ્યા વધી છે ત્યારે કોબા સર્કલ પાસે બાઈક અને રાહદારી વચ્ચે થયેલા અકસ્માતમાં બાઈકચાલકનું મોત નિપજ્યું છે.આ અંગે પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે, મુળ મધ્યપ્રદેશના બાંસાના અને હાલ મેટ્રો લાઈનમાં કામ કરતો ૨૭ વર્ષિય રાહુલ રાજકુમા સીતારામ વાલ્મિકી આજે સવારે સાડા નવ વાગ્યાની આસપાસ કોબા સર્કલ પાસે આવેલા સંતોષી માતાજીના મંદિર પાસેથી ચાલતો જઇ રહ્યો હતો ત્યારે ઈન્દીરાબ્રીજ તરફથી આવેલી બાઈકે રાહદારી યુવકને પાછળથી ટક્કર મારી હતી.

### 4 માસથી પમ્પીંગ સ્ટેશનની તમામ મોટરો બંધ

# બરવાળામાં ભૂગર્ભ ગટરના પાણી ઘરમાં ઘૂસી જતા નગરપાલિકાને તાળાબંધી કરાઈ

(એજન્સી) બરવાળા | તા.19



બરવાળામાં છેલ્લા બે દિવસથી ભૂગર્ભ ગટરના પાણી લોકોના ઘરમાં ઉભરાઈને બહર આવતા લોકોની ધીરજ ખૂટી ગઈ છે તંત્રની મનસ્વી કામગીરીના વિરોધમાં મોટી સંખ્યામાં લોકોએ ઉમટી પડી નગરપાલિકા કચેરીએ આક્રોશભેર હલ્લાબોલ કર્યા હતા એટલુ જ નહિ, નગરપાલિકા કચેરીએ જઈને કચેરી સહિતના તમામ વિભાગોમાં તાળા લગાવી દીધા હતા. બરવાળા નગરપાલિકા દ્વારા વેરામાં વધારો કર્યા બાદ પણ સુવિધાના નામે કોઈપણ પ્રકારની સવલત જનતાને મળતી નથી. છેલ્લા ત્રણ વર્ષથી બરવાળા નગરપાલિકાનું શાસન રામભરોસે ચાલે છે. સ્થાનિક રહિશોની લાઈટ પાણી અને ગટર જેવી પાયાની સુવિધા અંગેની ફરીયાદ કોઈ સાંભળતુ નથી. આથી તો લોકોએ કંટાળી જઈને ફરીયાદ કરવાનું પણ માંડી વાળ્યુ છે.બરવાળા શહેરમાં ઠેર-ઠેર ભૂગર્ભ ગટરો છેલ્લા ત્રણ વર્ષથી છલકાઈ રહેલ છે. મોટા ભાગના વિસ્તારોમાં ભૂગર્ભ ગટરના ગંદા પાણી રોડ પર ફરી વળે છે. નગરપાલિકા દ્વારા સમયસર મેઈન્ટેનન્સ નહિ થવાના કારણે ગટરો ઠેર ઠેર ઉભરાઈ રહેલ છે. ભૂગર્ભ ગટર સાફ કરવા માટેના તમામ સાધનો છેલ્લા ત્રણ વર્ષથી બંધ છે. ભૂગર્ભ ગટરના પાણીના પમ્પીંગ સ્ટેશનોની તમામ મોટરો બંધ હાલતમાં છે. નગરપાલિકાની તિજોરી તળીયા ઝાટક થઈ ગઈ છે. ચાર માસથી કર્મચારીઓના પગાર પણ થયા નથી. આમ, બરવાળા નગરપાલિકાનો વહિવટ સાવ ખાડે ગયો છે. હાલ નગરપાલિકાનું કોઈ ધણી ધોરી નથી. માત્ર ભગવાન જ બચાવે તેવા હાલ છે.છેલ્લા ઘણા સમયથી ભૂગર્ભ ગટરો છલકાઈને રોડે ચડે છે. વારંવાર નગરજનો આ અંગે ફરીયાદ કરે છે. પરંતુ ફરીયાદનું કોઈ નિરાકરણ નથી આવતુ. અત્યાર સુધી ભૂગર્ભ ગટરની પાણી રોડે ચડતા હતા એ તો લોકોના ઘરમાં ગંદા પાણી ઘુસી જવાથી લોકોને જીવવું ત્રાહિમામ થઈ ગયુ છે.આથી રોષે ભરાયેલા રહીશોએ નગરપાલિકા કચેરી ખાતે હલ્લાબોલ કર્યા હતા અને કચેરી સહિતના તમામ વિભાગોમાં તાળા લગાવી દઈ માંગણી કરી હતી કે, જ્યા સુધી ભૂગર્ભ ગટરો સાફ નહિ થાય ત્યાં સુધી તાળા ખોલવામાં નહિ આવે આ દરમિયાન નગરપાલિકાના શાસકો પણ રફૂચક્કર થઈ ગયા હોવાનું જાણવા મળેલ છે. આમ, બરવાળાની જનતાની ધીરજ ખૂટતા લોકો હવે આક્રમક મૂડ સાથે લડી લેવાના મૂડમાં આવી ગયા છે.



### ગરમી કાળઝાળ : તંત્રે પાણીના પુરવઠામાં વધારો કરવો પડયો

(એજન્સી) ગાંધીનગર | તા.19

રાજ્યભરની સાથે ગાંધીનગરમાં પણ ગરમી કાળઝાળ બની છે. આ સાથે નગરમાં પાણીનો વપરાશ વધીને ૬૨ એમએલડી પર પહોંચી ગયો છે. સેક્ટર વિસ્તારમાં છેવાડાના ઘર સુધી પ્રેસર જાળવી રાખવા માટે સેક્ટરોના બોરને રાબેતા મુજબથી એક કલાક વધુ ચલાવવાનું શરૃ કરવામાં આવ્યું છે. અધિકારી સુત્રો દ્વારા આ મુદ્દે જણાવવામાં આવ્યું કે તંત્ર દ્વારા વધારાનો બે એમએલડી પાણીનો જથ્થો ઉપાડવાનું શરૃ કરવામાં આવ્યું છે.પાણીના વ્યવસ્થાપન સંબંધમાં આ વર્ષે થોડું આગોતરૃ આયોજન કરવામાં આવ્યું હોવાના કારણે ઓછું પાણી મળવાની અને ઓછા દબાણથી પાણી મળવાની ફરિયાદોમાં થોડો ફરક પડયો છે. તેમ જણાવતા અધિકારી સુત્રો દ્વારા કહેવામાં આવ્યું કે પાટનગરમાં ઉનાળાના દિવસોમાં સ્વાભાવિક રીતે જ પાણીના વપરાશમાં વધારો થાય છે અને શિયાળાના દિવસોમાં કુદરતી રીતે જ પાણીના વપરાશમાં ઘટાડો પણ નોંધવામાં આવે છે.




### કલોલના નાસમેદમાં ચોરી કરવા આવેલા બે તસ્કરો ઝડપાયા

(એજન્સી) કલોલ | તા.19

કલોલ તાલુકાના નાસમેદ ગામે તસ્કરો ચોરી કરવા માટે આવ્યા હતા તસ્કરોએ ચાર દુકાનના તાળા તોડી અંદરથી ગેસના બાટલા અને માલ સામાન કોથળામાં ભર્યો હતો ત્યારે ગ્રામજનોએ તેમને ઝડપીને પોલીસને હવાલે કર્યા હતા પોલીસે બંને તસ્કરોની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. કલોલ તાલુકાના નાસમેદ ગામે એક પરિવારમાં લગ્નનો પ્રસંગ હોવાથી રાસ ગરબા ચાલી રહ્યા હતા અને રાત્રે સાડા ત્રણ વાગ્યે રાસ ગરબા પૂરા થતા લોકો પોતાના ઘરે પરત જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં ગામના કેટલીક દુકાનોના તાળા તૂટેલા જોતા તેઓ ચોકી ઉઠયા હતા અને તપાસ હાથ ધરતા બે તસ્કરો ચોરી નો માલ સામાન કોથળામાં ભરીને ઉભા હતા અને અન્ય દુકાનને નિશાન બનાવવાની પહેરવી કરી રહ્યા હતા ત્યારે ગ્રામજનોએ તેમને ઝડપી લીધા હતા. તસ્કરોએ ગામમાં આવેલા પાન પાર્લરને નિશાન બનાવી અંદરથી ગેસનો બાટલો તથા નાસ્તાના પડીકા અને અગરબત્તીની ચોરી કરી કોથળામાં ભરી હતી.




### આણંદ જિલ્લામાં રવિવારે જનસેવા કેન્દ્રો ચાલુ રહેશે

(એજન્સી) આણંદ | તા.19

શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં ધો.૧૦ અને ૧૨ના પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા. જેને લઈ વિદ્યાર્થીઓને શાળા, કોલેજોમાં પ્રવેશ માટે આવકના દાખલા, જાતિના દાખલા તેમજ અન્ય નાગરિકલક્ષી સેવાઓ જનસેવા કેન્દ્રો ખાતેથી પૂરી પાડવા આણંદ જિલ્લા કલેક્ટરે રવિવારે જનસેવા કેન્દ્રો ચાલુ રાખવા તાકીદ કરી છે. આણંદ જિલ્લા કલેકટર દ્વારા તા.૧૯-૫-૨૦૨૪ના રવિવાર જાહેર રજાના દિવસે જિલ્લાના તાલુકા મથકો ખાતેના જનસેવા કેન્દ્ર સવારે ૧૦-૩૦ કલાકથી સાંજના ૬-૧૦ કલાક સુધી ચાલુ રાખવા માટે જણાવ્યું છે. જિલ્લાના નાગરિકોને નાગરિકલક્ષી સેવાઓ જનસેવા કેન્દ્ર ખાતેથી મળી રહે ઉપરાંત ધો.૧૦ અને ૧૨ના પરિણામો પછી આવકના અને જાતિના દાખલા સમયસર વિદ્યાર્થીઓને મળી રહે તે માટે રજાના દિવસે પણ જનસેવા કેન્દ્ર ચાલુ રહેશે તેમ જણાવ્યું છે.



### પરિવાર બેસણામાં ગયો અને તસ્કરો 2.89 લાખના દાગીના ચોરી ગયા

(એજન્સી) નડિયાદ | તા.19

ખેડા શહેરમાં રહેતો વેપારી પરીવાર બેસણામાં ગયો અને તસ્કરો તેમના બંધ મકાનમાં ઘુસી કળા કરી જતા ચકચાર મચી છે. રાત્રિના સમયે તસ્કરોએ બંધ મકાનમાં પ્રવેશ કરી લાકડા અને લોખંડની તીજોરીમાં મૂકેલા ૨.૮૯ લાખની કિંમતના સોનાના દાગીના ચોરી કરી ભાગી ગયા છે. જેની જાણ વેપારીને થતાં તેઓ તુરંત દોડી આવી આ સમગ્ર મામલે ખેડા ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.ખેડા શહેરમાં વાટા ફળીયું વિસ્તારમાં આધ્યાશક્તિ મંદિર પાસે ૪૬ વષય જયદીપસિંહ સજ્જનસિંહ ચૌહાણ રહે છે. તેઓ પોતે શહેરમાં ગાંધીચોક વિસ્તારમાં પ્રિન્ટિંગ પ્રેસની દુકાન ચલાવે છે. ગત ૧૬મી મેના રોજ સવારના ૬ વાગ્યાના સુમારે તેઓ પરિવારના સભ્યો સાથે તેમના મૂળ વતન સડા, મહીસાગર ખાતે કૌટુંબિક કાકીના અવસાન નિમિત્તે બેસણામાં ગયા હતા. દરમિયાન રાત્રિના સુમારે કોઈ અજાણ્યા તસ્કરો વેપારીના બંધ મકાનમાં ઘૂસી ચોરીને અંજામ આપ્યો છે. મુખ્ય દરવાજાનો નકૂચો તોડી ઘરમાં પ્રવેશેલા તસ્કરોએ લોખંડની તેમજ લાકડાની તિજોરીમાંથી સોનાના દાગીનાની ચોરી કરી ફરાર થયા હતા.

### ગુજરાત શિક્ષણ વિભાગના આદેશ બાદ ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા ખેડાની 27 મદરેસામાં સર્વે હાથ ધરાયો

(એજન્સી) નડિયાદ | તા.19



રાજ્ય શિક્ષણ વિભાગના આદેશ બાદ રાજ્યની ૧,૧૨૮ મદરેસાઓમાં સર્વે હાથ ધરાયો છે. જે પૈકી ખેડા જિલ્લાની ૨૭ મદરેસામાં સતત ૨ દિવસ સુધી સર્વે ચાલશે. આ સર્વે શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા માટે કરવામાં આવી રહ્યો છે. ત્યારે બાળકોને ધાર્મિક સાથે પ્રાર્થમિક શિક્ષણની વ્યવસ્થા કરવામાં નહીં આવી હોય તો તેવી મદરેસા સામે કાર્યવાહી કરવામાં આવશે. ખેડા જિલ્લા શિક્ષણાધિકારીએ જણાવ્યું હતું કે, એનસીપીસીઆરના પરિપત્રના અનુસંધાને રાજ્ય સરકાર તરફથી અમને મદરેસામાં જતાં બાળકો પ્રાથમિક શિક્ષણ મેળવે છે કે નહીં તે અંગેની સર્વેની કામગીરી સોંપાઈ છે. જેના અનુસંધાને કચેરી દ્વારા સર્વેની કામગીરી કરવામાં આવી રહી છે. સરકાર તરફથી ખેડામાં ૨૭ મદરેસાની યાદી મળી છે. તે યાદી મુજબ સર્વેની કામગીરી ચાલી રહી છે. ખેડામાં ૨૭થી વધુ પણ મદરેસા હોય શકે છે. અમને જેમ માહિતી મળશે તેમ સર્વે કરવામાં આવશે. સર્વેમાં મદરેસામાં જતાં બાળકો પ્રાથમિક શિક્ષણ મેળવે છે કે નહીં? અને મેળવે છે તો કઈ શાળામાં અભ્યાસ કરે છે. આરટીઈનો લાભ લીધો છે કે નહીં તે અંગે સર્વે કરવામાં આવી રહ્યો છે. મદરેસામાં તપાસ દરમિયાન જો બાળકોને ધામક શિક્ષણ સાથે પ્રાથમિક શિક્ષણ માટેની વ્યવસ્થા કરવામાં આવી નહીં હોય તો તેવી મદરેસા સામે કાર્યવાહી કરવામાં આવશે. સવારથી આ કામગીરી ચાલુ છે. સાંજે સંપૂર્ણ માહિતી આવશે.

### ફાચરીયા ગામે ખેલાયેલા ખૂની ખેલનો સસ્પેન્સ થ્રિલર સ્ટોરી જેવો હૃદયદ્રાવક વળાંક

# મામાએ નાના ભાણેજની હત્યા બાદ મોટા ભાણેજનું પણ કાસળ કાઢ્યું, લાશ જમીનમાં દાટી દીધી

(એજન્સી) ભાવનગર | તા.19

ગારિયાધાર તાલુકાના ફાચરીયા ગામે ત્રણ દિવસ પૂર્વે ઝનૂની બનેલા મામાએ શૈતાનને પણ શરમાવે તે રીતે મોટા ભાણેજની ક્રુર રીતે હત્યા કર્યાની ચકચારી ઘટનામાં સસ્પેન્સ થ્રિલર સ્ટોરી જેવો હૃદયદ્રાવક વળાંક આવ્યો છે. પત્ની સાથે આડા સબંધ હોવાની શંકામાં નાના ભાણેજની હત્યા કર્યા બાદ હત્યારા શખ્સે મૃતક ભાણેજના મોટાભાઈ અને સંબંધમાં મોટા ભાણેજનું પણ કાસળ કાઢી જમીનમાં લાશ દાટી દીધાનો ચોંકાવનારી હકીકત બહાર આવી છે. ભાણેજના ખૂનથી હાથ રંગનાર શખ્સની કબૂલાતના આધારે પોલીસે ફાચરિયા ગામની સીમમાં દાટેલા મૃતદેહને બહાર કાઢી ફોરેન્સિક પોસ્ટમાર્ટમ માટે ભાવનગર હોસ્પિટલ ખસેડયો હતો.


સમગ્ર જિલ્લામાં ભારે ચકચાર મચાવનારી ઘટનાની મળતી સઘળી હકીકત મુજબ ગારિયાધાર તાલુકાના ફાચરીયા ગામે રાજેન્દ્રભાઈ વાઘાણીની વાડીએ ખેતમજૂરી કામે આવેલો દશેરિયો ઉર્ફે દિલીપ કેરિયાભાઈ બામણિયા નામના શખ્સે ગત તા.૧૫-૫ના રોજ રાત્રિના સાડા આઠ વાગ્યાના સુમારે સાથે રહી મજૂરી કામ કરતા ભાણેજ જીણાભાઈ ઈદાભાઈ રાઠવા (રહે, મુળ દિવાન બંગલા, મેઈન બજાર, તા.જિ. છોટાઉદેપુર)ને તેની પત્ની સાથે આડાસબંધ હોવાની શંકા રાખી ઉગ્ર બોલાચાલી કરી લોખંડના પાઈપ અને ધોકા વડે જીણાભાઈને મોઢા, માથાના ભાગે માર મારી કરપીણ હત્યા કર્યા બાદ લાશને કપાસની સાઠીઓના ઢગલામાં છૂપાવી દીધી હતી. મામી સાથે પ્રેમસબંધ હોવાની શંકામાં ખેલાયેલા ખૂની ખેલની ચકચાર ઘટના અંગે વાડીમાલિક રાજેન્દ્રભાઈ નાગજીભાઈ વાઘાણી (ઉ.વ.૫૧, રહે, ફાચરીયા)એ દશેરિયા ઉર્ફે દિલીપ અને મૃતકના મોટાભાઈ દીપકભાઈ રાઠવા સામે નોંધાવેલી ફરિયાદના આધારે ગારિયાધાર પીએસઆઈ એન.કે. વિંઝુડા અને સ્ટાફની ટીમે બન્ને શખ્સોની શોધખોળ હાથ ધરી ગઈકાલે શુક્રવારે મુખ્ય હત્યારા શખ્સ દેશરિયો ઉર્ફે દિલીપ કેરિયાભાઈ બામણિયાની ધરપકડ કરી ફરાર બીજા આરોપી અંગે પ્રાથમિક પૂછતાછ શરૂ કરી હતી.જેમાં દેશરિયો ઉર્ફે દિલીપ બામણિયાએ એક નહીં પરંતુ બેવડી હત્યા કર્યાની ચોંકાવનારી કબૂલાત આપી હતી. પ્રથમ દ્રષ્ટીએ પોલીસને ડબલ મર્ડરની વાત ગળે ઉતારી ન હતી.

### આણંદ જિલ્લામાં ગરમીનો પારો 45 ડિગ્રીએ પહોંચ્યો

(એજન્સી) આણંદ | તા.19


આણંદ જિલ્લામાં સતત બીજા દિવસે ગરમીનો પારો ૪૩ ડી.સે.થી ઉપર રહ્યું હતું. શનિવારે બપોરે ગરમીનો પારો ૪૫ ડિગ્રી સુધી પહોંચી જતાં જિલ્લાવાસીઓ કાળઝાળ ગરમીમાં શેકાયા હતા. આગામી ત્રણ દિવસ જિલ્લામાં ગરમીનું મોજું યથાવત રહેવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને લઈ આણંદ જિલ્લામાં ગત સપ્તાહે કમોસમી વરસાદ વરસ્યો હતો. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર પૂરી થતાંની સાથે જ જિલ્લામાં સૂર્યદેવતા અસલી મિજાજ બતાવી રહ્યાં છે. આણંદ કૃષિ યુનિ.ના હવામાન વિભાગના જણાવ્યા મુજબ, શનિવારે સવારે જિલ્લાનું મહતમ તાપમાન ૪૨.૫ ડી.સે. અને લઘુતમ તાપમાન ૨૯.૨ ડી.સે. નોંધાયું હતું. જ્યારે હવામાં ભેજનું પ્રમાણ ૬૫ ટકા અને પવનની ઝડપ ૬.૯ કિ.મી./કલાક નોંધાયું હતું. જ્યારે શનિવારે બપોરના ૪ કલાકની આસપાસના સુમારે મહતમ તાપમાનનો પારો ૪૫ ડી.સે. સુધી પહોંચી જતા જિલ્લાવાસીઓએ અગનગોળા વરસાવતી ગરમીનો સામનો કર્યો હતો. સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થવા પામ્યું છે.

## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**

તમે ક્યારેય કાર્યક્ષેત્રમાં થતાં ફેરફારોથી ડરતા નથી. પરંતુ, આજે સરકાર કે તંત્ર તરફથી કેટલાંક બદલાવ આવી રહ્યા છે જે તમને ખૂબ પરેશાન કરી શકે છે. હિંમત ના છોડવી વધારે સારું રહેશે.




**વૃષભ (બ,વ,ઉ)**

લાંબા સમય પછી આજે તમને કોઈ સારા સમાચાર મળશે. મહત્વપૂર્ણ કાર્ય પૂરા થતાં લાભદાયી તકો પ્રાપ્ત થશે. આ ઉપરાંત સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્રે આજનો દિવસ તમારા માટે લાભકારક રહેશે.




**મિથુન (ક,છ,ઘ)**

આજે તમે અનેક પ્રકારની મૂંઝવણોમાં રહેશો. એકતરફ તમારા પ્રેમી અથવા પ્રિય વ્યક્તિ માટે કોઈપણ વસ્તુ અથવા ભેટ ખરીદવાની ઉતાવળ થશે. બીજી તરફ તમારા કાર્યસ્થળમાં પણ કામનું દબાણ વધારે રહેશે.




**કર્ક (ડ,હ)**

તમે હંમેશાં બીજાના ભરોસે બેઠા છો. જો બીજા લોકો કાર્ય કરશે તો જ તમે કામ કરશો. તમારે આજે આ ટેવ બદલવી પડશે. નહીં તો તમે ઘણું ગુમાવશો. જે તમને નુકસાન પહોંચાડી શકે છે. સખત મહેનત કરવી.




**સિંહ (મ,ટ)**

આજે કેટલાંક લોકો તમારા કામમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. તમે નારાજ થઈ શકો છો અને તમારા કાર્યો પૂરા કરતા પહેલા જ તે છોડી શકો છો. જો તમે આવી સમસ્યાઓ ઉકેલશો નહીં તો તમે ક્યારેય પ્રગતિ કરી શકશો નહીં.




**કન્યા (પ,ઠ,ણ)**

સમાજસેવા એક એવું ક્ષેત્ર છે જ્યાં તમારી બમણી પ્રગતિ થશે. જો તમે કોઈ સંસ્થા સાથે સંકળાયેલા છો તો સારી વાત છે. આજે તમને ઘણી તક મળશે, જેની સાથે તમને જીવનમાં સફળતા મળી શકે છે.




**તુલા (ર,ત)**

તમારા પ્રયત્નો રંગ લાવી રહ્યા છે. આજે તમારી આર્થિક સ્થિતિમાં સુધારો થશે. તમારા સાથીદારો પ્રત્યેનું તમારું વર્તન ઉદાર રહેશે અને તમે તેમની બધી ભૂલોને માફ કરવા માટે તૈયાર છો.




**વૃશ્ચિક (ન,ય)**

આજે તમે તમારા મિત્રો અને પ્રિયજનો માટે ખૂબ ચિંતા કરી શકો છો. તમારું કાર્ય છોડીને તમે અન્ય લોકો સાથે તેમના કોઈ કાર્યમાં ભાગ લઈને તમારો કિંમતી સમય બગાડો છો. આ ટેવ છોડો.




**ધન (ભ,ધ,ફ)**

આજે કાર્યસ્થળમાં બીજા પર ભરોસો રાખવાને બદલે તમારી મહેનત પર ધ્યાન કેન્દ્રિત કરો. જે તમને ફાયદો કરાવશે, નહીં તો તમારે આ ક્ષેત્રમાં ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે.




**મકર (ખ,જ)**

તમારું મન સંત સાથેની મુલાકાતથી ખુશ રહેશે. તમે ગુસ્સે થશો ત્યારે પણ ગુસ્સો નહીં આવે. આની મદદથી તમે ખરાબ વાતાવરણને વધુ સારું બનાવી શકશો.



**કુંભ (ગ,શ,સ)**

આજે ભાવનાત્મક અને લાગણી સંબંધિત કેટલીક બાબતો સામે આવશે. પરંતુ જો તમારે કોઈ નિર્ણય લેવો હોય તો તે કાળજીપૂર્વક લો નહીં તો તમારી કરુણા અને ઉદારતા તમને મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ)**

આજે ઉદાસ વલણ અને શંકાના વાદળ તમારા મનને ઘેરી લેશે. જે તમને માનસિક રીતે નુકસાન પહોંચાડી શકે છે. ઘરમાં શાંતિનું વાતાવરણ રહેશે. માતા-પિતા સાથે સારો સમય પસાર કરો.

# લોકસભા ચૂંટણીના પરિણામોને ધ્યાનમાં લીધા વિના, આ ક્ષેત્રોમાં તેજી છે : પ્રભુદાસ લીલાધર

(એજન્સી) નવી દિલ્હી | તા.19

ભારતમાં દરેક ચૂંટણી ચક્ર તેની સાથે માત્ર રાજકીય જ નહીં પણ આર્થિક રીતે પણ અટકળો અને અપેક્ષાઓનું મોજું લઈને આવે છે. લોકસભાની ચૂંટણીઓ ચાલી રહી હોવાથી, રોકાણકારો આતુરતાથી જોઈ રહ્યા છે કે પરિણામો બજારની ગતિશીલતાને કેવી રીતે પ્રભાવિત કરી શકે છે. બ્રોકરેજ ફર્મ પ્રભુદાસ લીલાધર તેના તાજેતરના અહેવાલ, 'ઇન્ડિયા સ્ટ્રેટેજી રિપોર્ટ - મેન્ડેટ 2024, વોલેટિલિટી માટે તાણ' માં, ચૂંટણી પરિણામોને ધ્યાનમાં લીધા વિના કયા ક્ષેત્રો વિકાસ માટે તૈયાર છે તેનું સૂક્ષ્મ વિશ્લેષણ આપે છે. ચાલો તેમની આગાહીઓમાં ડૂબકી લગાવીએ અને સમજીએ કે શા માટે આ ક્ષેત્રો તમારી સૌથી સલામત શરત હોઈ શકે છે. લોકસભાની ચૂંટણી ભારતમાં એક મહત્વપૂર્ણ ઘટના છે, જે દર પાંચ વર્ષે સંસદના નીચલા ગૃહના સભ્યોને ચૂંટવા માટે યોજાય છે. આ વર્ષે, 19 એપ્રિલથી 1 જૂન સુધી સાત તબક્કામાં ચૂંટણીઓ યોજાઈ રહી છે, જેમાં 4 જૂને મતગણતરી થવાની છે. મુખ્ય દાવેદારોમાં ભાજપની આગેવાની હેઠળનું એનડીએ ગઠબંધન અને વિપક્ષ 'ભારત' જૂથ છે. દેશમાં ચૂંટણીનો ચોથો તબક્કો જેમ જેમ નજીક આવી રહ્યો છે, તેમ તેમ સંભવિત પરિણામો અને વિવિધ ક્ષેત્રો માટે તેની અસરો અંગેની ચર્ચાઓ તીવ્ર બની



રહી છે. ફાસ્ટ-મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્સ (FMCG) સામાન્ય રીતે અસ્થિર સમયમાં રક્ષણાત્મક હેજ તરીકે ગણવામાં આવે છે. પ્રભુદાસ લીલાધર ગ્રામીણ માંગને પુનઃજીવિત કરવાની અપેક્ષા રાખે છે, ખાસ કરીને જો સરકારી ફ્રીબીઝ તેને પૂરક બનાવે. આ ક્ષેત્રના મુખ્ય શેરોમાં HUL, ડાબર, ઈમામી, મેરિકો, GCPL, બ્રિટાનિયા અને વરુણ બેવરેજિસનો સમાવેશ થાય છે. ઓટો સેક્ટર, ખાસ કરીને ટુ-વ્હીલર્સ, ટ્રેક્ટર અને એન્ટ્રી લેવલની કારને ગ્રામીણ માંગમાં હરિયાળી ઉછાળો અને ચોમાસાની સાનુકૂળ આગાહીથી ફાયદો થશે. અહીં જોવા માટેના સ્ટોકમાં Hero MotoCorp, Maruti Suzuki અને Mahindra & Mahindra (M&M) છે. રાજકીય ફેરફારોને ધ્યાનમાં લીધા વિના સ્થિર માંગ સાથે હેલ્થકેર એક મજબૂત ક્ષેત્ર છે. સન ફાર્મા, સિપ્લા, મેક્સ હેલ્થ અને જ્યુપિટર આ સેક્ટરમાં નોંધપાત્ર સ્ટોક છે. ભારતનું IT સર્વિસ સેક્ટર તેના વૈશ્વિક ક્લાયન્ટ બેઝ અને સ્થિતિસ્થાપકતાને કારણે હંમેશા મજબૂત પર્ફોર્મર રહ્યું છે. મુખ્ય શેરોમાં TCS, LTI Mindtree, HCL Tech, Cyient અને Tata Techનો સમાવેશ થાય છે. ખાનગી બેંકો સારી કામગીરી બજાવે તેવી અપેક્ષા છે, જ્યારે જાહેર ક્ષેત્રના ઉપક્રમો (પીએસયુ) સહિતની બેંકોને ડી-રેટિંગનો સામનો કરવો પડી શકે છે. આ કેટેગરીમાં અગ્રણી શેરોમાં HDFC બેન્ક, કોટક મહિન્દ્રા બેન્ક, એક્સિસ બેન્ક અને ICICI બેન્ક છે. જોકે કેપિટલ ગુડ્સ સેક્ટરને સંરક્ષણ અને નવી ઉર્જા જેવા સેગમેન્ટમાંજોખમોનો સામનો કરવો પડી શકે છે, આ ક્ષેત્રમાં વૈશ્વિક ટેક્નોલોજી લીડર્સ ઓછી અસર કરે તેવી શક્યતા છે. Siemens, ABB, Schneider, Honeywell, Elantas Beck, GE T&D, Hitachi Energy, Timken અને Schaffler માટે ધ્યાન રાખો. જો ભાજપની આગેવાની હેઠળની એનડીએ સત્તામાં પરત ફરે છે, તો પ્રભુદાસ લીલાધર વર્તમાન નીતિઓ ચાલુ રાખવાની અપેક્ષા રાખે છે. આ સાતત્ય બજારની સ્થિરતા પ્રદાન કરશે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સંરક્ષણ, કેપિટલ ગુડ્સ, નવી ઉર્જા અને પર્યટનની આસપાસની થીમ્સને સમર્થન આપશે તેવી અપેક્ષા છે. વિપક્ષી 'ભારત' બ્લોકની અણધારી જીત માર્કેટ ડી-રેટિંગ તરફ દોરી શકે છે, જે સંરક્ષણ, કેપિટલ ગુડ્સ, પ્રવાસન, PSUs (બેંક સહિત), ડ્રોન, વાયર અને કેબલ અને પ્લાસ્ટિક પાઈપ જેવા ક્ષેત્રોને અસર કરી શકે છે. બજારની સંભવિત અસ્થિરતા હોવા છતાં, વિપક્ષના શાસન હેઠળ અમુક ક્ષેત્રોને લાભ થવાની આગાહી કરવામાં આવી છે: એફએમસીજી અને રિટેલ: ઉપભોક્તા ખર્ચને વધારવાના હેતુથી નીતિઓથી વૃદ્ધિ થવાની સંભાવના છે.

## ગ્રાહક સ્વાસ્થ્ય માટે મસાલાની સલામતીની ખાતરી કરવી

મુંબઇ | સિંગાપોર, હોંગકોંગ અને નેપાળમાં ભારતીય મસાલા પરના તાજેતરના પ્રતિબંધે ફૂડ પ્રોસેસિંગમાં ઇથિલિન ઓક્સાઇડ (EtO) ના ઉપયોગ અંગે ચર્ચાઓ વેગ આપ્યો છે. ફેડરેશન ઓફ ઇન્ડિયન સ્પાઇસ સ્ટેકહોલ્ડર્સ (FISS) એ એક વલણ અપનાવ્યું છે, ભારપૂર્વક જણાવ્યું છે કે ઈથિલિન ઓક્સાઈડ સાથેના મસાલાની સારવારનો હેતુ માત્ર ગ્રાહકોના સ્વાસ્થ્યને સુરક્ષિત રાખવાનો છે. ચાલો આ વિવાદાસ્પદ વિષયમાં વધુ ઊંડાણપૂર્વક તપાસ કરીએ અને મસાલા ઉદ્યોગમાં ઈથિલિન ઓક્સાઇડ સારવારની અસરોને સમજીએ. ઈથિલીન ઓક્સાઇડ એ એક જંતુરહિત એજન્ટ છે જેનો ઉપયોગ મસાલા અને ખાદ્ય ઉત્પાદનોમાં સાલ્મોનેલા અને ઇ. કોલી જેવા ખતરનાક પેથોજેન્સ સહિત માઈક્રોબાયલ તત્વોને દૂર કરવા માટે થાય છે. ઈથિલિન ઓક્સાઇડ સાથે મસાલાની સારવાર કરવાનો પ્રાથમિક હેતુ માઈક્રોબાયોલોજીકલ પરિમાણોને નિયંત્રિત કરીને અને દૂષિત મસાલાઓ સાથે સંકળાયેલ સંભવિત સ્વાસ્થ્ય જોખમોને દૂર કરીને ખોરાકની સલામતીની ખાતરી કરવાનો છે. જ્યારે ઇથિલિન ઓક્સાઇડના લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાથી સ્વાસ્થ્ય માટે જોખમ ઊભું થઈ શકે છે.

## સરકારી બેંકોની લોન વૃધ્ધિ ધીમી જ્યારે ખાનગી બેંકોમાં 16 ટકાથી પણ વધુ વધારો

નવી દિલ્હી | જાહેર ક્ષેત્રની બેંકોની ધિરાણ વૃદ્ધિ ઉદ્યોગ કરતાં પાછળ રહી ગઈ છે. નાણાકીય વર્ષ ૨૪માં જાહેર ક્ષેત્રની બેંકોની ધિરાણ વૃદ્ધિ ૧૧થી ૧૩ ટકાની રેન્જમાં રહી હતી, જ્યારે એચડીએફસી લિમિટેડ અને એચડીએફસીના વિલીનીકરણની અસરને બાદ કરતાં બેન્કિંગ સેક્ટરે આ સમયગાળા દરમિયાન ૧૬ ટકાની વિક્રમી વૃદ્ધિ નોંધાવી હતી. જાહેર ક્ષેત્રની બેંકોમાં માત્ર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ ૧૫ ટકાથી વધુ ધિરાણ વૃદ્ધિ નોંધાવી હતી. આ બેંકોની ધિરાણ વૃદ્ધિના સંદર્ભમાં સાવચેતીનું કારણ નેટ ઈન્ટરેસ્ટ માર્જિન પર દબાણ હતું. મોટાભાગની જાહેર ક્ષેત્રની બેંકોના માર્જિનમાં નાણાં વર્ષ ૨૦૨૩ની સરખામણીએ નાણાં વર્ષ ૨૦૨૪માં ઘટાડો થયો હતો. જાહેર ક્ષેત્રની બેંકો પણ ચિંતિત હતી કે જ્યારે વ્યાજ દરો બદલાય છે ત્યારે ધિરાણ દરો થાપણ દર કરતાં વધુ ઝડપથી ગોઠવાય છે.રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ડેટા અનુસાર, કુલ બાકી કન્વર્ટિબલ લોન દરોમાં એક્સટર્નલ બેન્ચમાર્ક-લિંક્ડ લોનનો હિસ્સો ડિસેમ્બર ૨૦૨૩ના અંતે વધીને ૫૬.૨ ટકા થયો છે, જે માર્ચ ૨૦૨૩માં ૪૯.૬ ટકા હતો. મોટાભાગની બેંકોએ રેપો રેટને એક્સટર્નલ બેન્ચમાર્ક તરીકે લીધો છે. જાહેર ક્ષેત્રની બેંકના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું, 'વ્યાજ દરમાં ઘટાડો થવાના કોઈ સંકેત નથી. ભંડોળના ખર્ચમાં વધારો થયો છે.

## રિટેલ વેચાણમાં ચૂંટણી પછી વધારો જોવા મળે તેવી અપેક્ષા

મુંબઇ | વિતેલા એપ્રિલમાં દેશના રિટેલ વેચાણમાં વાર્ષિક ધોરણે ચાર ટકા વધારો જોવા મળ્યો છે. માર્ચમાં રિટેલ વેચાણમાં વાર્ષિક ધોરણે આઠ ટકા વૃદ્ધિ રહી હતી. ચૂંટણી બાદ વેચાણમાં વધારો જોવા મળવા અપેક્ષા રાખવામાં આવી રહી છે. ગ્રાહકો બિન-જરૂરી ચીજવસ્તુની ખરીદી કરવામાં સાવચેતી ધરાવતા હોવાથી રિટેલ વેચાણમાં દ્વીઅંકી વૃદ્ધિ જોવા મળતી નથી. જો કે ચૂંટણીના પરિણામો બાદ જૂનમાં રિટેલ વેચાણમાં ઝડપી વૃદ્ધિ જોવા મળવાની પણ અપેક્ષા વ્યકત કરવામાં આવી રહી છે. રિટેલર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (રાય)ના આંકડા પ્રમાણે ગયા મહિને દેશના ઉત્તર, દક્ષિણ તથા પશ્ચિમ વિસ્તાર દરેકમાં પાંચ ટકા જ્યારે પૂર્વ વિસ્તારમાં બે ટકા વધારો જોવાયો છે. શ્રેણી પ્રમાણે જોવા જઈએ તો ફૂડ તથા ગ્રોસરી પાછળના ખર્ચમાં સાત ટકા વધારો થયો છે જ્યારે એપ્રિલ, ૨૦૨૩ની સરખામણીએ વર્તમાન વર્ષના એપ્રિલમાં જ્વેલરી પાછળના ખર્ચમાં ૬ ટકા વૃદ્ધિ જોવા મળી છે.



## ચાંદી 4000 ઉછળી રૂ. 90000ને આંબતાં નવો વિક્રમ

(એજન્સી) નવી દિલ્હી | તા.19

અમદાવાદ/ મુંબઈ: અમેરિકામાં ફુગાવામાં વૃદ્ધિ અપેક્ષાથી વધુ ધીમી પડી છે. હાઉસિંગ ક્ષેત્રના આંકડા નબળા આવતા ત્યાં વ્યાજ દરમાં ઘટાડો થવાની શક્યતા પ્રબળ બની છે. ફંડો દ્વારા સોનામાં ચોમેરથી નીકળેલી નવી લેવાલીના પગલે ચાંદીના તેમજ સોનાના ભાવમાં ઉછાળો નોંધાતા તેની સીધી અસર ભારતીય બુલિયન માર્કેટ પર પડી હતી. જેમાં આજે અમદાવાદ સોના-ચાંદી બજારમાં ચાંદી રૂા. ૪,૨૦૦ ઉછળીને રૂા. ૯૦,૦૦૦ની સપાટીએ પહોંચી હતી. જ્યારે મુંબઈ બુલિયન માર્કેટમાં રૂા. ૯૦,૮૦૦ બોલાયા હતા. આમ, વિશ્વ બજારો પાછળ ચાંદી એક જ દિવસમાં રૂા. ૪,૦૦૦ ઉછળતા એક નવો વિક્રમ રચાયો હતો. વૈશ્વિક સ્તરે ડોલર ઈન્ડેક્સ તથા બોન્ડ યીલ્ડમાં પીછેહટ થતાં તેના પગલે વિશ્વબજારમાં સોનામાં ફંડોનું એગ્રેસીવ બાઈંગ શરૂ થયું છે. તેની પાછળ ચાંદીના ભાવ સ્પ્રિંગની જેમ ઉછળતા જોવા મળ્યા હતા. આ ઉછાળાને જોતાં બજારના ખેલાડીઓ સ્તબ્ધ થઈ ગયા હતા.

### ઇંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન ટેરી બૂચર

## "મેરાડોનાનો ગોલ્ડન બોલ ખરીદવા માટે હું 7 મિલિયન ચૂકવીશ અને તેનો નાશ કરવા માટે!"

(એજન્સી) નવી દિલ્હી | તા.19

ડિએગો અરમાન્ડો મેરાડોના, જેને ઘણીવાર સર્વકાલીન મહાન ફૂટબોલર તરીકે ઓળખવામાં આવે છે, તેને તાજેતરમાં ગ્લાસગોના હેમ્પડન પાર્ક ખાતે યાદ કરવામાં આવ્યું, જ્યાં તેણે 1979માં આર્જેન્ટિના માટે તેનો પ્રથમ આંતરરાષ્ટ્રીય ગોલ કર્યો હતો. મેરાડોનાની કારકિર્દીમાં એકસાથે વિરોધાભાસી આંકડાઓ: તેમના મિત્ર અને સાથી ઓસી આર્ડીલ્સ અને તેમના પ્રખ્યાત વિરોધી, ભૂતપૂર્વ ઈંગ્લેન્ડના કેપ્ટન ટેરી બુચર. બંને મેરાડોનાના વારસા અને 1986ના વર્લ્ડ કપમાંથી તેમની પ્રતિષ્ઠિત એડિડાસ ગોલ્ડન બોલ ટ્રોફીની આગામી હરાજી પર પ્રતિબિંબિત કરે છે. ઈંગ્લેન્ડ અને આર્જેન્ટિના વચ્ચે 1986 વર્લ્ડ કપની ક્વાર્ટર ફાઈનલ ફૂટબોલ ઈતિહાસની સૌથી આઈકોનિક મેચોમાંની એક રહી. આ મેચમાં મેરાડોનાના પ્રદર્શને તેના મહાન દરજ્જાને મજબૂત બનાવ્યો. તેણે અત્યાર સુધીના બે સૌથી યાદગાર ગોલ કર્યા: વિવાદાસ્પદ 'હેન્ડ ઑફ ગોડ' ગોલ, જ્યાં તેણે બોલને નેટમાં પંચ કરવા માટે પોતાના હાથનો ઉપયોગ કર્યો, અને 'ગોલ ઑફ ધ સેન્ચ્યુરી', જ્યાં તેણે લગભગ સમગ્ર ઈંગ્લેન્ડની ટીમને પાછળ છોડી દીધી. . સ્કોર કરવા માટે. 1986ના વિશ્વ કપના શ્રેષ્ઠ ખેલાડી તરીકે મેરાડોનાને આપવામાં આવેલ એડિડાસ ગોલ્ડન બોલ તેમની અપ્રતિમ પ્રતિભાનું પ્રતીક છે. આ ટ્રોફી માત્ર એક પુરસ્કાર નથી; તે મેરાડોનાની કારકિર્દીના સારને અને 1986ના વર્લ્ડ કપની નાટકીય ક્ષણોને સમાવે છે. ગોલ્ડન બોલની હરાજી પેરિસમાં 6 જૂનના રોજ પ્રખ્યાત એગ્યુટ્સ ઓક્શન હાઉસ ખાતે કરવામાં આવશે, જે તેને ફૂટબોલના ઉત્સાહીઓ અને કલેક્ટર્સ માટે એક મહત્વપૂર્ણ ઘટના બનાવે છે. હાઈ-પ્રોફાઈલ સ્પોર્ટ્સ મેમોરેબિલિયા સંભાળવા માટે જાણીતું એગ્યુટ્સ ઓક્શન હાઉસ મેરાડોનાના ગોલ્ડન બોલની હરાજી કરવા માટે તૈયાર છે. આ અનોખી વસ્તુ ફૂટબોલના ઈતિહાસમાં એક શિખરનું પ્રતિનિધિત્વ કરે છે, જે મેરાડોનાની અસાધારણ સિદ્ધિને ચિહ્નિત કરે છે. આ ટ્રોફીના ભાવનાત્મક અને ઐતિહાસિક મૂલ્યને જોતાં, હરાજી વૈશ્વિક ધ્યાન આકર્ષિત કરશે અને નોંધપાત્ર રકમ મેળવશે તેવી અપેક્ષા છે.

## આંતર-મંત્રાલય પરામર્શ એ વ્યાપક સુધારાની ચાવી છે: CII સમિટમાં સંપ્રદાયની પેનલ

(એજન્સી) નવી દિલ્હી | તા.19

ભારતમાં વેપારને સરળ બનાવવા માટે કેન્દ્રએ વિવિધ પગલાં લીધા છે. મજબૂત વૃદ્ધિ, વ્યાપક સુધારા, ધરમૂળથી સુધારેલ શાસન, રાજકોષીય શિસ્ત, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રગતિ, ઝડપી ડિજિટાઈઝેશન અને કૌશલ્યો વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવા સાથે, કેન્દ્રએ ભારતમાં વેપાર કરવાનું સરળ બનાવવા માટે ઘણા સુધારા કર્યા છે. દ્વારા આયોજિત વાર્ષિક બિઝનેસ સમિટ 2024માં 'ધ ફ્યુચર ઓફ કોમ્પિટિટિવ ઈન્ડિયા: શુ ઈન્ડિયા હેવ એન ઈન્ટીગ્રેટેડ ટ્રેડ, ઈન્વેસ્ટમેન્ટ અને ઈન્ડસ્ટ્રીયલ પોલિસી' વિષય પર વિશેષ પૂર્ણ સત્ર દરમિયાન, ઉદ્યોગ અને આંતરિક વેપારના પ્રમોશન વિભાગના સચિવ રાજેશ કુમાર સિંહ CII, હાઈલાઈટ કરે છે કે કેવી રીતે કેન્દ્ર વિવિધ મંત્રાલયોમાં નીતિઓ એકબીજાને મજબૂત બનાવે છે તેની ખાતરી કરવા માટે ક્રોસ-મિનિસ્ટ્રીયલ પરામર્શમાં સક્રિયપણે જોડાઈ રહ્યું છે, જેનો હેતુ ઉચ્ચ વૃદ્ધિની ગતિ છે. તેમણે સ્વીકાર્યું કે એકલ, એકીકૃત રોકાણ નીતિ બહુવિધ એજન્સીઓની સંડોવણીને કારણે પડકારરૂપ છે. સરકાર વ્યવસાય કરવા માટે સરળતા અને અનુપાલન બોજ ઘટાડવા હેઠળની પહેલોનું નેતૃત્વ કરી રહી છે, જેનો હેતુ વ્યવસાય માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરવાનો છે. વધુ વિગત આપતા, સિંઘે ઉમેર્યું હતું કે સરકાર દ્વારા વ્યવસાયને સરળ બનાવવા માટે ઘણા સુધારાઓ હાથ ધરવામાં આવી રહ્યા છે, આ વલણ ચાલુ રહેશે.

વૈશ્વિક આર્થિક પાવરહાઉસ બનવાના લક્ષ્ય સાથે ભારત પરિવર્તનના માર્ગ પર છે. સરકાર, એક સંકલિત અભિગમની જરૂરિયાતને ઓળખીને, વ્યાપક સુધારાને આગળ વધારવા માટે આંતર-મંત્રાલય પરામર્શ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) દ્વારા આયોજિત વાર્ષિક બિઝનેસ સમિટ 2024માં આ સહયોગી પ્રયાસ મુખ્ય હાઈલાઈટ હતો. વ્યાપાર કામગીરીને સરળ બનાવવા પર ભાર મૂકવાની સાથે, સમિટે વિવિધ મંત્રાલયોમાં નીતિગત સંકલનનું મહત્વ રેખાંકિત કર્યું હતું.

## વર્તમાન પાક વર્ષમાં દેશમાં વિવિધ કૃષિ જણસોનું ઉત્પાદનનું પ્રમાણ નીચું રહ્યું

(એજન્સી) નવી દિલ્હી | તા.19

દેશમાં આ વર્ષે ચોમાસુ સારુ રહેવાના વરતારાને ધ્યાનમાં રાખી કૃષિ મંત્રાલય અનાજ ઉત્પાદનનો ટાર્ગેટ પણ ઊંચો રાખવા યોજના ધરાવે છે. ૨૦૨૪-૨૫ના ક્રોપ યર (જુલાઈથી જૂન) દરમિયાન અનાજનો ઉત્પાદન ટાર્ગેટ ૩૪ કરોડ ટન રાખવા કૃષિ મંત્રાલય વિચારી રહ્યું છે. જૂનમાં સમાપ્ત થનારા વર્તમાન ક્રોપ યરમાં વિવિધ કૃષિ જણશોનું ઉત્પાદન નીચું રહ્યાનું જોવા મળે છે. કુલ અનાજ ઉત્પાદનમાં ૧૩.૬૦ કરોડ ટન ચોખા તથા ૧૧.૫૦ કરોડ ટન ઘઉંનો સમાવેશ થાય છે. દેશમાં સૌથી વધુ વપરાશ ઘઉં તથા ચોખાનો થાય છે. મકાઈનો ટાર્ગેટ ૩.૯૦ કરોડ ટન રખાશે એમ કૃષિ મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું. ચૂંટણી



પ્રક્રિયા સમાપ્ત થઈ જવા પછી ટાર્ગેટ જાહેર કરાશે. ૨૦૨૩-૨૪ના ક્રોપ યરમાં ચોખાનું ઉત્પાદન ૧૨.૩૮ કરોડ ટન રહ્યું છે. જોકે આમાં ઉનાળુ ડાંગરનો સમાવેશ થયો નથી. વર્તમાન વર્ષની રવી મોસમનું ઘઉં ઉત્પાદન ૧૧.૨૦ કરોડ ટન રહેવા અપેક્ષા છે. જ્યારે મકાઈનું ઉત્પાદન ૩.૨૪ કરોડ ટન રહેવા અંદાજ છે. જૂનમાં સમાપ્ત થનારા વર્તમાન ક્રોપ યરમાં ચોખા, કઠોળ તથા અન્ય પાકના ઉત્પાદનમાં જોવાઈ રહેલા ઘટાડાને ધ્યાનમાં રાખતા નવા ક્રોપ યરમાં દેશનું અનાજકઠોળનું ઉત્પાદન ઊંચુ રહે તે જરૂરી છે. નીચા ઉત્પાદનને કારણે સરકાર પાસે ઘઉંનો સ્ટોકસ હાલમાં ૨૦૦૮ બાદની નીચી સપાટીએ છે. આ વર્ષે ચોમાસાનો પ્રારંભ સમયસર થઈ જવાનો ભારતીય હવામાન વિભાગે વરતારો કર્યો છે. ૨૦૨૩માં ચોમાસુ પ્રમાણમાં નબળું રહેતા પાકપાણી પર તેની અસર જોવા મળી હતી. દેશના જળાશયોમાં પાણીના નીચા સ્તર તથા ઓછા વરસાદને કારણે જમીનમાં ભેજના નીચા પ્રમાણથી રવી પાકમાં ઘટ જોવા મળી રહી છે. દરમિયાન નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં દેશમાંથી કઠોળની નિકાસમાં વાર્ષિક ધોરણે વોલ્યુમની દ્રષ્ટિએ ૨૨ ટકા અને મૂલ્યની દ્રષ્ટિએ બે ટકા ઘટાડો નોંધાયો છે. ભારતના કઠોળના ઊંચા ભાવને પરિણામે તેના પરંપરાગત ખરીદદારો જેમ કે બંગલાદેશ, યુએઈ તથા ચીન ખાતેથી ખરીદી મંદ રહી હોવાનું કૃષિ મંત્રાલયના સુત્રોએ વધુમાં જણાવ્યું હતું.

## AsiaOne મુંબઈમાં એશિયન બિઝનેસ એન્ડ સોશિયલ ફોરમની 22મી આવૃત્તિનું આયોજન

(એજન્સી) નવી દિલ્હી | તા.19

એશિયન બિઝનેસ એન્ડ સોશિયલ ફોરમની 22મી આવૃત્તિ, એશિયાઓન દ્વારા ગોઠવવામાં આવી હતી, જે ભારતના વાઈબ્રન્ટ શહેરમાં મુંબઈમાં એક મહત્વપૂર્ણ પ્રસંગ તરીકે પ્રગટ થઈ હતી. વ્યાપાર, મુત્સદ્દીગીરી અને સામાજિક પ્રભાવ માટે એક કન્વર્જન્સ પોઈન્ટ તરીકે સેવા આપતા, આ એક-દિવસીય એક્સ્ટ્રાવેગેન્ઝા ભૌગોલિક સીમાઓને પાર કરીને સહયોગ, માન્યતા અને ઉજવણીનું પ્રતીક છે. ડૉ. સત્ય વડલામાણીના જીવનચરિત્રનું અનાવરણ: ફાર્માસ્યુટિકલ એક્સેલન્સમાં અગ્રણી મંચની વિશેષતા મુરલી ક્રિષ્ના ફાર્મા પ્રા. લિ.ના ચેરપર્સન અને મેનેજિંગ ડિરેક્ટર ડૉ. સત્ય વડલામાણીના જીવનચરિત્રનું અનાવરણ હતું. લિમિટેડ. ત્રણ દાયકાઓ સુધી ફેલાયેલી તેણીની પ્રસિદ્ધ યાત્રા સ્થિતિસ્થાપકતા, નિશ્ચય અને સ્વપ્નદ્રષ્ટા નેતૃત્વનું પ્રતીક છે, જે ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં શ્રેષ્ઠતા માટે બેન્ચમાર્ક સેટ કરે છે. ડૉ. વડલામણીની જીવનચરિત્રનું લોકાર્પણ એ માત્ર ઔપચારિક પ્રસંગ નહોતું પરંતુ નવીનતા, શ્રેષ્ઠતા અને સામાજિક પ્રભાવને સમર્પિત તેમના જીવનને શ્રદ્ધાંજલિ હતી. તેણીના જીવનચરિત્રના પૃષ્ઠો દ્રઢતા, નિશ્ચય અને ફાર્માસ્યુટિકલ ઉદ્યોગના ધોરણોને ઉન્નત કરવા માટે અતૂટ પ્રતિબદ્ધતાનું વર્ણન કરે છે. ડૉ. સત્ય વડલામાની જીવનચરિત્ર માત્ર વ્યક્તિગત સિદ્ધિઓ કરતાં વધુ સમાવે છે; તે દ્રઢતાની પરિવર્તનશીલ શક્તિને મૂર્તિમંત કરે છે, વાચકોને હિંમત અને સ્થિતિસ્થાપકતા સાથે પડકારોનો સામનો કરવા પ્રેરણા આપે છે. તેણીના નેતૃત્વએ માત્ર ભારતીય ફાર્માસ્યુટિકલ લેન્ડસ્કેપને ફરીથી આકાર આપ્યો નથી પરંતુ વિવિધ ક્ષેત્રોમાં મહત્વાકાંક્ષી ઉદ્યોગસાહસિકો અને નેતાઓ માટે માર્ગદર્શક પ્રકાશ તરીકે પણ કામ કરે છે. ડૉ. વડલામણીની જીવનચરિત્રનું લોકાર્પણ એ શ્રેષ્ઠતા અને નવીનતાના પ્રતિકરૂપ વ્યક્તિઓને ઓળખવા અને તેની ઉજવણી કરવા માટે મંચની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.

## એપ્રિલ-2024માં ભારતની ઓઇલમીલ નિકાસ બદલાતી ગતિશીલતા વચ્ચે ઘટાડો

(એજન્સી) નવી દિલ્હી | તા.19

ભારતની ઓઈલમીલ નિકાસની શરૂઆત 2024-25ના માર્કેટિંગ વર્ષની નબળા નોંધ પર થઈ હતી, જેમાં એપ્રિલમાં 6%નો ઘટાડો નોંધાયો હતો. ઉદ્યોગના આંકડા અનુસાર, કુલ નિકાસ ગયા વર્ષના 4.93 લાખ ટનથી ઘટીને આ એપ્રિલમાં 4.65 લાખ ટન થઈ છે. ડેટાએ અલગ-અલગ ઓઈલમીલ્સમાં મિશ્ર પ્રદર્શન દર્શાવ્યું હતું. સોયાબીન ખોળની નિકાસમાં વધારો જોવા મળ્યો હતો, જ્યારે સરસવના ખોળની નિકાસમાં ઘટાડો થયો હતો. તેલીબિયાંમાંથી તેલ નિષ્કર્ષણની પેટા-ઉત્પાદનો, ઓઈલમીલ્સ, વૈશ્વિક પશુધન ખોરાક માટે નિર્ણાયક છે. સોલવન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (SEA) એ અહેવાલ આપ્યો છે કે ગયા વર્ષે ખરીફ સિઝનમાં સોયાબીનની વિક્રમી લણણી અને રવિ સિઝનમાં સરસવની પિલાણ પ્રવૃત્તિઓમાં વધારો થયો હતો. આનાથી સ્થાનિક ઉપયોગ અને નિકાસ બંને માટે તેલની ઉપલબ્ધતામાં વધારો થયો. નવેમ્બરથી એપ્રિલ સુધી, માર્કેટિંગ વર્ષના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં, સોયાબીન ખોળની નિકાસમાં નોંધપાત્ર રિકવરી જોવા મળી હતી. નિકાસ 10.4 લાખ ટનથી વધીને 16.6 લાખ ટન થઈ છે. તેનાથી વિપરીત, રેપસીડ મીલની નિકાસ લગભગ 23% ઘટી છે, જે આ સિઝનમાં કુલ 9.3 લાખ ટન છે. ગયા વર્ષની ઊંચી નિકાસ સ્પર્ધાત્મક ભાવોને આભારી હતી. એપ્રિલ 2024માં, દક્ષિણ કોરિયા 109,744 ટન ઓઈલમીલ્સ સાથે નોંધપાત્ર આયાતકાર તરીકે ઉભરી આવ્યું હતું, જે ગયા એપ્રિલમાં 86,231 ટન હતું. જોકે, વિયેતનામની આયાત 100,860 ટનથી ઘટીને 18,365 ટન થઈ હતી. થાઈલેન્ડે 40,582 ટનની આયાત કરી હતી, જે 68,519 ટનથી ઘટી છે. બાંગ્લાદેશની આયાતમાં પણ ઘટાડો થયો છે, જે ગયા વર્ષના 107,408 ટનની સરખામણીએ 82,878 ટનની સોર્સિંગ છે. ઉલ્લેખનીય છે કે, ઈરાન 81,240 ટન પ્રાપ્ત કરીને ભારતીય સોયાબીન ખોળનો સૌથી મોટો આયાતકાર બન્યો હતો. એપ્રિલની નિકાસમાં એકંદરે ઘટાડાનું મુખ્ય કારણ ડી-ઓઈલ્ડ રાઈસ બ્રાનની નિકાસ પરના પ્રતિબંધને આભારી છે. ભારત સામાન્ય રીતે 5 થી 6 લાખ ટન ડી-ઓઈલ્ડ રાઈસ બ્રાનની નિકાસ કરે છે, મુખ્યત્વે વિયેતનામ, થાઈલેન્ડ અને અન્ય એશિયન દેશોમાં. આ પ્રતિબંધ, પાછલા વર્ષના જુલાઈ 28 થી અમલમાં છે, સ્થાનિક ઘાસચારાના ઊંચા ભાવને કારણે હતો અને તે 31 જુલાઈ, 2024 સુધી ચાલશે. SEA એ નોંધ્યું છે કે ડી-ઓઈલ્ડ રાઈસ બ્રાનના ભાવ હાલમાં નીચા છે અને DDGS (ડિસ્ટિલરના સૂકા અનાજ વિથ સોલ્યુબલ) ની વધેલી ઉપલબ્ધતા સાથે વધુ ઘટવાની અપેક્ષા છે. ઉદ્યોગ મંડળે સરકારને જુલાઈ પછી નિકાસ પ્રતિબંધ હટાવવા વિનંતી કરી છે. તેલીબિયાંના ઉત્પાદનમાં વૃદ્ધિ હોવા છતાં, ભારતનો વપરાશ તેનાથી આગળ વધી ગયો છે, જે આયાત પર નિર્ભરતા તરફ દોરી ગયો છે. વિશ્વના બીજા ક્રમના સૌથી મોટા ઉપભોક્તા અને અગ્રણી વનસ્પતિ તેલ આયાતકાર તરીકે, ભારત તેની 60% જરૂરિયાતો મુખ્યત્વે ઈન્ડોનેશિયા અને મલેશિયામાંથી આયાત દ્વારા પૂરી કરે છે. આંતરરાષ્ટ્રીય માંગ, સ્થાનિક ઉત્પાદન અને સરકારની નીતિઓમાં ફેરફાર સહિતના વિવિધ પરિબળોને કારણે ભારતની ઓઈલમીલ નિકાસની ગતિશીલતા બદલાઈ રહી છે. વિવિધ ઓઈલમીલ્સનું મિશ્ર પ્રદર્શન અને નિકાસ પ્રતિબંધોની અસર બજારની જટિલતાઓને પ્રકાશિત કરે છે. જેમ જેમ ભારત આ પડકારોને નેવિગેટ કરવાનું ચાલુ રાખે છે, તેના તેલમીલની નિકાસનું ભાવિ સ્થાનિક ઉત્પાદન ક્ષમતાઓ અને આંતરરાષ્ટ્રીય બજારની સ્થિતિ બંને પર નિર્ભર રહેશે.

## RTT ફાઉન્ડેશન અને રાજ્ય શિક્ષણ વિભાગ શૈક્ષણિક શ્રેષ્ઠતા માટે દળોમાં જોડાય છે

(એજન્સી) નવી દિલ્હી | તા.19

અરુણાચલ પ્રદેશે તાજેતરમાં તેની શૈક્ષણિક યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ ઉજવણી કરી છે. રીચ ટુ ટીચ (RTT) ફાઉન્ડેશન અને અરુણાચલ પ્રદેશ સરકારના શિક્ષણ વિભાગ વચ્ચેના સહયોગી પ્રયાસોએ નોંધપાત્ર પરિણામો આપ્યા છે, જે તાજેતરના સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) પરીક્ષાના પરિણામોમાં સ્પષ્ટ છે. કોમ્પ્રિહેન્સિવ સ્કૂલ ટ્રાન્સફોર્મેશન પ્રોગ્રામ (CSTP) એ RTT ફાઉન્ડેશન અને અરુણાચલ પ્રદેશ શિક્ષણ વિભાગ બંનેની સર્વગ્રાહી શૈક્ષણિક સુધારણા પ્રત્યેની પ્રતિબદ્ધતાના પ્રમાણપત્ર તરીકે છે. CSTP નું કેન્દ્ર એ પરીક્ષાઓ અને બિયોન્ડ ટૂલકીટ છે, જે ધોરણ IX થી XII ના વિદ્યાર્થીઓ માટે શીખવાના પરિણામો અને શૈક્ષણિક પ્રદર્શનને વધારવા માટે કાળજીપૂર્વક ડિઝાઈન કરવામાં આવી છે. CSTP વિવિધ વ્યૂહરચનાઓનો સમાવેશ કરે છે, જેમાં પ્રાયોગિક અને પ્રવૃત્તિ-આધારિત શિક્ષણ તત્વો સાથે પાઠ્યપુસ્તકોની વૃદ્ધિનો સમાવેશ થાય છે. શિક્ષકોનું સશક્તિકરણ CSTPની સફળતાના મૂળમાં રહેલું છે. વ્યાપક તાલીમ અને સંસાધન વિકાસ દ્વારા, શિક્ષકો અસરકારક શીખવાની અનુભવોની સુવિધા માટે સજ્જ છે. CSTP ના મૂર્ત પરિણામો CBSE પરીક્ષાના પરિણામોમાં નોંધપાત્ર સુધારામાં સ્પષ્ટ છે. અરુણાચલ પ્રદેશમાં ધોરણ X અને XII માં પાસની ટકાવારીમાં પ્રશંસનીય વધારો જોવા મળ્યો છે. અમજદ ટાક, શિક્ષણ કમિશનર, અરુણાચલ પ્રદેશ સરકાર, તમામ હિતધારકોની પ્રશંસા કરે છે, આ સીમાચિહ્ન હાંસલ કરવામાં તેમના સામૂહિક પ્રયાસોને સ્વીકારે છે. RTT ફાઉન્ડેશનના બોર્ડના અધ્યક્ષ રત્ના વિશ્વનાથન, CSTP ની સફળતા માટે સહયોગી ભાવના માટે આભાર વ્યક્ત કરે છે. નિષ્કર્ષમાં, RTT ફાઉન્ડેશન અને અરુણાચલ પ્રદેશ શિક્ષણ વિભાગ વચ્ચેની ભાગીદારી શિક્ષણમાં સહયોગી પહેલની પરિવર્તનશીલ શક્તિનું ઉદાહરણ આપે છે.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2080, વૈશાખ સુદ-12**

# આંદોલનની આડમાં અરાજકતા...

હાલમાં કેટલીય અમેરિકી અને યુરોપીય યુનિવર્સિટીઓ ઈઝરાયલ-પેલેસ્ટાઈન યુદ્ધનો બીજો મોરચો બની ગઈ છે. અમેરિકામાં તો ઉગ્ર દેખાવકારોનો સામનો કરવા માટે કેમ્પસોમાં પોલીસ અને સેના બોલાવવી પડી છે. ત્યાં સેંકડો ધરપકડો થઈ ચૂકી છે. દેખાવકાર છાત્રોની માંગ છે કે અમેરિકી સંસ્થાન હથિયાર બનાવનારી કંપનીઓ અને એવા વ્યવસાયોમાંથી પોતાનું રોકાણ પાછું ખેંચી લે, જે ઈઝરાયલને લાભ પહોંચાડતા હોય. આંદોલનની આડમાં અરાજકતા અને કેમ્પસો પર આધિપત્ય જમાવવાની ચેષ્ટા પણ ચાલી રહી છે. અમેરિકાના પાછલા છાત્ર આંદોલનોની જેમ જ કોલંબિયા યુનિવર્સિટી આ પ્રદર્શનોનું કેન્દ્ર બનેલી છે. આ ઉત્પાતમાં કેટલાય શિક્ષકોનો ભરપૂર સહયોગ સાફ દેખાઈ રહ્યો છે. કોલંબિયા યુનિવર્સિટીમાં લગભગ સો પ્રાધ્યાપકોએ પત્ર લખીને ન માત્ર હમાસ સમર્થક છાત્રોનો બચાવ કર્યો હતો, બલ્કે ૭ ઓક્ટોબરે હમાસ દ્વારા કરાયેલા નરસંહારને યોગ્ય પરિપ્રે-યમાં સમજવાની સલાહ પણ આપી હતી! હુમલાના તરત બાદ કોલંબિયા યુનિવર્સિટીએ હમાસ, હિઝબુલ્લા અને જિહેદાના સમર્થક મોહંમદ અબ્દૂની ગેસ્ટ પ્રોફેસર રૂપે નિયુક્તિ કરી. આ જ સંસ્થાના પ્રોફેસર જોસફ મસ્સાદે હુમલાને પ્રશંસનીય ગણાવ્યો હતો. સાઉથ કેલિફોર્નિયાના એક પ્રોફેસર અબ્દુલ ફતહ અલનાઝીની તો એક ઈઝરાયલી દેખાવકારની માર મારીને હત્યા કરવાના આરોપમાં ધરપકડ પણ કરાઈ હતી. હમાસના નૃશંસ હુમલાના બીજા જ દિવસે હાર્વર્ડની પેલેસ્ટાઇન એકજુટતા સમિતિએ આ હુમલા માટે ઈઝરાયલને જ જવાબદાર ઠેરવ્યું હતું. ચોંકાવનારી વાત એ પણ હતી કે હાવર્ડ અધ્યક્ષ ક્લાડીન ગે, યુનિવર્સિટી ઓફ પેન્સિલ્વેનિયાની અધ્યક્ષ લિઝ મેગિલ અને એમઆઈટી અધ્યક્ષ સૈલી કોર્નબ્લથે પોતાને ત્યાં યહૂદી નરસંહારના નારાને અભિવયક્તિની સ્વતંત્રતાના નામે બેશરમીથી બચાવ કર્યો. અમેરિકી કેમ્પસોમાં સ્પષ્ટ દેખાઈ રહેલ આ કટ્ટરતા છેલ્લા સાત દાયકાથી ત્યાં પાંગરી રહેલ સાંસ્કૃતિક માર્ક્સવાદની દેન છે. કાર્લ માર્ક્સ દ્વારા પ્રતિપાદિત 'વૈજ્ઞાનિક સમાજવાદ' અનુસાર શોષિત મજબૂર વર્ગને મૂડીવાદ વિરુદ્ઘ ક્રાંતિ કરવાની હતી, પરંતુ રશિયન ક્રાંતિ ખેડૂતો દ્વારા લાવવામાં આવી. બલ્શેવિક ક્રાંતિ બાદ યુરોપની તમામ કમ્યુનિસ્ટ અને સોશ્યલિસ્ટ પાર્ટીઓ માર્ક્સ દ્વારા ક્રાંતિ અવશ્ય થવાની ભવિષ્યવાણી પર આશા લગાવીને બેઠી રહી, પરંતુ ક્રાંતિ ન આવી. હતાશ વિચારકોએ માર્ક્સવાદનું નવેસરથી આકલન શરૂ કર્યું, જેમાં જર્મનીના ગોએથે યુનિવર્સિટી સ્થિત ઈન્સ્ટટ્યિૂટ ઓફ સોશ્યલ રિસર્ચે અગ્રણી ભૂમિકા નિભાવી. આ બુદ્ધિજીવી ખુદને પણ તમામ વિચારધારાઓથી અસંબદ્ઘ ગણાવતાં પોતાની ચેષ્ટાને ટીકાત્મક સિદ્ઘાંત કહેતા રહ્યા, પરંતુ મૂડીવાદના વિરોધ અને ક્રાંતિના સમર્થનમાં લગભગ બધા જ એકમત હતા. માર્ક્સવાદની પુન:સમીક્ષામાં ફ્રેંકફર્ટ સ્કૂલ ઉપરાંત ઈટાલિયન માર્ક્સવાદી એન્ટોનિયો ગ્રામ્શીનું ભારે યોગદાન રહ્યું.

### હવે નર્મદા નદીમાં સ્નાન અથવા કોઈપણ જાતની વિધિ કરવા માટે તંત્રએ મૂક્યો પ્રતિબંધ

# પોઇચા નદીમાં ગોઝારી ઘટના બાદ નર્મદા જિલ્લા તંત્રના તખલઘી નિર્ણયથી સાધુ સંતોમાં રોષ

- **જાહેર જનતાને નર્મદા નદી તટથી લગભગ એક કિલોમીટર દૂરથી જ રોકવામાં આવે છે**
- **ખાસ બેરીકેટ લગાવી પોઇચા મંદિર પાસેથી જ પ્રવાસીઓને પાછા કાઢવામાં આવે છે.**
- **કોઈપણ વિધિ માટે આવતા શ્રદ્ધાળુઓને સામે કિનારે કરનાળી જવા માટે કહેવામાં આવે છે**





ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના પોઈચા નર્મદા નદી માં નાહવા આવેલા સુરત ના પરિવાર ના સાત સભ્યો પાણીમાં ડૂબી ગયાની ગોઝારી ઘટના બાદ નર્મદા જિલ્લા તંત્ર એ લીધેલા તખલઘી નિર્ણય થી સાધુ, સંતો માં ભારે રોષ છે.

તંત્ર એ આ ગોઝારી ઘટના બાદ એવો નિર્ણય કર્યો કે જેમાં નર્મદા નદીમાં સ્નાન અથવા કોઈપણ જાતની વિધિ કરવા માટે તંત્ર દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, ત્યાં પ્રવેશદ્વાર નજીક બેરીકેટ લગાવી પોઇચા મંદિર પાસેથી જ પ્રવાસીઓને પાછા કાઢવામાં આવે છે, શ્રદ્ધાળુઓ ને કે આમ જનતા ને નર્મદા નદી તટથી લગભગ એક કિલોમીટર દૂરથી જ રોકવામાં આવે છ, કોઈપણ વિધિ માટે આવતા શ્રદ્ધાળુઓને સામે કિનારે કરનાળી ખાતે જવા માટે કહેવામાં આવે છે, ત્યાંથી કોઈપણ શ્રદ્ધાળુઓ ની ગાડી પસાર થાય તો બેરીકેટ પાસે ઉભેલા પોલીસ જવાન તેને અટકાવી કરનાળી તરફ જવા જાણ કરે છે.

સાથે સાથે પોઇચા ઘાટ ખાતે નાહવા અને કોઈપણ વિધિ માટે પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો હોવાથી સાધુસંતો અને શ્રદ્ધાળુઓ માં રોષ જોવા મળ્યો છે સુરત ના ડૂબેલા 7 મૃતદેહો કાઢવામાં તંત્ર નિષ્ફળ નીવડ્યું હોવાથી જાહેર જનતા પર તંત્ર એ કોરડો વિંઝ્યો હોવાની વાત સંભળાઈ રહી છે, આમ તો પોઇચા, ચાંદોદ ત્રિવેણી સંગમ ખાતે પિતૃતર્પણ નો મહિમા અને નર્મદા સ્નાન નો મહિમા વધુ હોવાથી આ જગ્યા પર જ ખાસ વિધિ માટે શ્રદ્ધાળુઓ આવતા હોય છે પરંતુ નિષ્ફળ ગયેલા તંત્ર એ ત્યાજ પ્રતિબંધ મૂકતા વિધિ કરવા આવતા શ્રદ્ધાળુઓ નારાજ છે, આગામી દિવસોમાં ગંગા દશેરા નો ત્યોહાર આવે છે જેમાં નર્મદા સ્નાન નો મોટો મહિમા છે, તેવામાં તંત્ર એ નર્મદા માં પ્રવેશ કરવા પર પ્રતિબંધથી મૂકી દેતા લોકોમાં ભારે નારાજગી જોવા મળી છે.

# રાજપીપળા પાસેના વરાછા ગામમાં મનરેગાના કામોમાં વ્યાપક ગેરીતિઓ બાબતે રજૂઆત




ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લા ના મુખ્ય મથક રાજપીપળા પાસે આવેલ વરાછા ગામ માં મનરેગા ના કામો માં સરપંચ દ્વારા નાણાકીય ગેરરીતિઓ કરાઈ હોવાની લેખિત રજુઆત ગ્રામજનો એ ડીડીઓ ને કરતા ભારે ઓહાપોહ થયો છે. પ્રાપ્ત માહિતી મુજબ વરાછા ના ગ્રામજનો દ્વારા કરાયેલી રજુઆત મુજબ આર ટી આઈ દ્વારા મેળવેલ માહિતી અનુસાર ગામના સરપંચ અનિતાબેન સુનિલભાઈ વસાવા એ તેમના હોદ્દા નો દુરપયોગ કરી ગામમાં ચાલતા મનરેગા ના કામો માં પંચાયત અધિનિયમન નો ભંગ કરી મસ્ટર માં પોતાના નામની હાજરી પુરી મજૂરી નું વેતન લઈ હોદ્દાનો દુરપયોગ કરી નાણાકીય ગેરરીતિ કરી છે. જયારે ચોંકાવનારી રજુઆત મુજબ સરપંચ ના સાસુ જે આંગણવાડી કર્મચારી છે તેમના નામની પણ હાજરી પુરી નાણાકીય ગેરરીતિ કરી હોવાની રજુઆત કરી છે અને આ નાણાકીય ગેરરીતિ ને ઉચાપત ગણી સરપંચ ને પંચાયત અધિનિયમન હેઠળ હોદ્દા પરથી દૂર કરી કાયદેસર કાર્યવાહી કરવા માંગણી કરી છે, ત્યારે મનરેગા ના કામો માં ચાલતી ગેરરીતિઓ અટકાવવા ડીડીઓ કેવી કડક કાર્યવાહી કરે છે તે જોવું રહ્યું.

# પાટણ તાલુકાના ચંદુ માણા ગૌરી માતાજીના પાટોત્સવની ધામ ધૂમથી ઉજવણી કરાઇ



નિતીન ઠાકર | ચાણસ્મા

ગુજરાત ભરમાં વસતા માતાજી ના કંદોરીયા પરીવાર સાથે માતાજી ના પાટોત્સવમાં ઉપસ્થિત રહી ધન્યતા અનુભવી. પાટણ તાલુકા ના ચંદુ માણા ગામે બિરાજમાન આદ્યશક્તિ ગૌરી મૈયાના પાટોત્સવ ની ધામધુમ થી ઉજવણી કરાઇ હતી જેમાં માતાજી ના પરીશર માં નવચંડી યગ્ન યોજાયો હતો યજ્ઞના યજમાન તરીકે વિનોદકુમાર લાલજીદાસ પરીવાર બિરાજમાન થયો હતો જ્યારે યજ્ઞાચાર્ય મહેશભાઈ દવે પં. જીગ્નેશભાઈ દવે સહીત શાસ્ત્રી શ્રી ઓ દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે યજ્ઞવિધિ સંપન્ન કરાવાઈ હતી. જ્યારે ગુજરાત ભરમાં ધંધાર્થે સ્થાયી થયેલા ગૌરી માતાજીના કંદોરીઓઓ પરીવાર સાથે માતાજી ના પાટોત્સવમાં ઉપસ્થિત રહી ધન્યતા અનુભવી હતી જ્યારે પાટોત્સવ ના ભોજન (પ્રસાદ) ના દાતા અલ્પેશકુમાર મુલચંદદાસ પરીવાર સહયોગી થઈ ધન્યતા અનુભવી હતી શ્રી ગૌરી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા પાટોત્સવ સહિત ધાર્મિક કાર્યક્રમ નું સુંદર આયોજન કર્યું હતું.

# સાગબારા તાલુકામાં કામધંધો નહિ કરતા પતિ, પત્નીને મારઝૂડ કરતા રાજપીપળા અભયમ ટીમે સમાધાન કરાવ્યું



ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના સાગબારા તાલુકા પાસે ના ગામ થી યુવતી નો કોલ આવેલ અને જણાવેલ કે તેમના પતિ અને સાસરી પક્ષ હેરાનગતિ કરે છે અને મારઝૂડ કરતા હોય જેથી અભયમ રાજપીપલા ટીમ સ્થળ પર પહોંચી બન્ને પક્ષો નું કાઉંસેલિંગ સમજાવી સમાધાન કરાવ્યું હતું.

મળતી માહિતી અનુસાર યુવતી જણાવ્યા મુજબ તેમના લગ્ન ને પાંચ વર્ષ થયા છે બાળકો નથી. અને તેઓ સીવણ ક્લાસ કરવા જાય છું. બન્ને પતિ પત્ની અલગ રહે છે તેમના પતિ કંઈ કામ ધંધો કરતા નથી અને તેમના મિત્રો સાથે ફર્યા કરે છે. જેથી ઘરમાં રેશન કે કોઇ જરૂરિયાત પૂરી કરતા નથી. માટે તેઓ એમને સમજાવે છે તો પતિ મારઝૂડ કરવા લાગે છે. વારંવાર કોઈપણ બાબતે બોલવાનું થાય તેઓ મારે છે અને કાઢી મૂકવાની ધમકી આપે છે. તેમના સાસુ તેમના કુટુંબની અન્ય સ્ત્રી સાથે લગ્ન કરવા માટે મારી જાણ વિરુદ્ધ મારા પતિને તે સ્ત્રી સાથે વાત કરાવે છે. આથી મને છૂટાછેડા આપવા માટે ધમકીઓ આપે છે. ત્યારબાદ અભયમ ટીમે સામા પક્ષનું કાઉંનેસ્લિંગ કર્યું ત્યારે તેઓ જણાવતા કે મારા મમ્મી ને હું ખેતી કામ કરવા લાગુ છું મારા પત્ની ખેતરમાં આવતા નથી. અને દૂર નોકરી કરવા જવા નથી દેતા અને અપશબ્દો બોલે છે. માટે ગુસ્સામાં હાથ ઉપડી જાય છે. આથી બન્ને પક્ષોનું કાઉંન્સેલિંગ કર્યું અને સલાહ સૂચનો તેમજ કાયદાકિય માહિતી આપી, શાંતિ પૂર્વક સમજાવ્યા અને બન્ને પક્ષો સારી રીતે રહેવા જણાવતા લખાણ લઈ સમાધાન કર્યું હતું.

# જાફરાબાદ PGVCLના કર્મચારીને મારી નાખવાની ધમકી આપી

- **ફરજમાં રૂકાવટ કરતા કોવાયાના ઈસમ ઉપર પીપાવાવ મરીન માં ફરિયાદ**
- **પીજીવીસીએલના કર્મચારીએ રૂપિયા 1400 નું લાઇટ બીલ બનાવ્યાનુ મન દુ:ખ રાખી**

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ પીજીવીસીએલના કર્મચારી નિકુંજભાઈ હેમરાજભાઈ સાવલીયા (ઉ.વ.૩૦) પોતાની નોકરી ઉપર હોય અને કોવાયા ગામે ૧૦-૩૦ કલાકે ટીડાભાઈ કાનાભાઈ વાઘ રહે કોવાયા વાળાના ગ્રાહક નંબર ૮૫૪૮૩૦૦૫૧૦ વાળા નું લાઇટબીલ રૂપિયા ૧૪૦૦નુ બનાવેલ હોય જે વાતનું મને દુ:ખ રાખી બોપરે ત્રણેક વાગ્યે દિપક બાબુભાઈ વાઘ રહે કોવાયા વાળા એ પ્રથમ મુળાભાઈ સુખાભાઈ લાખણોત્રાની દુકાનથી આગળ ભાકોદર તરફ જતા રોડ પાસે નિકુંજભાઈ સાથે દિપકે ઝપાઝપી કરી ડાબી બાજુના કાન ઉપર એક ઝાપટ મારી ગાળો બોલી ફરજમાં રૂકાવટ કરી ટાંટીયા ભાંગી નાખ્યા ની ધમકી આપી ગ્રામ પંચાયત ઓફિસમાંથી પાઈપ કાઢી નિકુંજભાઈ સામે ઉગામી હથિયાર બંધી જાહેર નામાનો ભંગ કરી ગુનો કર્યોની મરીન પીપાવાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સાગબારા પોલીસે પરોઢી ચેક પોસ્ટ પરથી રૂપિયા 71 હજારથી વધુનો અંગ્રેજી દારૂનો મુદ્દામાલ ઝડપી પાડયો




ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લામાં અંગ્રેજી દારૂનું દુષણ હજુ જોવા મળે છે ત્યારે હાલમાં સાગબારા પોલીસે પરોઢી ચેક પોસ્ટ પરથી મોટરસાઈકલ પર લઈ જવાતો અંગ્રેજી દારૂનો મુદ્દામાલ પકડવામાં સફળતા મેળવી છે. સાગબારા પોલીસે પરોઢી ચેકપોસ્ટ ઉપર ચેકીંગ માં હતી ત્યારે (૧) કિશન જલમસીંગભાઈ વસાવા તથા (૨) વિપુલ નારણભાઈ વસાવા બંને રહે. ઉમરગોટ તા.ઉમરપાડા જી. સુરત ને પોતાના કબ્જાની હોન્ડા યુનિકોર્ન મો.સા નંબર. GJ-19-AS- 4929 ઉપર ગુલાબી કલરના બેગમાં વગર પાસ પરમીટનો ભારતીય બનાવટના દેશી દારૂ સૌફ ૯૦ એમ. એલ પ્લા.ના ક્વાટરીયા કુલ નંગ-૪૮ કિંમત રૂ.૨,૪૦૦/- તથા બન્ને ઈસમોની અંગઝડતીમાંથી મળી આવેલ બે મોબાઈલ ફોન કિં.રૂ.૬,૦૦૦/-તથા મો.સા.નં.-૦૧ કિં. રૂ.૩૦,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૩૮,૪૦૦/-નો પ્રોહી મુદ્દામાલ પોતાના કબ્જાની મો.સા. ઉપર હેરાફેરી કરતા પકડાઇ ગયા હતા. જ્યારે (૧) સંદિપનારણભાઈ વસાવા તથા (૨) મેહુલ ચેતનભાઈ વસાવા બંને રહે.ઉમરગોટ તા.ઉમરપાડા જી.સુરત ને પોતાના કબ્જાની મો. સા. નંબર.GJ-22-L- 6293 ઉપર કાળા કલરના બેગમાં ગે.કા. વગર પાસ પરમીટનો ભારતીય બનાવટના દેશી દારૂ સૌફ ૯૦ એમ. એલ પ્લા.ના ક્વાટરીયા કુલ નંગ- ૪૮ કિંમત .રૂ.૨,૪૦૦/-તથા બન્ને ઈસમોની અંગઝડતીમાંથી મળી આવેલ એક મોબાઈલ ફોન કિં.રૂ.૫૦૦/-તથા મો. સા.નં.-૦૧ કિં.રૂ.૩૦, ૦૦૦/-મળી કુલ કિં. રૂ.૩૨,૯૦૦/-નો પ્રોહી. મુદ્દામાલ પોતાના કબ્જાની મો. સા. ઉપર હેરાફેરી કરતા પકડાઇ જતા સાગબારા પોલીસે કુલ રૂપિયા 71.300 ના મુદ્દામાલ સાથે ચાર ને પકડી ગુના દાખલ કર્યા છે.

# જાફરાબાદના લાલબત્તી બેટમાં મહિલા રિસામણે બેસવા બાબતે થયું ધિંગાણું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદમાં બે જુથ વચ્ચે મારામારી લાકડી અને ઢીકા પાટું વડે મારામારી અને ધમકી આપ્યાની ફરિયાદ જાફરાબાદ લાલબત્તી વિસ્તારમાં મધુબેન હરિભાઈ બારૈયા (ઉ.વ.૩૦) ના ભાઈ રવજીભાઈના પત્ની મંજુલાબેન મધુબેન સાથે રહેતા હોય અને તેના ભાઈ સાથે રહેવા માગતા ન હોય અને સાસુ સસરાથી અલગ-અલગ રહેવા માગતા હોય મંજુબેનને રત્નબેન ડાયાભાઈ બાંભણિયા મધુબેનના ઘરેથી મંજુબેનને તેડી ગયેલ હોય તેનું મન દુ:ખ રાખી રત્નબેન ડાયાભાઈ બાંભણિયા હંસાબેન પ્રકાશભાઈ શિયાળ, કુવરબેન મગનભાઈ બારૈયા, લાલજીભાઈ ડાયાભાઇ બાંભણિયા, એ ગાળો બોલી વારાફરતી લાકડી વડે મધુબેનને હાથે અને વાસાના ભાગે મારામારી ધમકી આપી હથિયાર બંધી ના જાહેરનામાનો ભંગ કરી એક બીજાએ મદદગારી કરી ગુનો કર્યાની જાફરાબાદ મરીન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જ્યારે સામાપક્ષે મધુબેન હરિભાઈ બારૈયા ના પત્ની તથા તેના દિકરો લાલજી ઘરે હતા તે વખતે મેઘા માણસુરભાઈ , મંજુબેન મેઘાભાઇ મકવાણા, મધુબેન હરિભાઈ, વાલીબેન પ્રતાપભાઈ બારૈયા એ મધુબેનના ઘરે આવી તેના ભાણેજ મંજુબેન રિસામણે હોય જેથી સારૂ નહીં લાગતાં ચારેય જણા એ વારાફરતી આવી મધુબેનના દિકરા તથા પત્ની રત્નબેનને ગાળો બોલી ઢીકાપાટુનો મારમારેલ હોય જે નું મન દુ:ખ રાખી તા.૧૭-૦૫. ના સવારે ૧૦-૩૦ વાગ્યે દિકરા લાલજીને રવજી મેઘાભાઈ, મનોજ મેઘાભાઈ મકવાણા એ મધુબેનની બોટમાં આવી દિકરા લાલજીને ગાળો બોલી ઢીકાપાટુ વડે મારામારી રવજી એ ગળે ટુંકો દઈ જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજા એ મદદગારી કરી કર્યાની જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# બારોટ આનંદભાઈ બાબુભાઇની ટીમ દ્વારા લોક ડાયરાનો કાર્યક્રમ યોજાયો



પાટણ જિલ્લાના શંખેશ્વર તાલુકાના રતનપુરા ગામે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગર ના આર્થિક સહયોગ થી જાહેર જનતાના હિતાર્થે શ્રી બારોટ આનંદભાઈ બાબુભાઇ ની ટીમ દ્વારા લોક ડાયરા નો કાર્યક્રમ યોજાયો હતો જેમાં દેશ ભક્તિના ગીતો શૌર્ય ગીતો નો બહોળી સંખ્યામાં લોકો એ લાભ લીધો હતો.

# ઇન્ડિયન ઓઇલે શ્રીલંકામાં પ્રીમિયમ ઇંધણ XP100ની નિકાસ કરી




(એજન્સી) અમદાવાદ । તા. 19

ઊર્જા ક્ષેત્રની ભારતની અગ્રણી કંપની ઈન્ડિયન ઓઇલે આજે જવાહરલાલ નેહરુ પોર્ટ ટ્રસ્ટ (જેએનપીટી), નવા શેવા, નવી મુંબઈ ખાતેથી શ્રેષ્ઠ 100 ઓક્ટેન પ્રીમિયમ ઇંધણ, એક્સપી 100ના સૌપ્રથમ જથ્થાંની નિકાસ કરી હતી. પ્રીમિયમ હાઇ-એન્ડ વાહનો માટે તૈયાર કરવામાં આવેલું એક્સપી 100 શ્રીલંકામાં તેના ગ્રાહકોને શ્રેષ્ઠ પરફોર્મન્સ આપવા સજ્જ છે. વિશાળ કામગીરી, ઉત્પાદનોની ગુણવત્તા તથા સાતત્યપૂર્ણ ભવિષ્ય પૂરું પાડવા વૈશ્વિકસ્તરે આગવી પ્રતિષ્ઠા ધરાવતી ઈન્ડિયન ઓઈલ દ્વારા શ્રીલંકાને એક્સપી 100ની નિકાસનું આ સીમાચિહ્ન ભારતીય ઓઇલની વૈશ્વિક ઊર્જા કંપની બનવાની મહત્ત્વાકાંક્ષાનું પ્રતીક છે. પ્રથમ શિપમેન્ટને લીલી ઝંડી આપતા ઈન્ડિયન ઓઈલના ડિરેક્ટર (માર્કેટિંગ) શ્રી વી. સતીશ કુમારે જણાવ્યું હતું કે, 'શ્રીલંકામાં નવા બજારોને હાંસલ કરવા માટે અમારી અન્ય એક પ્રોડક્ટ આગળ વધી રહી છે ત્યારે આજનો દિવસઅમારાં માટે ઘણો મહત્ત્વનો છે. આ ત્રીજી વખત છે જ્યારે અમે કોઈ પ્રોડક્ટને વિદેશમાં લઈ જઈ રહ્યા છીએ, જે ભારતમાંથી વિશ્વમાં ગુણવત્તાયુક્ત ઉત્પાદનો મોકલવાની અમારી ક્ષમતાને પ્રદર્શિત કરે છે. ' શ્રી સુજોય ચૌધરી, ડિરેક્ટર (પ્લાનિંગ એન્ડ બિઝનેસ ડેવલપમેન્ટ) તથા લંકા આઈઓસીના ચેરમેને જણાવ્યું હતું કે, 'આ એક ઐતિહાસિક દિવસ છે કારણ કે અમે અમારી પ્રીમિયમ પ્રોડક્ટ એક્સપી 100ને શ્રીલંકા માટે લીલી ઝંડી આપીએ છીએ. આ ઉત્પાદન બહોળા પ્રમાણમાં લોકપ્રિય બને અને તેને સ્વીકાર્યતા મળે તે સુનિશ્ચિત કરવા માટે અમે વ્યાપક પ્રમોશનલ યોજનાઓ તૈયાર કરી છે.ભારતનુંસૌપ્રથમ 100 ઓક્ટેન પેટ્રોલો એક્સપી100 સ્થાનિક સ્તરે વિકસાવવામાં આવ્યું છે, જે ઈન્ડિયન ઓઇલની સ્વદેશી ઓક્ટામેક્સ ટેકનોલોજીનો ઉપયોગ કરે છે.

# દેડીયાપાડામાં તોલમાપ વિભાગ દ્વારા 62 દુકાનોમાં ચેકીંગ હાથ ધરાતા 21 હજાર નો દંડ ફટકાર્યો

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લામાં તોલમાપ અને ગ્રાહક સુરક્ષા વિભાગની ટીમોએ દુકાનોમાં ચેકીંગની કામગીરી હાથ ધરતા કેટલાક દુકાનદારો માં ફફડાટ જોવા મળ્યો હતો. જિલ્લાના દેડિયાપાડા તાલુકામાં કિરાણા, સુપર સ્ટોર, ડેરી પાર્લર, જ્વેલર્સ, હોલસેલ વેપારી, શાકભાજી ફેરીયાઓને ત્યાં તોલમાપ ની તમે તપાસ હાથ ધરી હતી. જેમાં કિરાણા સ્ટોર્સ, ડેરી પાર્લર, વગેરેમાં ભાવ વધારો લેવામાં આવે છે કેમ તેની ખાસ તપાસ કરવામાં આવી આ ઉપરાંત દરેક એકમમાં વજન - માપને લગતા જરૂરી ઉપકરણો ઉપલબ્ધ છે કે કેમ, દરેક ઉપકરણોમાં સરકારી સિલ છે કે કેમ વગેરેની તપાસ કરવામાં આવી હતી. આ તપાસમાં કુલ 62 એકમોની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી 18 એકમો પર નિયમોના ઉલ્લંઘન કરવા બદલ પ્રોસ્યુકેશન કેસ કરવામાં આવ્યાં.

# આણંદ-ગોધરા સેક્શન વચ્ચે ડબલિંગ કામ ને કારણે 20 મે થી 4 જૂન સુધી મેમુ ટ્રેનો રદ રહેશે

અમદાવાદ : પશ્ચિમ રેલવે ના આણંદ-ગોધરા સેક્શન વચ્ચે ડબલિંગના કામ ને કારણે બ્લોકને કારણે 20 મે થી 4 જૂન સુધી મેમુ ટ્રેનો રદ રહેશે.

1. ટ્રેન નંબર 09131 આણંદ - ગોધરા મેમુ ટ્રેન 20મી મે થી 4 જૂન સુધી રદ રહેશે.
2. ટ્રેન નંબર 09132 ગોધરા - આણંદ મેમુ ટ્રેન 20 મે થી 4 જૂન સુધી રદ રહેશે.
3. ટ્રેન નંબર 09379 આણંદ - ડાકોર મેમુ ટ્રેન 20મી મેથી 4 જૂન સુધી રદ રહેશે.
4. ટ્રેન નંબર 09380 ડાકોર - આણંદ મેમુ ટ્રેન 20 મે થી 4 જૂન સુધી રદ રહેશે.

રેલવે મુસાફરોને ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરવા વિનંતી કરવામાં આવે છે. ટ્રેનના ઓપરેટિંગ સમય, સ્ટોપ અને સ્ટ્રક્ચર સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# રાજુલાના એસબીઆઇ બેંકનું એટીએમ એક માસથી બંધ હાલતમાં : ગ્રાહકોમાં આક્રોશ




કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા એસબીઆઈ બેંક નું એટીએમ છેલ્લા એક માસથી બંધ હાલતમાં બેંક સામે ગ્રાહકોમાં વ્યાપક રોષ જોવા મળી રહ્યો છે.

રાજુલા ખાતે સવિતા નગરમાં આવેલ સ્ટેન્ડબેક ઓફ ઈન્ડિયા સૌરાષ્ટ્ર કૃષિ શાખા રાજુલામાં સૌથી મોટી બેંક છે. સૌથી વધારે ખાતા ખેડૂતોના આ બેંકમાં છે. અમરેલી જિલ્લામાં કહીં એ તો આ કૃષિ બેંક સૌથી વધારે ટન ઓવર આ બેંકમાં છે. ખેડૂત લક્ષી બેંક હોવાથી ખાતાં રાજુલા જાફરાબાદ વિસ્તારના આ કૃષિ બેંકમાં છે. પરંતુ આ બેંકમાં ખાતું પણ ખોલવું હોય તો ત્યારે એક જ દિવસમાં ખુલતું નથી બેથી ત્રણ દિવસ પછી વારો આવે છે. એટલી મોટી ગ્રાહકો ધરાવતી બેંક છે. પરંતુ કમનસીબે એ છે કે આ બેંકનું એટીએમ મશીન છેલ્લા એક માસથી બંધ હાલતમાં હોય પરંતુ જવાબદાર બેંક અધિકારી ના ધ્યાન ઉપર ન હોય તેવું લાગી રહ્યું છે. જો ધ્યાન ઉપર હોય તો આ એટીએમ મશીન છેલ્લા એક માસથી બંધ હાલતમાં ના હોય સવિતા નગરમાં બેંક છે. ત્યાં આજુબાજુ એક પણ એટીએમ નથી આ એટીએમ ચાલુ હોય તો ખેડૂતોને પણ ફાયદા કારક હતું સવિતા નગરના લોકોને પણ આ એટીએમ ઉપયોગી હતું.

આ અંગે કૃષિ બેંકના જવાબદાર અધિકારી યોગેશભાઈ ને પૂછતાં જણાવ્યું કે સવા મહિના ઉપરથી બંધ છે. પરંતુ નવું એટીએમ અને કારીગર આવે રાજુલા ત્યારે થશે આમ સવા મહિના થી બંધ હોવા છતાં જવાબદાર બેંક ના અધિકારીનું પેટનું પાણી પણ હલતું નથી આ અંગે ભાવનગર અમરેલી ના મેનેજર આ બેંકના ખાતા ધારકો ગ્રાહકો ની સંખ્યા એટીએમ નો ઉપાડ તપાસ કરી તાત્કાલિક એટીએમ શરૂ કરાવવા રિઝિયોન મેનેજરને રાજુલા ગ્રાહકો દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

# શું છે Anti Diet Plan? કયા લોકો માટે તે સૌથી વધુ ફાયદાકારક છે, જાણો તેના વિશે

**લોકો પોતાનું વજન ઘટાડવા માટે ડાયટિંગ ફોલો કરે છે. પરેજી પાળવી સરળ નથી. સમયસર બધું ખાવું, મર્યાદિત માત્રામાં ખાવું અને ડાયેટિંગ કરતી વખતે ક્યારેક લાંબા સમય સુધી ભૂખ્યા રહેવું સહેલું નથી. પરંતુ તમે તેના બદલે એન્ટી ડાયેટ પ્લાન ફોલો કરી શકો છો. આજકાલ વજન ઘટાડવાનો ટ્રેન્ડ ઘણો જોવા મળી રહ્યો છે. જે લોકોનું વજન ઘણું વધી ગયું છે તે લોકો જીમમાં વર્કઆઉટની સાથે ડાયટ ફોલો કરી રહ્યા છે. જે લોકો વજન ઘટાડવા માંગે છે તેમને તેમના આહારમાં ઘટાડો કરવાની સલાહ આપવામાં આવે છે. આ લોકોને ફક્ત તે જ વસ્તુઓ આપવામાં આવે છે જે તેમની ચરબી ઝડપથી બર્ન કરે છે. પરંતુ પરેજી પાળવી પણ સરળ નથી.**





**એન્ટી ડાયટિંગ યોજના શું છે |** આને માઈન્ડફુલ ઈટિંગ તરીકે પણ ઓળખવામાં આવે છે. એન્ટી ડાયટિંગ યોજનામાં તમારે માઈન્ડફુલ ખાવાની પ્રેક્ટિસ કરવી પડશે. તમારા શરીર માટે કઈ વસ્તુઓ જરૂરી છે અને કઈ વસ્તુઓથી વજન ઘટશે, આ બધી બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે છે. એન્ટી ડાયટિંગ યોજનામાં શરીર માટે સૌથી મહત્વપૂર્ણ પોષક તત્વો પર પણ ધ્યાન આપવામાં આવે છે.

**ક્યાં લોકો માટે ફાયદાકારક |** આ ડાયટ પ્લાન માત્ર તે લોકો માટે છે જેઓ વજન ઘટાડવા માંગે છે, પરંતુ તે લોકો માટે પણ ફાયદાકારક છે જેઓ ઈમોશનલ ઈટિંગમાંથી પસાર થઈ રહ્યા છે. આનો અર્થ એ છે કે લોકો જ્યારે પણ તેમને ગમે ત્યારે ખાવાનું શરૂ કરે છે. કેટલાક લોકો એવા હોય છે જે હંમેશા ખોરાક વિશે વિચારે છે. આ લોકો માટે આ ડાયટ પ્લાન વધુ સારો છે.

**આ બાબતોનું પાલન કરો |** વજન ઓછું કરવા માટે જ્યારે તમને ભૂખ લાગે ત્યારે જ ખાવું છે. કોઈપણ પ્રકારનું વધુ પડતું ખાવાનું ટાળો. સતત ખાવાનું ન રાખો અને વધુ ખાંડવાળી વસ્તુઓ ટાળો.

# Pregnancy દરમિયાન મહિલાઓનો કેવો આહાર લેવો જોઈએ?



**પ્રેગ્નન્સી દરમિયાન પોષક તત્વોની અછતને કારણે બાળકો કુપોષિત થઈ શકે છે અને તેમને અનેક પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. ICMR એ ગર્ભાવસ્થા દરમિયાન મહિલાઓ માટે આહાર માર્ગદર્શિકા જારી કરી છે. ચાલો અમને જણાવો. પ્રેગ્નન્સી દરમિયાન મહિલાઓએ પોતાનું ખાસ ધ્યાન રાખવું પડે છે. ગર્ભાવસ્થા દરમિયાન મહિલાઓનો આહાર શું છે, તેઓ કેટલો આરામ કરે છે - આ બધી બાબતો તેમના ગર્ભસ્થ બાળક પર પણ અસર કરે છે. નિષ્ણાતો કહે છે કે નવજાત શિશુના જન્મ પછી તેનો વિકાસ અને સ્વાસ્થ્ય પણ પોષક તત્વો પર આધારિત હોય છે. આવી સ્થિતિમાં મહિલાઓએ પોતાની સાથે-સાથે પોતાના બાળકોનું પણ ધ્યાન રાખવું જરૂરી છે. તાજેતરમાં, ICMR એ આહાર માર્ગદર્શિકા શેર કરી છે, જે ગર્ભવતી મહિલાઓ માટે યોગ્ય આહાર વિશે જણાવે છે. આ રિપોર્ટ અનુસાર ભારતમાં મોટાભાગની બીમારીઓ ખરાબ આહારના કારણે થાય છે, ચાલો જાણીએ કે ગર્ભાવસ્થા દરમિયાન મહિલાઓનો આહાર કેવો હોવો જોઈએ.**

**નાસ્તામાં શું લેવું ? |** ICMR આહાર માર્ગદર્શિકા અનુસાર, મહિલાઓએ સવારે 6 વાગ્યે એક ગ્લાસ (150 મિલી) દૂધ પીવું જોઈએ. આ પછી સવારના 8 વાગ્યે આહારમાં 60 ગ્રામ આખા અનાજ, 75 ગ્રામ લીલા શાકભાજી, 20 ગ્રામ કઠોળ, 20 ગ્રામ બદામ અને 5 ગ્રામ તેલનો સમાવેશ કરવો જોઈએ.

**બપોરના ભોજનમાં |** સગર્ભા સ્ત્રીઓએ તેમના બપોરના ભોજનમાં 100 ગ્રામ ભાત અથવા રોટલી, 30 ગ્રામ કઠોળ અથવા માંસ, શાકભાજીની કઢી, 75 ગ્રામ લીલા શાકભાજી, 200 ગ્રામ ફળો અને 100 ગ્રામ તાજા ફળો ખાવા જોઈએ. તે જ સમયે, સાંજે 4 વાગ્યે નાસ્તા તરીકે દૂધ સાથે 20 ગ્રામ બદામ અને બીજનો સમાવેશ કરો.

**રાત્રિભોજન માટે |** રાત્રે મહિલાઓએ 60 ગ્રામ ભાત અથવા રોટલી, 25 ગ્રામ ચણા, 75 ગ્રામ લીલા શાકભાજી અને 50 ગ્રામ તાજા ફળો ખાવા જોઈએ.

**ગર્ભાવસ્થા દરમિયાન શું કરવું?|** ગર્ભાવસ્થા દરમિયાન મહિલાઓએ વિટામિન સીથી ભરપૂર ફળો જેમ કે આમળા, જામફળ અને સંતરાનો તેમના આહારમાં સમાવેશ કરવો જોઈએ. ઉબકા અથવા ઉલટીના કિસ્સામાં, દિવસ દરમિયાન થોડું ભોજન લો. વિટામિન ડી જાળવવા માટે, દરરોજ ઓછામાં ઓછા 15 મિનિટ સૂર્યમાં બેસો. તમારા ફોલિક એસિડની માત્રાને પહોંચી વળવા માટે લીલા શાકભાજી ખાઓ.

**શું ન કરવું |** ગર્ભાવસ્થા દરમિયાન ધૂમ્રપાન, દારૂ અને તમાકુથી દૂર રહો. કાર્બોરેટેડ પાણીથી દૂર રહો. જમ્યા પછી તરત જ સૂવું કે બેસવું નહીં. થોડી વાર ચાલો. આ સિવાય જમ્યા પછી કોફી કે ચા ન પીવી.

# ઉનાળાની ગરમીમાં આખો દિવસ મોજા પહેરી રાખતા હોવ તો ચેતજો, આ સમસ્યા વધારશે તમારી મુશ્કેલી

ઉનાળાની ઋતુમાં સ્વાસ્થ્ય સારું જાળવવા માટે ઘણી સાવચેતી રાખવી પડે છે. આપણી કેટલીક આદતો સ્વાસ્થ્ય માટે હાનિકારક હોય છે. આવી જ એક આદત લાંબા સમય સુધી મોજાં પહેરવાની છે. હકીકતમાં, ઘણા લોકો શાળાએ જવાથી લઈને ઓફિસમાં કામ કરવા માટે ઘણા કલાકો સુધી મોજા પહેરે છે. આવું કરવું શરીર માટે હાનિકારક છે. જો તમે ઉનાળાની ઋતુમાં લાંબા સમય સુધી મોજાં પહેરો છો તો તમારી આ આદતને બદલો, નહીં તો તમારે ઘણાં જોખમોનો સામનો કરવો પડી શકે છે. ઘણા લોકો સસ્તા અને નબળી ગુણવત્તાવાળા મોજાં પહેરે છે. જેના



કારણે પગની ત્વચાને નુકસાન થવાનો ભય રહે છે. જો તમે ઉનાળાની ઋતુમાં સતત મોજાં પહેરો છો તો તમારા પગમાં પરસેવો આવવા લાગે છે. ભેજમાં વધારો ફંગલ ચેપનું કારણ બની શકે છે. જેના કારણે પગની ત્વચા સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ શકે છે. રક્ત પરિભ્રમણ અસર: વધુ પડતા ફિટ મોજાં પહેરવાથી પગમાં સોજો આવી શકે છે. જેના કારણે વ્યક્તિ બેચેની અને અતિશય ગરમી થવા લાગે છે. જો તમે સવારથી રાત સુધી મોજાં પહેરવાનું રાખો છો, તો તમને તમારા પગમાં જકડાઈ જવાની સમસ્યાનો પણ સામનો કરવો પડી શકે છે. હીલ અને અંગૂઠાનો વિસ્તાર પણ સુન્ન થઈ શકે છે.પગમાં જે પરસેવો નીકળે છે તેને મોજાં શોષી લે છે. આવી સ્થિતિમાં, જો લાંબા સમય સુધી મોજાં પહેરવાથી પરસેવો સંપૂર્ણપણે સુકાઈ ન જાય, તો મોજાંમાં બેક્ટેરિયા અને વાયરસ વધે છે, જે ફંગલ ઈન્ફેક્શન સહિતની ઘણી સમસ્યાઓનું કારણ બની શકે છે. શરીરના કોઈપણ ભાગમાં પ્રવાહી એકઠા થવાથી સોજો આવે છે, જે એડીમાનું લક્ષણ છે. લાંબા સમય સુધી એક જ સ્થિતિમાં બેસી રહેવાથી પગ સુન્ન થઈ જાય છે. લાંબા સમય સુધી મોજાં પહેરવાથી પણ આ સમસ્યા થઈ શકે છે. કાયમની અતિશય ફૂલેલી નસો જોખમ : જો ખૂબ ફિટ મોજાં લાંબા સમય સુધી પહેરવામાં આવે તો વેરિસોઝ વેઈન્સની સમસ્યા થઈ શકે છે. જે લોકોને આ બીમારી પહેલાથી જ છે તેમણે મોજાં પહેરતી વખતે ખાસ કાળજી લેવી જોઈએ નહીંતર સ્થિતિ ગંભીર બની શકે છે.

# ગરમીમાં મળતા શેતૂર ઔષધિય ગુણોનો ભંડાર છે

ઉનાળો શરૂ થઈ ગયો છે. બજારોમાં નવા ફળ આવવા લાગ્યા છે. ઉનાળો એટલે તરબૂચ, તરબૂચ, કેરી જેવા અનેક ફળોની ઋતુ. આ જ સિઝનમાં શેતૂર પણ આવે છે. નાના શેતૂર એ ખૂબ જ ફાયદાકારક ફળ છે. ભલે આ ફળ બજારમાં માત્ર 1-2 મહિના માટે જ મળે છે, પરંતુ તેના ફાયદા અસંખ્ય છે. શેતૂરને ઔષધીય ગુણોનો ખજાનો માનવામાં આવે છે. આયુર્વેદમાં શેતૂરનો ઉપયોગ અનેક રોગોને દૂર કરવા માટે કરવામાં આવે છે. શેતૂરમાં આવા ઘણા પોષક તત્વો મળી આવે છે, જે રોગો સામે લડવામાં મદદ કરે છે. આયુર્વેદિક ડોકટરોના જણાવ્યા મુજબ, શેતૂરમાં સાયનાઈડ અને ગ્લુકોસાઈડ નામના ફાયટોન્યુટ્રિઅન્ટ્સ હોય છે જે લોહીમાં હાજર ઝેરી પદાર્થોને ફિલ્ટર કરવાનું કામ કરે છે. આ સિવાય તે બ્લડ સર્ક્યુલેશનને ઠીક રાખે છે. ત્યારે ચાલો જાણીએ તેને અદ્વિતીય ફાયદા. ડાયાબિટીસમાં ફાયદાકારક- શેતૂરમાં એવા ગુણ હોય છે જે શરીરમાં ઈન્સ્યુલિનના ઉત્પાદનની પ્રક્રિયાને ઝડપી બનાવે છે. એટલે કે ડાયાબિટીસના દર્દીઓ માટે પણ શેતૂર એક ફાયદાકારક ફળ છે. આ સ્થૂળતા ઘટાડવામાં પણ મદદ કરે છે. કબજિયાતમાં રાહત- શેતૂર પેટ માટે ફાયદાકારક માનવામાં આવે છે. તેના સેવનથી કબજિયાતની સમસ્યા દૂર થઈ શકે છે. શેતૂર ખાવાથી કબજિયાતમાં ઘણી રાહત મળે છે. આંખો માટે ફાયદાકારક- શેતૂરનું સેવન આંખો માટે પણ ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે, તેને ખાવાથી આંખોની રોશની વધે છે અને આંખોને નુકસાનથી બચાવવામાં પણ મદદ મળે છે.

# ઉનાળામાં દૂધને બદલે પીવો આ 5 વસ્તુઓમાંથી બનેલી ચા

આપણે સવારે ખાલી પેટ જે કંઈ પણ ખાઈએ છીએ અને પીએ છીએ તેની સૌથી વધુ અસર આપણા શરીર પર પડે છે. તેથી, સવારે ખાલી પેટે, તમારા દિવસની શરૂઆત દૂધની ચાને બદલે કુદરતી ચાથી કરો. ઉનાળો હોય કે શિયાળો, કેટલાક લોકો સવારે ઉઠીને સૌથી પહેલા સ્ટ્રોંગ ટી પીવી પસંદ કરે છે, જે પેટના સ્વાસ્થ્ય માટે સારી નથી હોતી. તેથી, સવારે ઉઠ્યા પછી, તે વસ્તુઓનું સેવન કરો જેનાથી તમને ફાયદો થશે. સવારે ખાલી પેટ દૂધની ચા પીવાથી એસિડિટી, પેટમાં દુખાવો, પેટનું ફૂલવું અને ઉબકા આવવા જેવી સમસ્યાઓ થઈ શકે છે. દૂધની ચાને બદલે, તમે દિવસની શરૂઆત કુદરતી ચા, જેમ કે લેમન ટી, આદુની ચા અને ગ્રીન ટી વગેરેથી કરી શકો છો. આ ઉચ્ચ એન્ટીઑક્સિડન્ટ ચા તમને રેડિકલના કારણે થતા નુકસાનથી જ બચાવતી નથી, પરંતુ તમારી રોગપ્રતિકારક શક્તિને પણ મજબૂત કરે છે અને તમારી ઉર્જાને વેગ આપે છે. લેમન ટી પાચન માટે સારી છે અને તેના ઘણા સ્વાસ્થ્ય લાભો છે.



તે શરીરને ડિટોક્સિફાય પણ કરે છે. તેને બનાવવા માટે ગરમ પાણીમાં લીંબુનો રસ મિક્સ કરો અને તેમાં થોડું મધ ઉમેરો. તમારી ચા તૈયાર છે. આદુની ચાના સ્વાસ્થ્ય માટે પણ ઘણા ફાયદા છે. તેમાં બળતરા વિરોધી ગુણ હોય છે, જે પેટની સમસ્યાઓમાં રાહત આપે છે. તેને બનાવવા માટે ગરમ પાણીમાં આદુના ટુકડા નાખીને ઉકાળો. પછી તેને ગાળીને તેમાં લીંબુનો રસ નાખીને પીવો. શરીરમાં એન્ટીઓક્સીડેન્ટ વધારવા માટે ગ્રીન ટીના ઘણા ફાયદા છે. આ ચા મેટાબોલિઝમને પણ બુસ્ટ કરે છે. તેને બનાવવા માટે એક કપ ગરમ પાણીમાં ગ્રીન ટી બેગ અને લીંબુનો રસ ઉમેરો. ફુદીનાની ચા પેટ માટે ખૂબ જ સારી છે. તેમાં રહેલું મેન્થોલ તમને ઠંડકનો અહેસાસ કરાવે છે અને માનસિક થાકને પણ દૂર કરે છે. પછી તેને ગાળીને તેમાં મધ મિક્સ કરીને પીવો. કેમોલી ચા મનને શાંત કરવામાં અને તણાવ ઘટાડવામાં મદદ કરે છે. તેને બનાવવા માટે કેમોમાઈલ ટી બેગને ગરમ પાણીમાં 5-10 મિનિટ માટે ડુબાડી રાખો અને પછી તેને



ગાળીને પી લો. નોંધ: અહીં આપવામાં આવેલી માહિતી ફક્ત આપની જાણકારી માટે છે. કોઈપણ દવા અથવા સારવારનો વિકલ્પ હોઈ શકે નહીં. વધુ માહિતી માટે હંમેશા તમારા ડૉક્ટરની સલાહ લો.

# અસંખ્ય લોકોનો હત્યારા બાદશાહ ખાનને પણ મોતના સ્વરૂપે ખૂન મળ્યું

સતત એક પછી એક ૧૦૦થી વધારે મીણબતીમાં તપાવેલ ગરમા ગરમ છરા ના ઘા છત પર લટકતા નિવસ્ત્ર મકસુદના શરીરના વિવિધ અંગો તરફ ફેંકીયા. મુનમુન બેગમ એ ધંધામાં થયેલ કરોડોનું નુકશાન ગદ્દાર ને અંતિમ અંજામ સુધી પોહચડી પૂરું કર્યું. ગદ્દાર નો અંતિમ અંજામ નો વિડિઓ મકસુદ સાથે સામેલ જર્મની ફ્રાન્સ ના પોલીસ અધિકારી સુધી એનું લાઈવ પ્રસારણ કર્યું. મકસુદ ના અંજામ નું લાઈવ દર્શન કર્યા બાદ એ પાંચેય પોલીસ ઓફિસર ને કેદ કર્યા.મુનમુન બેગમ એ પાંચેય સામે નજર કરીને કહ્યું કે મારી સાથે ધંધામાં ગદ્દારી મતલબ અંતિમ અંજામ ભયાનક કમકમા ભર્યું મોત,ચરસ ગાંજા, ડ્રગ્સ વગેરે બેનામી બિઝનેસમાં દગો કે બેદરકારી નથી ચાલતી. એટલું સમજો કે બોસ પ્રત્યે વફાદાર તો માલામાલ. મકસુદ ના લટકી રહેલા લોહી લુહાણ શરીર તરફ થી નજર હટાવી ને છેલ્લો કબાબ નો ટુકડો મોઢામાં મૂકીને વ્હિસ્કી ના પેગ ગળે ઉતાર્યો. ચેરની બાજુની સ્વીચને ઓન કરીને લાંબુ બગાસું ખાતાં બોલી કે કાશ એસા પરફેક્ટ નિશાના નિત્ય મિલે, કબર મે ખામોશ ગફાર કો પાતા ચલે કી ઉનકી બીવી કા નિશાના ખાલી નહિ જાતા.

હોટલ ના રૂમનો દરવાજો ઓટોમેટિક ખુલતા જ બેત્રણ હોટેલ સ્ટાફ ના ખાસ લોકો રૂમની અંદર પ્રવેશ્યા ને છત પર લટકી રહેલા મકસુદના મૃતદેહ ને નીચે ઉતારી ને પ્લાસ્ટિકના કોથળા માં મજબૂતીથી પેક કર્યો.ત્યાર બાદ મૃતદેહને રૂમની અંદર થી સીધા કિચન ની તંદુરી ભઠ્ઠી તરફ જતા સ્લાઇડર માં ભળભળતા તંદુર માં રવાના કર્યો. હોટેલના સ્ટાફ એ રૂમની સાફ સફાઈ કરીને દીવાલ પર થી લઈને છત ને ચમકાવી દીધી. હોટેલ નો રૂમ નં : ૫૦૩ એ બાદશાહ ખાન એ ખાસ ધંધામાં ગદ્દારી કરનાર માટે બનાવડાવ્યો હતો.રૂમની અંદર ત્રણ ગુપ્ત ભોંયરા હતા.એક નો દરવાજા માં સીધો બાદશાહ ખાન ના ખાસ વૈભવી શ્યુટ તરફ જતો હતો.બીજા ભોંયરા નો ગુપ્ત દરવાજો રૂમ માંથી સ્લાઈડર દ્વારા સીધો કિચન ના ભડ ભડતા તાંદુર માં પુરો થતો હતો.ત્રીજા ભોંયરા નો ગુપ્ત દરવાજો સીધો હોટેલ ના બેઝમેન્ટ માં ખૂલતો હતો. બાદશાહ ખાન જીવતો હતો ત્યારે એ નિયમિત બેઝ મેન્ટ થી હોટેલ શયુટ માં જતો હતો.

અફસોસ!!અસંખ્ય લોકો નો હત્યારા બાદશાહ ખાન ને પણ મોત ના સ્વરૂપે ખૂન મળ્યું.

મુનમુન બેગમ હોટેલના રૂમના ભોંયરા ના રસ્તેથી સીધી ઈન્ટરનલ લિફ્ટ દ્વારા હોટેલ ના ટોપ ક્લાસ ના વૈભવી શ્યુટ તરફ જવા નીકળી ગઈ હતી. આ ફાઈવ સ્ટાર હોટેલ એ પાકિસ્તાન ના નંબર વન બિઝનેસ ટાયકૂન બાદશાહ ખાન એ અનેક અરમાનોથી અને કાળા ધંધા ના હિસાબ



**મર્ડર મિસ્ટ્રી કેસ**

**- રુપાલી દવે**

કિતાબ માટે બનાવી હતી. દગા ની સામે દગો.બાદશાહ ખાન ને બેગમ એ એની સુંદરતા ની ઝાળ માં એવો તો ફસાવ્યો હતો કે એ ખુદ ભૂલી ગયો હતો કે મુનમુન એના દોસ્ત ગફારની ભોળી સુંદરતાની મૂર્તિ પત્ની નથી. ગફાર ખાન ના એન્કાઉન્ટર બાદ એ શાતિર દિમાગની લોમડી બની ગઈ છે.બાદશાહ ખાન મુનમુન ને લાચાર તકલીફ માં ફસાયેલ ગફાર ની બેવા સમજતો હતો,જે બિચારી ભારતની પોલીસથી બચી ને પાકિસ્તાન ની આશ્રિત છે.મૃત ગફાર ખાન સાથેની ભાઈબંધી નિભાવવાના હેતુસર એણે બેગમને એના બિઝનેસની પાર્ટનર બનાવી દીધી હતી. બેગમ એ ચાલાકી વાપરી ને બન્ને પાર્ટનર વચ્ચે ની બિઝનેસ ની ટર્મ નક્કી કરતા દસ્તાવેજ તૈયાર કરાવ્યા હતા. દસ્તાવેજ અનુસાર બન્ને માંથી જેનું પણ મોત થાય એ બાદ જે જીવે એની મલિક્ત અને બિઝનેસ પર સંપૂર્ણ અધિકાર થશે.

બાદશાહ ખાન ના મોત બાદ એની દસ્તાવેજ અનુસાર સંપૂર્ણ મિલકત બેગમ ના નામે થઈ ગઈ હતી. બાદશાહ ખાનની ડ્રીંક માં બેગમ એ વીટી માં છુપાયેલ એવું ઝેર ભેળવ્યું હતું કે મોં માં ડ્રીંક પડતાં જ માણસ નું મૃત્યુ થઈ જાય ને પોસ્ટમોર્ટમ માં ઝેર તાત્કાલિક પકડાઈ પણ નહિ. ઝેર મૃત શરીર માંથી આશરે બેત્રણ દિવસ બાદ પોસ્ટમોર્ટમ કરતા મળે. બાદશાહ ખાન ના મોત બાદ ફાઈવ સ્ટાર હોટેલ ની માલિક સાથે પાકિસ્તાન સ્થિત એની અસંખ્ય પ્રોપર્ટી ઓની અને વિદેશમાં બાદશાહ ખાન ના નામની બધીજ પ્રોપર્ટી એ કરાર મુજબ મુનમુન બેગમ ના નામે થઈ ગઈ હતી..

મુનમુન બેગમ અગત્ય નું કાર્ય નિપટાવી ને વૈભવી હોટેલ ના શયુટ ના વિશાળ બાથટબ માના સુગંધી ગરમ ઠંડા મિક્સ પાણીની અંદર સંપૂર્ણ શરીર રાખ્યું.માત્ર ચહેરા નો ભાગ બહાર રાખીને આંખો બંધ રાખીને બિઝનેસ નવા પ્લાન ના વિચાર માં ખોવાઈ ગયા.અચાનક નુર નો વિચાર આવતા એ એની સાથે યુવાનીમાં વિતાવેલ પ્રેમભરી મીઠી ક્ષણો ના વિચારો માં ખોવાયેલી હતી ત્યાં અચાનક કરાચી ની મુખ્ય ઓફિસ માંથી એની મેનેજર મઝિલ નો ફોન આવ્યો.બાદશાહ ખાન નો બિઝનેસ સાંભળ્યા બાદ બેગમ એ એના મોટાભાગ ના સ્ટાફ ની હાકલ પટ્ટી કરી હતી પરંતુ મઝિલ ખાસ m ખાસ હતી એના પર બેગમના ચાર હાથ હતા. બેગમ એ સહેજ આંખ ખોલી ને જ ફોન ના કવર પર મંઝિલ નો ચેહરો કોમળ સુંદર ચહેરો નિહાળતા જ ફોન પિક કરતા પૂછ્યું કે એની અર્જેન્ટ મંઝિલ એ બેગમ ને સલામ અદા કરતા કહ્યું કે કંપની ના ખાસ પ્રોજેક્ટ અંતર્ગત સી.એમ આપને મળવા માંગે છે. બેગમ એ મંઝિલને ધીમા અવાજે પૂછ્યું કે આજ ના પૂરા દિવસ નો એજન્ડા શું છે? સી.એમ ને ક્યારે



મળી શકાય એમ છે. મંઝિલ એ કહ્યું કે મેડમ,આજની મીટીંગો ની સૂચિ અનુસાર આપની જર્મન ક્લાઈન્ટ સાથે મિટિંગ છે એ પછી ઉપરા ઉપરી સતત ત્રણ ચાર મીટીંગ વિથ ડિનર,કોકટેલ,ડ્રીંક જાપાનીઝ અને ચાઈનીઝ ક્લાઈન્ટ સાથે છે.બિઝનેસ અંતર્ગત મિટિંગ સતત ત્રણ ચાર દિવસ રહેવાની છે.આજ આપ સાંજના સાત વાગ્યા સુધી વ્યસ્ત છો. આજ સાંજે ૫:૩૦ થી ૬:૩૦ બાદશાહ ખાનની એન.જી.ઓ 'માસૂમ'ના કાર્યક્રમ અંતર્ગત વ્યસ્ત રહેશો.બેગમ એ મંઝિલ કહ્યું કે રાત ના નવ વાગ્યા બાદ સી.એમ સાથે ડિનર વિથ મિટિંગ ફિક્સ કર.કલાક બાદ હોટેલ થી ઓફિસ આવવા નીકળું છું.

બેગમ વિચારવા લાગ્યા કે મકસુદ નું કિસ્સો ખત્મ કર્યા બાદ જર્મની ફ્રાન્સનો ડ્રગ્સ ડીલરનો બિઝનેસ માટે જર્મની કોને મૂકવો? વૈભવી હોટલ ના ભવ્ય શ્યુંટ ના આધુનિક બાથટબની છત તરફ નજર કરતા જ છત ની ટાઈલ્સ માં પોતાનો ચહેરો નિહાળતા જ મુનમુન બેગમ ખડખડાટ હસ્યા ને બોલ્યા નુર મહમદ..પૂરાના આશિક. ઈસ ધંધે કા માસ્ટર માઈન્ડ જર્મની ફ્રાન્સ મે રહેગા તો યુ. એસ કી પુલિસ નુર કો કુછ નહિ કર સકેંગી. ઊંકો પાતા હે ધંધે કી કમજોરી ઔર તાકાત. કાચા લીંબુ પીળા કલરના પાકિસ્તાની રેડ બ્લ્યુ ફ્લોરલ ડિઝાઈન ના ડ્રેસમાં સજ્જ થઈ બેગમ બાથરૂમ માંથી બહાર નીકળ્યા.ડ્રેસિંગ ટેબલની ચેર પર બેસતા જ એના પર્સનલ બ્યુટી કેર સ્ટાફ ની રૂબિના એ બેગમ ના કાળા લાંબા વાળ ને હેર ડ્રાયર વડે સૂકવીને રેગ્યુલર સ્ટાઈલ માં ઝૂડો બાંધી દીધો.રૂબિના એ બેગમ ના ખૂબ સુરત ચહેરા પર હળવો મેકઅપ કર્યા બાદ બ્રાન્ડેડ પિન્ક લિપસ્ટિક નો શેડ હોઠ પર લગાવ્યો. કાળી મોટી સુંદર આંખો ને બ્રાન્ડેડ કાજલ પેન્સિલ થી સજાવી દીધી. કાજલ માં સજાવેલ મુનમુન બેગમ ની આંખ ખૂબ સુંદર મોહક લાગતી હતી. બ્લેક લખનૌવી બુરખો માં સજ્જ થઈ ને લેધરનું બ્રાન્ડેડ સ્ટાઈલિશ પાકીટ ખંભે લટકાવીને ઓફિસ જવા નીકળ્યા.હિલ વાળા સેન્ડલ પહેરી ને રૂમની અંદરની સ્પેશિયલ લિફ્ટ દ્વારા ગ્રાઉન્ડ ફ્લોર થી ઓફિસ જવા નીકળી ગયા.કાર માં બેસતા જ નુર મહમદ ને મેસેજ કર્યો કે ત્રણ દિવસ બાદ મિયા,કરાચી આવવા રવાના થઈ જાવ

# સંજય લીલા ભણસાલીની લવ એન્ડ વોર ની તૈયારીઓ શરૂ

## આલિયા-રણબીર સ્ટારર ફિલ્મ માટે તૈયાર કર્યું ગીત, કહ્યું- 'તેના વિના ફિલ્મ અધૂરી રહેશે...'




(એજન્સી)મુંબઇ | હીરામંડી સિરીઝના કારણે ચર્ચામાં રહેલા સંજય લીલા ભણસાલીએ પોતાની આગામી ફિલ્મ 'લવ એન્ડ વોર'ની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ ફિલ્મમાં આલિયા ભટ્ટ, રણબીર કપૂર અને વિકી કૌશલ લીડ રોલમાં છે. સંજય લીલા ભણસાલીએ ફિલ્મ માટે એક ગીત કમ્પોઝ કર્યું છે, જો કે ફિલ્મમાં ગીત ક્યાં મૂકવામાં આવશે તે હજુ નક્કી થયું નથી.

તાજેતરમાં, વેબસાઈટ ગલાટા પ્લસ સાથેની વાતચીત દરમિયાન, સંજય લીલા ભણસાલીએ આગામી ફિલ્મ 'લવ એન્ડ વોર'ના ગીતો વિશે વાત કરી. તેમણે કહ્યું છે કે, 'મેં ફિલ્મ લવ એન્ડ વોર માટે એક ગીત કમ્પોઝ કર્યું છે, પરંતુ મને હજુ સુધી ખબર નથી કે હું તેને ક્યાં ફિટ કરીશ. હું રસ્તો શોધી લઈશ. હું જાણું છું કે એ ગીત ચોક્કસપણે ફિલ્મમાં હશે અને એ ગીત વિના ફિલ્મ અધૂરી રહેશે.' થોડા મહિના પહેલા જ સંજય લીલા ભણસાલીએ 'ફિલ્મ લવ એન્ડ વોર'ની ઓફિશિયલ જાહેરાત કરી હતી. આ સાથે જ આલિયા ભટ્ટ, વિકી કૌશલ અને રણબીર કપૂરની ફિલ્મની સ્ટારકાસ્ટિંગને પણ લોક કરી દેવામાં આવી છે. આ જાહેરાતની સાથે જ સંજય લીલા ભણસાલીએ કહ્યું છે કે,આ ફિલ્મ આવતા વર્ષે ક્રિસમસના અવસર પર રિલીઝ થશે.' તમને જણાવી દઈએ કે સંજય લીલા ભણસાલીની સિરીઝ 'હીરામંડી' મે મહિનામાં નેટફ્લિક્સ પર રિલીઝ થઈ હતી ત્યારથી આ શ્રેણી સતત હેડલાઇન્સમાં રહેતી આવી છે. સંજય લીલા ભણસાલીએ સિરીઝ દ્વારા ઓટીટી ડેબ્યૂ કર્યું છે. હવે તે જલદી 'લવ એન્ડ વોર' લાવશે. થિયેટરોમાં રિલીઝ થયેલી તેમની છેલ્લી ફિલ્મ 'ગંગુબાઈ કાઠિયાવાડી' હતી, જેમાં આલિયા ભટ્ટ મુખ્ય ભૂમિકામાં હતી. રણબીર કપૂરે સંજય લીલા ભણસાલી દ્વારા નિર્દેશિત 'સાંવરિયા'થી બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો.





# રાજકુમાર રાવ સ્ટારર શ્રીકાંતે 22.1 કરોડની કમાણી કરી

## ફિલ્મે શનિવારે 2.75 કરોડ રૂપિયાની કમાણી કરી હતી, રવિવારે ગ્રોથ જોવા મળી શકે છે

### ફિલ્મની અત્યાર સુધીની કમાણી

- પ્રથમ દિવસ- 2.25 કરોડ
- બીજા દિવસે- 4.2 કરોડ
- ત્રીજો દિવસ - 5.25 કરોડ
- ચોથો દિવસ - 1.65 કરોડ
- પાંચમો દિવસ - 1.6 કરોડ
- છઠ્ઠો દિવસ-1.5 કરોડ
- સાતમો દિવસ - 1.4 કરોડ

આઠમો દિવસ - 1.5 કરોડ
નવમો દિવસ - 2.75 કરોડ
કુલ કલેક્શન- 22.1 કરોડ




(એજન્સી)મુંબઇ | રાજકુમાર રાવની ફિલ્મ 'શ્રીકાંતે' 9 દિવસમાં 22.1 કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે. ફિલ્મે શનિવારે 2.75 કરોડની કમાણી કરી હતી. આ આંકડો ગયા શુક્રવાર કરતા વધુ છે. આ દિવસે ફિલ્મનું કલેક્શન 1.5 કરોડ રૂપિયા હતું. એવી આશા છે કે રવિવારે પણ ફિલ્મના કલેક્શનમાં સારો વધારો જોવા મળી શકે છે.

રાજકુમાર રાવ સ્ટારર ફિલ્મ 'શ્રીકાંત' 10 મેના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે. આ ફિલ્મ દૃષ્ટિહીન ભારતીય ઉદ્યોગપતિ શ્રીકાંત બોલાના જીવન પર આધારિત છે. રાજકુમાર રાવે આ ફિલ્મમાં શ્રીકાંત બોલાની ભૂમિકા ભજવી છે. નિર્દેશક તુષાર હિરાનંદાનીની આ ફિલ્મમાં રાજકુમાર રાવ ઉપરાંત જ્યોતિકા, અલયા એફ અને શરદ કેલકર મુખ્ય ભૂમિકામાં છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ફિલ્મનું બજેટ અંદાજે 40 કરોડ રૂપિયા છે. ફિલ્મને લઈને વિવેચકો અને દર્શકોનો પ્રતિભાવ સકારાત્મક છે. આગામી સપ્તાહ સુધી સિનેમાઘરોમાં કોઈ મોટી ફિલ્મ રિલીઝ નહીં થાય તે જોતાં ફિલ્મનું કલેક્શન હજુ વધી શકે છે.

રાજકુમારના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તે હાલમાં 'મિસ્ટર એન્ડ મિસેઝ માહી' સાથે ચર્ચામાં છે. આ ફિલ્મ 31 મેના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ સિવાય રાજકુમાર પાસે 'સ્ત્રી 2' ફિલ્મ પણ છે. આ ફિલ્મ 30 ઓગસ્ટ, 2024ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

# આલિયાની માતા છેતરપિંડીનો શિકાર બનતાં બચી

## એક વ્યક્તિએ સોની રાઝદાનને ડ્રગ્સ આપીને છેતરવાનો કર્યો હતો પ્રયાસ, સો.મીડિયા ઉપર આપી જાણકારી



(એજન્સી)મુંબઇ | આલિયા ભટ્ટની માતા અને એક્ટ્રેસ સોની રાઝદાન કૌભાંડનો શિકાર બનતાં-બનતાં સહેજમાં રહી ગઈ છે. એક વ્યક્તિએ ડ્રગ્સનો ઉલ્લેખ કરીને તેમની સાથે છેતરપિંડી કરવાનો પ્રયાસ કર્યો હતો. સોની રાઝદાને પોસ્ટમાં આ જાણકારી આપી છે.

સોનીએ લખ્યું- 'આપણી આસપાસ એક મોટું કૌભાંડ ચાલી રહ્યું છે. કોઈએ મને ફોન કર્યો અને કહ્યું કે તે દિલ્હી કસ્ટમમાંથી ફોન કરી રહ્યો છે. તેમણે મને કહ્યું કે, મેં ડ્રગ્સ મગાવ્યું હતું. તેમણે મને એમ પણ કહ્યું કે તે પોલીસ સાથે જોડાયેલો છે. તેમણે મારી પાસે આધાર કાર્ડ નંબર માગ્યો. જેમ મને ફોન આવ્યો હતો, તેમ હું જાણું છું તેવા કેટલાક લોકોને પણ ફોન આવ્યા છે.'

સોનીએ વધુમાં કહ્યું, 'આ લોકો તમને ફોન કરીને ડરાવી-ધમકાવે છે. તેઓ આવી વાતો કરીને તમારી પાસેથી ઘણા પૈસા પડાવવાનો પ્રયાસ કરે છે.પરંતુ તમે લોકોએ તેમની વાતોમાં ફસાઈ ન જવું જોઈએ અને તેમના પ્રભાવમાં ન આવવું જોઈએ.'

હું એક વ્યક્તિને ઓળખું છું જેમણે આવા છેતરપિંડી કરનારાઓનો શિકાર બનીને ઘણા પૈસા ટ્રાન્સફર કર્યા હતા. તે અત્યારે મુશ્કેલીમાં છે તેથી હું આ પોસ્ટ શેર કરી રહી છું જેથી લોકો તેનાથી ડરે નહીં.અને સાવધ રહે' સોનીએ આ પોસ્ટની સાથે કેપ્શનમાં લખ્યું, લોકો આવા કોલથી કન્ફ્યુઝ થઈ જાય છે અને તેને અસલી માને છે. મેં લગભગ એ જ વિચાર્યું. જ્યારે મેં આ વિશે કોઈની સાથે વાત કરી ત્યારે તેઓએ મને કહ્યું કે આ એક સ્કેમ કોલ છે.' સોનીએ એવો પણ અનુરોધ કર્યો હતો કે લોકોએ આવા સ્કેમ કોલથી સાવધાન રહેવું જોઈએ.

## 48 વર્ષે સુઝેનખાન બીજા લગ્ન કરી અર્સલાન ગોનીની પત્ની બનશે: બંને સંતાનો પિતા હૃતિક સાથે ઉછરે છે

# 48 વર્ષે સુઝેનખાન બીજા લગ્ન કરી અર્સલાન ગોનીની પત્ની બનશે...

(એજન્સી)મુંબઇ | ઋતિક રોશનની ભૂતપૂર્વ પત્ની સુઝેન ખાન ૪૮ વર્ષની વયે બીજા લગ્ન કરી એક્ટર અર્સલાન ગોનીની પત્ની બનશે તેવી અટકળો તેજ બની છે. અર્સલાન ગોનીએ એક્ટર અલી ગોનીનો ભાઇ છે અને તે સુઝેન ખાનથી ૧૧ વર્ષ નાનો છે. અર્સલાન ગોની ઝી ફાઇવ અને ઓલ્ટ બાલાઝીની સિરિઝ મેં હીરો બોલ રહા હુંમાં દેખાયો હતો. સુઝેન અને અર્સલાન ગોની વચ્ચે ચાર વર્ષથી સંબંધો છે. અલી ગોનીએ એક ઇન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે હું ખુશ છું કે સુઝેન અમારા પરિવારનો હિસ્સો છે અને મારા ભાઇની પાર્ટનર છે. તે અમારા પરિવારમાં ખૂબ ખુશીઓ અને પોઝિટિવિટી લઇને આવી છે. ભાઇ, અબ જલ્દી શાધી કર લે. જેસ્મિને પણ આ મુદ્દે જણાવ્યું હતું કે તે અમારા પરિવારની પ્યારી સભ્ય છે. અમે બધાં તેને ખૂબ પ્યાર કરીએ છીએ. જેસ્મિન અને અલીએ સુઝેન અને અર્સલાન વિશે જે કહ્યું તે પછી સોશ્યલ મિડિયા પર વાત ચાલી છે કે બંને ટૂંક સમયમાં લગ્ન કરી લેશે. બંનેના સંબંધોને પરિવારોની મંજૂરી પણ મળી ચૂકી છે. સુઝેનના બંને સંતાનો તેના પિતા ઋતિક રોશન સાથે ઉછરી રહ્યા છે.

# કિઆરા અડવાણીના લુક પર સિદ્ધાર્થ થયો ફિદા

## કાંસ ફિલ્મ ફેસ્ટિવલ 2024ની ઝલક: પિંક એન્ડ બ્લેક ડ્રેસમાં નજર આવી કિઆરા

(એજન્સી)મુંબઇ | કાન્સ 2024ને લઈને બોલિવૂડ સુંદરીઓના લુક્સ અત્યારે સોશિયલ મીડિયામાં છવાયેલા જોવા મળે છે. ત્યારે રેડ સી ફિલ્મ ફાઉન્ડેશનના વુમન ઈન સિનેમા ગાલા ડિનર દરમિયાન અભિનેત્રી કિઆરા અડવાણી ખૂબ સુંદર જોવા મળી હતી. આ ઈવેન્ટમાં કિયારાના ઘણા સ્ટાઈલિશ આઉટફિટ્સ જોવા મળ્યા હતા. આ ગાલા ડિનર કેન્સ 2024 દરમિયાન યોજાયું હતું. ત્યારે ફેન્સ તો કિઆરાના લુક્સથી ઘાયલ થયા જ છે પરંતુ કિઆરાએ સિદ્ધાર્થનું પણ દિલ જીતી લીધુ છે. કિયારા અડવાણીએ પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર સિનેમા ગાલા ડિનરની કેટલીક તસવીરો શેર કરી હતી. આ સુંદર તસવીરોમાં તમે અભિનેત્રીને રેડ કાર્પેટ પરનો કિલર લુક જોવા મળે છે. કિઆરા સિમ્પલ પણ એલિગન્ટ લાગી રહી હતી.



ડિનર ગાલા માટે કિયારા અડવાણીએ પિંક અને બ્લેક ડ્રેસ પહેર્યો હતો. તેણે સ્ટ્રેપલેસ પિંક ટોપ સાથે ફિશ કટ લોંગ સ્કર્ટ પહેર્યું હતું. હાથ પર લાંબા નેટ ગ્લોઝ પહેર્યા છે.

કિઆરા અડવાણીએ પિંક અને બ્લેક ડ્રેમાં પોતાના લુકને મિનિમલ જ રાખ્યો. તેણે માત્ર ડાયમંડ સ્નેક સ્ટાઈલ જ્વેલરી પહેરી હતી. હાઈ ટાઈટ હેર બન અને ગ્લોસી મેકઅપમાં કિઆરા ક્યૂટ લાગી રહી હતી. પોસ્ટ કરેલી તસવીરમાં કિઆરા શાનદાર પોઝ આપતી જો મળી હતી કેટલીત તસવીરોમાં બીટીએસ ઝલક પણ જોવા મળી રહી છે.

જેમાં તે ઈવેન્ટ માટે તૈયાર થતી હતી અને પોતાની ટીમ સાથે નજર આવી રહી હતી.

બોલિવૂડ અભિનેત્રી કિયારા અડવાણીએ કાન્સમાં પોતાની સુંદર તસવીરો શેર કરતા લખ્યું, 'એક યાદગાર રાત.' પોસ્ટ શેર કર્યા પછી તરત જ, તેના પ્રેમાળ પતિ સિદ્ધાર્થ મલ્હોત્રાએ પોસ્ટ પર પ્રતિક્રિયા આપી અને તેના પર પ્રેમ વરસાવ્યો. સિદ્ધાર્થ મલ્હોત્રાને કિયારાનો આ કાન્સ લૂક ઘણો પસંદ આવ્યો છે. મહત્વનું છે કે રેડ સી ફિલ્મ ફાઉન્ડેશનની વુમન ઈન સિનેમા ગાલા ડિનર કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ 2024નો ભાગ છે.

# સિંઘમ અગેનની રિલીઝ પહેલાં સસ્પેન્સ ખૂલ્યું

## ફિલ્મમાં એક નહીં પરંતુ બે વિલન જોવા મળશે, સેટ પરથી લીક થઈ તસવીરો

(એજન્સી)મુંબઇ | રોહિત શેટ્ટી તેની આગામી ફિલ્મ 'સિંઘમ અગેન'નું શૂટિંગ કરી રહ્યો છે. 'સિંઘમ અગેન'ને વર્ષ 2024ની સૌથી મોટી બોલિવૂડ ફિલ્મ માનવામાં આવે છે, જેમાં અજય દેવગન સિવાય પણ ઘણા મોટા સ્ટાર્સ છે. સિંઘમ ફ્રેન્ચાઈઝીના અગાઉના બે ભાગ સુપરહિટ સાબિત થયા છે. ત્રીજા ભાગ પાસેથી દર્શકોની અપેક્ષાઓ ઘણી વધારે છે. ફિલ્મને લઈને દરરોજ નવા અપડેટ્સ સામે આવતા રહે છે. પરંતુ રોહિત શેટ્ટીની ફિલ્મ રિલીઝ થાય તે પહેલા જ એક મોટું સસ્પેન્સ જાહેર થઈ ગયું છે. ફિલ્મના સેટ પરથી એક વીડિયો અને તસવીર સોશિયલ મીડિયા પર લીક થઈ ગઈ છે. ખરેખર, હાલમાં 'સિંઘમ અગેન'નું શૂટિંગ જમ્મુ-કાશ્મીરમાં ચાલી રહ્યું છે. આ એક્શન ફિલ્મનું શૂટિંગ શ્રીનગરના આંતરિક વિસ્તારોમાં થઈ રહ્યું છે. આ દરમિયાન ફિલ્મના સેટ પરથી લીક થયેલી તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. વાઈરલ થઈ રહેલા વીડિયોથી રોહિત શેટ્ટીની ફિલ્મનું મોટું સસ્પેન્સ સામે આવ્યું છે. અત્યાર સુધી માત્ર એવી જાહેરાત કરવામાં આવી હતી કે અર્જુન કપૂર આ ફિલ્મમાં વિલનની ભૂમિકામાં જોવા મળશે. પરંતુ આ વીડિયો પછી સ્પષ્ટ થઈ ગયું છે કે 'સિંઘમ અગેન'માં એક નહીં પરંતુ બે વિલન હશે. બીજો ખલનાયક બીજો કોઈ નહીં પણ પીઢ અભિનેતા



જેકી શ્રોફ હશે. વાઈરલ વીડિયોમાં અજય દેવગન અને જેકી શ્રોફ વચ્ચે જબરદસ્ત ફાઈટ સીન જોવા મળી રહ્યો છે. વીડિયોમાં બંને સ્ટાર્સ સિવાય તેમની બોડી ડબલ્સ પણ જોવા મળી રહી છે. વાઈરલ થઈ રહેલી તસવીરની વાત કરીએ તો અજય દેવગન તેની ટીમ સાથે જેકી શ્રોફને લઈ જતા જોવા મળે છે. જો કે, જેકી શ્રોફનો રોલ નેગેટિવ હશે કે પછી તે માત્ર વિલનની જ ભૂમિકા ભજવશે તે અંગે હજુ સુધી કોઈ પુષ્ટિ થઈ નથી. રોહિત શેટ્ટીની 'સિંઘમ અગેન'માં અજય દેવગન લીડ રોલમાં છે.



# હીરામંડી માટે અદિતિ રાવે વજન વધાર્યું

## ગજગામિની વોક માટે આપ્યું રિએક્શન; બોલી, 'મેં તે જ કર્યું જે સંજય લીલા ભણસાલીએ કહ્યું હતું'

(એજન્સી)મુંબઇ | સંજય લીલા ભણસાલીની સિરીઝ 'હીરામંડી'માં કામ કર્યા બાદથી અદિતિ રાવ હૈદરીની દરેક જગ્યાએ ચર્ચા થઇ રહી છે. સિરીઝમાં તેની એક્ટિંગ અને ડાન્સિંગ બંનેના વખાણ થઈ રહ્યા છે. 'સૈયાં હટ જાઓ' ગીતમાં તેની 'ગજગામિની વોક' સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહી છે. એક ઈન્ટરવ્યૂમાં અદિતિએ કહ્યું કે તેને ખબર નથી કે આ વોક શું કહેવાય છે. પરંતુ આ માટે તેમને ઘણી મહેનત કરવી પડી હતી.

અદિતિએ કહ્યું, 'હું સંજય સર અને મારા ડાન્સ ટીચરને પૂછવા માગતી હતી કે આ શું છે? આ ગજગામિની ચાલ છે કે હંસ ચાલ ? આ કઈ ચાલ છે જે મને ખબર નથી! હું કહીશ કે સંજય સરે મને જે કરવાનું કહ્યું તે મેં કર્યું. મેં સંજય સરના આદેશનું પાલન કર્યું. હું જાણું છું કે કથકમાં 'મયૂર ચાલ' છે, પછી 'ગજગામિની' છે, પણ મને ખબર ન હતી કે તે કઈ ચાલ છે પણ મારે શોધવાનું હતું.'

અદિતિ જણાવે છે કે, 'સંજય સર દરેક બાબત પર ધ્યાન આપતા હતા. જેમ કે, ગીતમાં બેબ્બો જાન કેવી દેખાય છે, તેની ચાલ તેનો દુપટ્ટો કેવી રીતે પડે છે. તેઓ ઈચ્છતા હતા કે બધું સંપૂર્ણ પૂર્ણતા સાથે થાય. તેમણે કહ્યું કે, તે ઈચ્છે છે કે દુપટ્ટો ચોક્કસ બીટ પર પડે, માથું વળે અને ઘુંઘરોનો અવાજ બરાબર બીટ પર આવે.' 'હીરામંડી' પરથી તેની વાઈરલ ગજગામિની વૉક પર પ્રતિક્રિયા આપતા તેમણે કહ્યું કે, 'સંજય લીલા ભણસાલીએ પ્રશંસા કરી કે તેનું વજન વધી ગયું છે.'



અભિનેતા સિદ્ધાર્થ અને અદિતિએ એક મહિના પહેલાં સોશિયલ મીડિયા પર તેમની સગાઈની જાહેરાત કરી હતી. બંનેએ 2021માં તમિલ-તેલુગુ ફિલ્મ 'મહાસમુદ્રમ'માં સાથે કામ કર્યું હતું. ત્યારથી બંને વચ્ચે નિકટતા વધી હતી. સિદ્ધાર્થે 'રંગ દે બસંતી' અને 'ચશ્મેબદ્દૂર' જેવી પ્રખ્યાત બોલિવૂડ ફિલ્મોમાં કામ કર્યું છે. અદિતિ રાવ હૈદરી દક્ષિણ અને હિન્દી ફિલ્મોની જાણીતી એક્ટ્રેસ છે. તેણે 'પદ્માવત', 'બોસ', 'રોકસ્ટાર' અને 'મર્ડર-3' જેવી ફિલ્મોમાં કામ કર્યું છે. અદિતિનો જન્મ 28 ઓક્ટોબર, 1986ના રોજ હૈદરાબાદમાં એહસાન હૈદરી અને વિદ્યા રાવને ત્યાં થયો હતો. અદિતિ હૈદરાબાદની નિઝામ હતી. સાહેલ અકબર હૈદરીની દોહિત્રી છે. અદિતિના દાદા રાજા જે. રામેશ્વર રાવ તેલંગાણાના વાનપર્થીના રાજા હતા. અદિતિએ તેની કરિયરની શરૂઆત ભરતનાટ્યમ નૃત્યાંગના તરીકે કરી હતી. તેમણે પ્રખ્યાત ભરતનાટ્યમ ડાન્સર લીલા સેમસનના ડાન્સ ગ્રુપમાં પણ કામ કર્યું હતું.

અહીં કામ કર્યા બાદ તે એક્ટિંગ તરફ વળી હતી. તેણે પહેલીવાર 2007માં આવેલી તમિળ ફિલ્મ 'શ્રિંગારમ'માં કામ કર્યું હતું.

# ન વોશરુમ, ન વેનિટી, 1990માં ખુલ્લામાં બદલવા પડતાં હતા કપડાં, એક્ટ્રેસે જણાવી વ્યથા

(એજન્સી)મુંબઇ | મધુ વર્ષ 1990ના દાયકાની પોપ્યુલર એક્ટ્રસ છે. તેણે અજય દેવગણની ફિલ્મ 'ફુલ ઔર કાંટે' થી બોલીવૂડમાં પગ મુક્યો હતો. જોકે, ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તેનું કરિયર વધુ લાંબુ ચાલ્યું નહીં. અને તેવામાં કરિયરના પીક પર એક્ટ્રેસે 1999માં લગ્ન કરી લીધા. લગ્ન પછી તે પતિ અને બાળકો સાથે વ્યસ્ત થઈ ગઈ હતી. પરંતુ વર્ષો પછી એક્ટ્રેસ સામંથા રુથ પ્રભુની 'શાકુંતલમ' માં જોવા મળી હતી. તેણે ફિલ્મોમાં ફરીથી કમબેક કર્યો. મધુ ફિલ્મોમાં પોતાની સેકન્ડ ઈનિંગને ખૂબ આનંદ કરી રહી છે. તાજેતરમાં મધુએ એક લેટેસ્ટ ઈન્ટરવ્યુમાં કહ્યું કે, પહેલાના અને આજના સિનેમામાં ઘણો તફાવત છે. પહેલાના સમયમાં અભિનેત્રીને શૂટિંગ દરમિયાન ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો.તે સમયે, વોશરૂમ અને વેનિટી વાન જેવી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ ન હતી. તેમજ કપડાં બદલવા માટે પ્રાથમિક સુવિધાઓ પણ નહોતી. મધુ વધુમાં વાત કરતાં કહે છે કે, તે સૌથી મુશ્કેલ સમય હતો. હું Kolachiની ગુફાઓમાં બેસીને તમિલ ફિલ્મોનું શૂટિંગ કરી રહી હતી. ત્યારે પહાડો અને ઝાડ નીચે બેસીને કુદરતી વાતાવરણમાં બધુ કામ કરવું પડતુ હતું. તે સૌથી અડચણવાળો સમય હતો.



# ગુસ્સો, જુસ્સો.. ને અંતે કોહલીની આંખો છલકાઇ:વાંદરાની જેમ છલાંગ

## બાજની જેમ તરાપ; ફાફનો અવિશ્વસનીય કેચ, ધોનીની 110 મિટરની સિક્સ; મોમેન્ટ્સ



જીત બાદ કોહલી ભાવુક થઇ ગયો અને તેની આંખોમાં આંસુ આવી ગયા.

**ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL 2024)માં શનિવારે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)એ ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK)ને 27 રનથી હરાવ્યું. બેંગલુરુના ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં RCBએ 5 વિકેટ ગુમાવીને 218 રન બનાવ્યા હતા. CSK 7 વિકેટ ગુમાવીને 191 રન જ બનાવી શકી હતી. જીત બાદ વિરાટ કોહલી ભાવુક થઈ ગયો અને તેની આંખોમાં આંસુ આવી ગયા. મેચમાં એમએસ ધોનીએ 110 મીટરની છગ્ગો ફટકારી હતી. આ સાથે જ ફાફ ડુ પ્લેસિસના રનઆઉટને લઈને પણ વિવાદ થયો હતો. કેપ્ટન ડુ પ્લેસીસે બીજી ઈનિંગમાં પણ શાનદાર જમ્પિંગ કેચ લીધો હતો. મેચની ક્ષણો...**

**કોહલીએ સ્ટેડિયમની છત પર સિક્સર ફટકારી :** વિરાટ કોહલીએ ચિન્નાસ્વામી સ્ટેડિયમની છત પર સિક્સર ફટકારી હતી. ત્રીજી ઓવરના પહેલા બોલ પર તુષાર દેશપાંડેએ શોર્ટ ઓફ લેન્થ બોલ કોહલીને ફેંક્યો હતો. કોહલીએ તેને ફ્લિક કર્યો અને બોલ સિક્સર માટે ડીપ બેકવર્ડ સ્ક્વેરમાં ગયો. બોલ સીધો સ્ટેડિયમની છત પર પડ્યો હતો. આ મેચમાં વિરાટ કોહલીએ 4 સિક્સર ફટકારી હતી.

**ફાફ ડુ પ્લેસિસના રનઆઉટ પર કોન્ટ્રોવર્સી :** RCBના બેટર ફાફ ડુ પ્લેસિસના રનઆઉટને લઈને વિવાદ થયો હતો. મિશેલ સેન્ટનરે 13મી ઓવરના છેલ્લા બોલ પર ફુલ લેન્થ બોલ ફેંક્યો હતો. સ્ટ્રાઈક પર બેટિંગ કરી રહેલા રજત પાટીદારે તેને સામેની તરફ રમ્યો. આ દરમિયાન બોલ સેન્ટનરના હાથમાંથી થઈને નોન-સ્ટ્રાઈકરના છેડાના સ્ટમ્પ સાથે અથડાયો. ફાફ ડુ પ્લેસિસ નોન-સ્ટ્રાઈક એન્ડ પર હતો. CSKની રનઆઉટ અપીલ અમ્પાયરે તેને થર્ડ અમ્પાયર પાસે મોકલી. સ્ક્રીન પર જોવા મળતું હતું કે જ્યારે બોલ સ્ટમ્પ સાથે અથડાયો ત્યારે ડુ પ્લેસિસનું બેટ હવામાં હતું. જોકે તે સ્પષ્ટ દેખાતું ન હતું. અમ્પાયરે અનેક રિપ્લે જોયા બાદ આખરે ડુ પ્લેસિસને આઉટ આપ્યો હતો.

**વરસાદે મેચ અટકાવી :** વરસાદના કારણે પ્રથમ ઈનિંગમાં રમત રોકવી પડી હતી. મેચ શરૂ થયા બાદ માત્ર ત્રણ ઓવરમાં જ વરસાદ શરૂ થયો હતો. ત્યારે RCBનો સ્કોર 31/0 હતો. વિરાટ કોહલી 19 રન અને ફાફ ડુ પ્લેસિસ 12 રન બનાવીને અણનમ રહ્યા હતા. લગભગ અડધા કલાક પછી મેચ ફરી શરૂ થઈ. વરસાદને કારણે મેચ રોકી દેવામાં આવી હતી પરંતુ ઓવર કાપવામાં આવી ન હતી. એમએસ ધોનીએ આ સિઝનમાં કુલ 13 સિક્સર ફટકારી છે.



**ડેરીલ મિશેલનો જગલિંગ કેચ :** મેચમાં ડેરીલ મિશેલે બાઉન્ડ્રી પર શાનદાર કેચ લઈને વિરાટ કોહલીને આઉટ કર્યો હતો. વિરાટ આરસીબીની ઈનિંગ્સની 10મી ઓવરમાં આઉટ થયો હતો. આ ઓવરમાં મિશેલ સેન્ટનરે ફાસ્ટ બોલ ફેંક્યો જે અંદરની તરફ આવ્યો. વિરાટે તેને સિક્સ માટે રમ્યો. આ દરમિયાન મિશેલ લોન્ગ ઓન પર ઊભો હતો. મિશેલે પોતાની નજર બોલ પર રાખી અને પહેલા બોલને બાઉન્ડ્રીની અંદર ફેંક્યો, બહાર ગયો.

**ફાફ ડુ પ્લેસિસે સેન્ટનરનો કેચ લીધો :** CSKની ઈનિંગ્સની 14મી ઓવરમાં, મોહમ્મદ સિરાજે ઑફ-સ્ટમ્પની બહાર ફુલ ટોસ ફેંક્યો, ફ્રન્ટ ફૂટ પર સેન્ટનેરે એક્સ્ટ્રા કવર પર શોટ રમવાનો પ્રયાસ કર્યો, પરંતુ બોલ તેના બેટની નીચેની તરફ અડ્યો. બોલ એક્સ્ટ્રા કવર તરફ હવામાં જઈ રહ્યો હતો, પરંતુ ફાફ ડુ પ્લેસિસે અદભૂત છલાંગ લગાવીને કેચ પકડ્યો ડુ પ્લેસિસે સિઝનનો તેનો 7મો કેચ લીધો હતો.અમ્પાયરે અનેક રિપ્લે જોયા બાદ આખરે ડુ પ્લેસિસને આઉટ આપ્યો હતો. ધોનીએ 110 મીટરમાં સિક્સ ફટકારી સીએસકેની ઈનિંગ્સની છેલ્લી ઓવરમાં યશ દયાલે એમએસ ધોનીને ફુલ ટોસ ફેંક્યો. ધોનીએ પુલ કર્યો અને ફાઇન લેગ પર પાછળની તરફ 110 મીટરનો છગ્ગો માર્યો. એમએસ ધોનીએ આ સિઝનમાં કુલ 13 સિક્સર ફટકારી છે.

**શાર્દુલ બીજો સૌથી મોંઘો બોલર**

શાર્દુલ CSKનો બીજો સૌથી મોંઘો બોલર બન્યો. તેણે આરસીબી સામેની મેચમાં કુલ 61 રન આપ્યા હતા. આ લિસ્ટમાં સૌથી ઉપર લુંગી એનગીડી છે. એનગિડીએ વર્ષ 2021માં MI સામે દિલ્હીના મેદાન પર 4 ઓવરમાં 62 રન આપ્યા હતા. RCBએ CSK સામે સર્વોચ્ચ સ્કોર બનાવ્યો હતો. ટીમે કુલ 218 રન બનાવ્યા હતા. આ સાથે ટીમે તેના 2023ના રેકોર્ડની બરાબરી કરી લીધી છે.



# મુંબઈ કેમ બહાર થઈ? હાર્દિક ચાલ્યો નહીં, બુમરાહને સપોર્ટ મળ્યો નહીં

## અડધી ટૂર્નામેન્ટ બાદ રોહિત-ઈશાંત પણ નિષ્ફળ

(એજન્સી) મુંબઈ | તા 19

IPL-17માં મુંબઈ ઈન્ડિયન્સની સફર ભૂલી ન શકાય એવી રહી. ટીમ તેના ઈતિહાસમાં સૌથી ખરાબ પ્રદર્શન આપીને 14 મેચમાંથી માત્ર 4 જ જીતવામાં સફળ રહી હતી. પોઈન્ટ ટેબલમાં બે પોઈન્ટ સુધી પહોંચી શકી નથી. ટૂર્નામેન્ટમાંથી બહાર થનારી તે પ્રથમ ટીમ હતી. શુક્રવારે લખનૌ સામેની હાર પછી મુંબઈ બહાર થશે એ નક્કી થયું હતું. તે બીજી વખત (2022 માં પ્રથમ) પોઈન્ટ ટેબલમાં છેલ્લે છે. 5 વખતની ચેમ્પિયન મુંબઈને ટ્રોફી જીત્યાને હવે 4 વર્ષ થઈ ગયા છે, જે 2013 પછી તેની સૌથી લાંબી રાહ છે. ટીકાની અસર હાર્દિકની રમત પર થઈ IPL પહેલા મુંબઈએ રોહિતની જગ્યાએ હાર્દિકને કેપ્ટન બનાવ્યો હતો. આ નિર્ણયની વ્યાપક ટીકાને કારણે તેની રમત પર અસર જોવા મળી હતી. 13 ઈનિંગ્સમાં 18ની એવરેજથી માત્ર 216



રન જ બનાવી શક્યો. 2012 પછી આ સૌથી ખરાબ બેટિંગ એવરેજ હતી. સુકાની તરીકે, બુમરાહ પહેલાં બોલિંગ કરવા અને બેટિંગ ક્રમમાં ઊંચા ન આવવા જેવા નિર્ણયો ખોટા હતા.

એટલે જ બુમરાહ પણ ચાલી શક્યો નહીં સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રિત બુમરાહને અન્ય ખેલાડીઓનો સાથ ન મળવાને કારણે પણ ટીમ ફ્લોપ રહી હતી. બુમરાહે સિઝનમાં 16.80ની એવરેજ અને 6.48ના ઈકોનોમી રેટથી બોલિંગ કરી જ્યારે મુંબઈની એવરેજ 32.80 અને ઈકોનોમી રેટ 9.77 હતી. પ્રથમ 6 મેચોમાં, મુંબઈ ઈન્ડિયન્સ પ્રતિ ઓવર 10.04 રન આપી રહી હતી, જે વર્તમાન સિઝનમાં કોઈપણ ટીમનું સૌથી ખરાબ પ્રદર્શન હતું. મુંબઈની બેટિંગ અને ખાસ કરીને ટોપ ઓર્ડર ફોર્મમાં નહોતો. ટીમે પાવરપ્લેમાં 25 વિકેટ ગુમાવી હતી, જે દિલ્હી (28) અને લખનૌ (26) પછી સૌથી વધુ હતી. જો કે, સિઝનની પ્રથમ 7 મેચમાં ટીમ પાવરપ્લેમાં 167ના સ્ટ્રાઈક રેટથી રમી રહી હતી અને આ તબક્કામાં તે બીજી સૌથી ઝડપી ટીમ હતી, પરંતુ પછીની 7 મેચમાં આ સ્ટ્રાઈક રેટ ઘટીને 120.63 થઈ ગયો હતો. ઓપનર રોહિત અને ઈશાનના ફોર્મના કારણે ચિંતા વધી ગઈ હતી. સૂર્યાએ ચોક્કસપણે ત્રણ અર્ધસદી અને એક સદી ફટકારી હતી પરંતુ હાર્દિકની સાથે ટિમ ડેવિડના ખરાબ ફોર્મને કારણે કોઈ ફિનિશર મળી શક્યો ન હતો.

# શરૂઆતમાં સુરેશ રૈનાએ ટીમ માટે મારુ નામ આગળ કર્યું હતું

વિરાટ કોહલીએ IPLની સાથે સાથે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પણ પોતાનું નામ બનાવ્યું છે. તે વિશ્વના ટોચના ખેલાડીઓની યાદીમાં તેનું નામ સામેલ છે. કોહલીએ હાલમાં જ પોતાની કારકિર્દી વિશે એક રસપ્રદ ખુલાસો કર્યો છે. કોહલીએ કહ્યું કે સુરેશ રૈનાએ શરૂઆતમાં ટીમ ઈન્ડિયા માટે પોતાનું નામ આગળ કર્યું હતું. કોહલી ઓપનર તરીકે ટીમ ઈન્ડિયામાં ફિટ ન હતો. પરંતુ રૈનાના કારણે તેને તક મળી. તેણે પૂર્વ ચીફ સિલેક્ટર દિલીપ વેંગસરકરનું નામ પણ લીધું. 2008માં અમે ઓસ્ટ્રેલિયામાં ઈમર્જિંગ કપ રમ્યા ત્યારે...

કોહલીએ જિયો સિનેમા પર વાત કરતા કહ્યું કે, 2008માં અમે ઓસ્ટ્રેલિયામાં ઈમર્જિંગ કપ રમી રહ્યા હતા. મને તે સમય હજુ પણ યાદ છે, સુરેશ રૈનાએ મારા વિશે સાંભળ્યું જ હશે. તે ટુર્નામેન્ટની વચ્ચે આવ્યો હતો. પહેલા બદ્રીનાથ કેપ્ટન હતા અને ત્યારબાદ તેને (રૈના) કેપ્ટનશીપ મળી. પ્રવીણ આમરે અમારા કોચ હતા. પછી મને બહાર બેસાડવામાં આવ્યો. કારણ કે મેં પ્રથમ બે-ત્રણ મેચમાં પરફોર્મન્સ નહોતું કર્યું. પછી તેણે મારું નામ આગળ ધર્યું હતું. દિલીપ વેંગસકર સર તે સમયે મુખ્ય પસંદગીકાર હતા.

# કૃણાલની ઓવર પૂરી થતાં 50 મિનિટ લાગી

(એજન્સી) નવી દિલ્હી | તા 19

અર્જુન તેંડુલકરના સેલિબ્રેશન પર થર્ડ અમ્પાયરે પાણી ફેરવ્યું, લખનઉએ 3 બોલમાં 3 વિકેટ ગુમાવી; મોમેન્ટ્સ ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2024ની 67મી મેચમાં લખનઉ સુપર જાયન્ટ્સે મુંબઈ ઈન્ડિયન્સને 18 રનથી હરાવ્યું. મુંબઈએ હોમ ગ્રાઉન્ડ વાનખેડે સ્ટેડિયમમાં ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનું પસંદ કર્યું. લખનઉએ 20 ઓવરમાં 6 વિકેટે 214 રન બનાવ્યા હતા. જવાબમાં મુંબઈની ટીમ 20 ઓવરમાં 6 વિકેટે 196 રન જ બનાવી શકી હતી. મેચમાં, MIના નેહલ વાઢેરાએ બેકવર્ડ પોઈન્ટ પર જમ્પિંગમાં એક શાનદાર કેચ કર્યો હતો. MIના કૃણાલ પંડ્યાએ છેલ્લી ઓવરમાં શાનદાર ફિલ્ડિંગ કરીને સિક્સ બચાવી હતી, જ્યારે લખનઉએ 3 બોલમાં સતત 3 વિકેટ ગુમાવી દીધી હતી. MI vs LSG મેચની ટોપ મોમેન્ટ્સ... 1. નેહલ વાઢેરાનો જમ્પિંગ કેચ નેહલ વાઢેરાએ 10મી ઓવરમાં શાનદાર જમ્પિંગ કેચ ઝડપી લીધો હતો. પિયુષ ચાવલાએ ઓવરનો ત્રીજો બોલ ફૂલર લેન્થ ફેંક્યો હતો. દીપક હુડ્ડાએ ઈનસાઇડ



આઉટ શોટ રમ્યો પરંતુ બોલ પોઈન્ટ તરફ ગયો. અહીં વાઢેરાએ હવામાં કૂદીને એક શાનદાર કેચ ઝડપી લીધો હતો. હુડ્ડા 9 બોલમાં 11 રન બનાવીને આઉટ થયો હતો. DRSમાં સ્ટોઈનિસ બચ્યો લખનઉ તરફથી નંબર 3 પર બેટિંગ કરવા આવેલા માર્કસ સ્ટોઈનિસ DRS લેવાના કારણે બચી ગયો હતો. બીજી ઓવરના ત્રીજા બોલ પર અર્જુન તેંડુલકરે ઇન-સ્વિંગર બોલ ફેંક્યો હતો. બોલ સ્ટોઈનિસના પેડ સાથે અથડાયો, MIએ LBW માટે અપીલ કરી અને અમ્પાયરે આઉટ જાહેર કર્યો. સ્ટોઈનિસે રિવ્યુ લીધો, રિપ્લેમાં બોલ સ્ટમ્પને મિસ કરતા જતો દેખાતો હતો. ફિલ્ડ અમ્પાયરે પોતાનો નિર્ણય બદલી નાખ્યો અને એક રનના સ્કોર પર સ્ટોઈનિસને જીવનદાન આપવામાં આવ્યું. સ્ટોઈનિસે 22 બોલમાં 28 રન બનાવ્યા હતા. માર્કસ સ્ટોઈનિસની વિકેટની ઉજવણી કરતો અર્જુન તેંડુલકર. માર્કસ સ્ટોઈનિસની વિકેટની ઉજવણી કરતો અર્જુન તેંડુલકર. 3. લખનઉએ 3 બોલમાં 3 વિકેટ ગુમાવી એક સમયે લખનઉ સુપરજાયન્ટ્સનો સ્કોર 178/3 હતો પરંતુ આ સ્કોર પર ટીમે સતત 3 વિકેટ ગુમાવી દીધી હતી. નુવાન થુષારાએ 17મી ઓવરના પાંચમા અને છઠ્ઠા બોલ પર નિકોલસ પૂરન અને અરશદ ખાનને પેવેલિયન મોકલી દીધા હતા. પીયૂષ ચાવલાએ 18મી ઓવરના પહેલા બોલ પર કેએલ રાહુલની વિકેટ લીધી હતી. મુંબઈ તરફથી નુવાન થુષારાએ 2 બોલમાં 2 વિકેટ ઝડપી હતી. 4. વરસાદના કારણે મેચ અટકી હતી બીજા દાવ દરમિયાન વરસાદના કારણે મેચ રોકવી પડી હતી. રાત્રે 10 વાગ્યાની આસપાસ વરસાદ શરૂ થયો હતો, જે દરમિયાન મુંબઈનો સ્કોર 3.5 ઓવરમાં વિના વિકેટે 33 રન હતો. રોહિત શર્મા 20 અને ડીવાલ્ડ બ્રેવિસ 9 રને રમી રહ્યા હતા.

# હવે શર્માજીના દીકરાને જ સપોર્ટ કરીશું: રાહુલ

(એજન્સી) મુંબઈ | તા 19

કેએલ રાહુલની કેપ્ટનશિપ વાળી લખનૌ સુપર જાયન્ટ્સે મુંબઈ ઈન્ડિયન્સની સામે જીત સાથે પોતાની IPL 2024 અભિયાનનો અંત કર્યો. IPL 2024ને અલવિદા કહેતા એલએસજીના કેપ્ટન કેએલ રાહુલે એક એવું નિવેદન આપ્યું જેનાથી તેમણે કરોડો ચાહકોના દિલ જીતી લીધા. લખનૌની શાનદાર જીત બાદ પોસ્ટ મેચ પ્રેઝન્ટેશનમાં રાહુલ કહેતો નજર આવ્યો કે હવે તે અને તેના સસરા એક જ ટીમમાં છે અને આગામી વર્લ્ડ કપમાં તે બંને મળીને શર્માજીના દીકરાને સપોર્ટ કરશે. કેએલ રાહુલે આ નિવેદન એક લોકપ્રિય જાહેરાતના રમૂજી સંદર્ભમાં આપ્યું. જેમાં તે પોતે, તેના સસરા સુનીલ શેટ્ટી અને ભારતીય કેપ્ટન રોહિત શર્મા છે. કેએલ રાહુલે મેચ બાદ કહ્યુ, 'હવે હુ મારા સસરાની ટીમમાં છુ. અમે બંને શર્માજીના દીકરાને વર્લ્ડ કપમાં સપોર્ટ કરીશુ' લખનૌ સુપર



જાયન્ટ્સ 14 સ્કોર થવા છતાં IPL 2024 પ્લેઓફની રેસથી બહાર થઈ ગઈ છે. સીઝનની શરૂઆતમાં ટીમ ખૂબ સારી જોવા મળી રહી હતી, પરંતુ બે મહિના સુધી ચાલનાર આ ટુર્નામેન્ટ દરમિયાન ખેલાડીઓ ઈજાગ્રસ્ત થવાના કારણે ટીમ લય ગુમાવી બેઠી. કેએલ રાહુલે IPL 2024માં ટીમના પ્રદર્શનને લઈને કહ્યું, ખૂબ નિરાશાજનક. સીઝનની શરૂઆતમાં મને હકીકતમાં લાગ્યું કે અમારી પાસે એક મજબૂત ટીમ હતી અને મોટાભાગે બેઝ કવર હતા.

# વિરાટ કોહલીને IPL 2024ની ટ્રોફી નહીં પણ રોહિત અને ધોની પાસેથી જોઈએ છે આ વસ્તુઓ



(એજન્સી) નવી દિલ્હી | તા 19

વિરાટ કોહલીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમતા લગભગ બે દાયકા થઈ ગયા છે. આ સમયગાળા દરમિયાન ઘણી વસ્તુઓ પ્રાપ્ત થઈ. પરંતુ તે હજુ પણ રોહિત શર્મા અને મહેન્દ્ર સિંહ ધોનીની બે ખાસ વસ્તુઓની ઝંખના કરે છે અને તેને મેળવવાની ઈચ્છા વ્યક્ત કરી છે. વિરાટ કોહલીને IPL 2024ની ટ્રોફી નહીં પણ રોહિત અને ધોની પાસેથી જોઈએ છે આ વસ્તુઓ વિરાટ કોહલીના નામે પૈસા, પ્રસિદ્ધિ અને ક્રિકેટમાં ઘણા રેકોર્ડ છે. તેનો અર્થ એ છે કે તેમને કોઈ વસ્તુની કમી નથી. પોતાની પ્રતિભાથી તેણે તે બધું જ હાંસલ કર્યું છે જે કોઈપણ ક્રિકેટર હાંસલ કરવા માગે છે. જો કે, મહેન્દ્ર સિંહ ધોનીની જેમ તેની કપ્તાનીમાં ભારત ક્યારેય ICC ટ્રોફી જીતી શક્યું નથી. આ સિવાય રોહિત શર્માની જેમ તે IPLમાં એકપણ ટ્રોફી જીતી શક્યો નથી, તેમ છતાં તેને તેનો કોઈ અફસોસ નથી. પરંતુ કેટલીક એવી વસ્તુઓ છે જે તે રોહિત શર્મા અને એમએસ ધોની પાસેથી મેળવવા માંગે છે. વિરાટ કોહલીએ Jio સિનેમા પર ખુલાસો કર્યો છે કે તે રોહિત શર્મા અને મહેન્દ્ર સિંહ ધોની પાસેથી શું ઈચ્છે છે. કોહલીએ વર્ષોવર્ષ મહેનત કરીને ક્રિકેટની દુનિયામાં પોતાનું નામ બનાવ્યું છે. ક્રિકેટમાં તેણે દરેક શોટ અને ટેકનિક શીખી જેથી તે આ રમતનો બાદશાહ બની શકે. પરંતુ એક બાબતમાં રોહિત શર્મા અને MS ધોનીના સ્તર સુધી પહોંચી શક્યો નથી.રોહિત અને ધોની ઉપરાંત વિરાટ કોહલી સનરાઈઝર્સ હૈદરાબાદના તોફાની બેટ્સમેન હેનરિક ક્લાસેન પાસેથી સ્પિનરો સામે બેકફૂટ પર સીધા સિક્સર મારવાની કળા શીખવા માગે છે. તેણે કેએલ રાહુલ પાસેથી ડાબા હાથનો કેચ, બુમરાહ પાસેથી યોર્કર અને રવિન્દ્ર જાડેજા પાસેથી ફિલ્ડિંગ શીખવાની વાત કરી. વાસ્તવમાં, વિરાટ કોહલીને કેટલાક ક્રિકેટરોના નામ જણાવવામાં આવ્યા હતા અને તેમને પૂછવામાં આવ્યું હતું કે તેઓ તેમની પાસેથી કઈ ક્રિકેટિંગ સ્કિલ લેવા માંગે છે. જેના જવાબમાં કોહલીએ આ વાત કહી. તમને જણાવી દઈએ કે વિરાટ પોતે વિશ્વની શ્રેષ્ઠ કવર ડ્રાઈવો મારવા માટે જાણીતો છે. આ સિવાય કાંડાનો ઉપયોગ કરીને તેની ફ્લિક પણ ઘણી ફેમસ છે.જ્યારે તેને પૂછવામાં આવ્યું કે ક્રિકેટમાં એવી કઈ વસ્તુ છે જે તે રોહિત શર્મા પાસેથી મેળવવા માંગે છે.

# છેલ્લી મેચમાં શરમજનક પ્રદર્શન પર હાર્દિક પંડ્યાનું દર્દ છલકાયું

(એજન્સી) મુંબઈ | તા 19

મુંબઈ ઈન્ડિયન ( MI) અને લખનૌ સુપર જાયન્ટ્સ (LSG) વચ્ચે 14 મેના રોજ વાનખેડે સ્ટેડિયમમાં IPLની મેચ રમાઈ હતી. આ મેચમાં LSGએ 18 રનથી જીત મેળવી હતી. નિકોલસ પુરને માત્ર 29 બોલમાં 5 ચોગ્ગા અને 8 છગ્ગાની મદદથી 75 રન બનાવીને ટીમને મુશ્કેલીમાંથી બહાર કાઢી હતી. જ્યારે કેએલ રાહુલે 41 બોલમાં 55 રન બનાવ્યા હતા. લખનૌએ છેલ્લી 10 ઓવરમાં 145 રન બનાવ્યા હાર્દિક પંડ્યાનું દર્દ છલકાયું LSGએ પહેલા બોલિંગ લીધી હતી, જેમાં તેમણે 214/6નો સ્કોર બનાવ્યો હતો, જ્યારે તેના જવાબમાં મુંબઈની ટીમે 196/6 રન જ બનાવી શકી હતી. ત્યારે હાર પછી મુંબઈ ઈન્ડિયનના કેપ્ટન હાર્દિક પંડ્યા નિરાશ જોવા મળ્યો હતો. શરમજનક પ્રદર્શન પર હાર્દિક પંડ્યાનું દર્દ છલકાયું હતું. તેનું નુકસાન આખી સિઝનમાં ભોગવવું પડ્યું

મેચ પછી હાર્દિકે કહ્યું કે, અમે ક્વોલિટી ક્રિકેટ નથી રમ્યા અને તેનું નુકસાન આખી સિઝનમાં ભોગવવું પડ્યું. વધુમાં તેણે કહ્યું કે, આ પ્રોફેશનલ વર્લ્ડ છે. પરંતુ શું ખોટુ થયું તેના પર બોલવું તે ઉતાવળ હશે. હાર્દિકની આ આઈપીએલ (IPL) સિઝનમાં કેપ્ટન તરીકે તો ખરાબ રહ્યો જ છે, કારણ કે તેની ટીમ ટુર્નામેન્ટમાં પાછળ રહી હતી. જો કે, હાર્દિક પંડ્યાનું વ્યક્તિગત પર્ફોરમન્સ પણ બરોબર રહ્યું નથી, તેણે આઈપીએલ સિઝનની કુલ 14 મેચમાં માત્ર 216 રન 18ની એવરેજ અને 143.05ના સ્ટ્રાઈક રેટ બનાવ્યો હતો. હાર્દિક બોલિંગમાં પણ કાઈ ખાસ પ્રર્દશન કરી શક્યો નથી. તેણે 11 વિકેટ જરુર લીધી, પરંતુ તેનો ઈકોનોમી રેટ 10.75 રહ્યો હતો. તો આ આઈપીએલમાં ત્રીજીવાર સ્લો ઓવર રેટ તરીકે બોલિંગ કરવાના કારણે પંડ્યા પર આગામી મેચમાં રમવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

# ગાવસ્કરે બળતામાં ઘી હોમ્યું, વિરાટ કોહલીના પરફોર્મન્સનું ક્રેડિટ જુઓ કોને આપ્યું

(એજન્સી) મુંબઈ | ભારતના પૂર્વ દિગ્ગજ ક્રિકેટર સુનીલ ગાવસ્કર ગત દિવસોમાં કોહલીના સ્ટ્રાઈક રેટ વાળા નિવેદન પર પ્રતિક્રિયા આપવાના કારણે ખૂબ ચર્ચામાં રહ્યો હતો. કોહલીએ પોતાના સ્ટ્રાઈક રેટ પર સવાલ ઊભા કરનારને જડબાતોડ જવાબ આપ્યો હતો, તેની પર ગાવસ્કરે કોહલીને ખોટો ઠેરવ્યો હતો, તેને લઈને સોશિયલ મીડિયા પર ખૂબ ચર્ચા છેડાઈ ગઈ હતી. હવે ગાવસ્કરે એક વાર ફરીથી આ આગને ભડકાવવાનું કામ કર્યું છે. ગાવસ્કરે ફરીથી કોહલીના પ્રદર્શન પર પ્રતિક્રિયા આપી છે. સુનીલ ગાવસ્કરે કોહલીના પ્રદર્શનને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેની પર કોહલીના કરોડો ચાહકો એકવાર ફરીથી ભડકી ઉઠ્યાં છે. ગાવસ્કરે કહ્યું, જ્યારે વિરાટ કોહલીએ પોતાના કરિયરની શરૂઆત કરી ત્યારે તેનું કરિયર રોકાયેલું હતું. શરૂઆતી સમયમાં તે કંઈ ખાસ પ્રદર્શન કરી રહ્યો નહોતોપરંતુ તેમ છતાં મહેન્દ્ર સિંહ ધોનીએ તેને તક આપી. ધોનીએ તેને ઘણી મેચમાં તક આપી, તે સારું રમતો નહોતો. તેમ છતાં તેને ટીમમાં રાખ્યો. આ કારણે આજે આપણે વિરાટ કોહલીને ઓળખી રહ્યાં છીએ. ગાવસ્કરે પોતાના નિવેદનથી સ્પષ્ટ કરી દીધું છે કે જો માહીએ કરિયરના શરૂઆતી સમયમાં કોહલીને તક આપી ન હોત તો આજે વિરાટ કોહલીનું નામ આટલું મોટું ન હોત. ધોનીએ કોહલીના કરિયરને એક આકાર આપવાનું કામ કર્યું છે.



# વર્લ્ડકપમાં ભારત માટે ખતરો બનશે પાકિસ્તાની ટીમ!

(એજન્સી) મુંબઈ | પૂર્વ ભારતીય ક્રિકેટર હરભજન સિંહના જણાવ્યા અનુસાર ભારત માટે આ એક મુશ્કેલ સમય હશે જ્યારે તે આગામી ટી20 વર્લ્ડ કપ 2024માં પાકિસ્તાનનો સામનો કરશે, કેમ કે આંતરરાષ્ટ્રીય સ્તર પર બંને દેશ એકબીજા વિરુદ્ધ વધુ રમતા નથી. ભારત અને પાકિસ્તાન વચ્ચે 9 જૂને ન્યૂયોર્કના નવનિર્મિત નાસાઉ કાઉન્ટી ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં થનારા હાઈપ્રોફાઈલ 2024 ટી20 વર્લ્ડ કપ મેચમાં હવે એક મહિનાથી પણ ઓછો સમય રહ્યો છે. ભારત માટે જોખમ બનશે PAK ટીમ ટી20 વર્લ્ડ કપમાં આ બંને ટીમની વચ્ચે 7 મેચમાં ભારત 6 વખત જીત્યું છે.

ટી20 વર્લ્ડ કપમાં છેલ્લી વખત આંતરરાષ્ટ્રીય સ્તરે બંને ટીમનો સામનો ઓક્ટોબર 2022માં મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડની અંદર થયો હતો. આ મેચમાં વિરાટ કોહલીની 82 રનની ઈનિંગે ભારતને પાકિસ્તાન પર ચાર વિકેટથી રોમાંચક જીત અપાવવામાં મદદ કરી હતી. હરભજન સિંહે કહ્યું, પાકિસ્તાન સામે રમવું હંમેશા મુશ્કેલ હોય છે કેમ કે બંને દેશ એકબીજા સામે રમતા નથી.

## સંક્ષિપ્ત સમાચાર

### અમેરિકામાં વિઝા મેળવવા નકલી લૂંટનું તરકટ રચવું ભારે પડ્યું

અમેરિકામાં વિઝા મેળવવા માટે નકલી લૂંટનું ષડયંત્ર રચનાર પાંચ ભારતીય સહિત છ લોકોની પોલીસે ધરપકડ કરી છે. પોલીસ પૂછપરછમાં ખુલાસો થયો છે કે, આરોપીઓએ પોતાને લૂંટના પીડિત હોવાનું દેખાડી અમેરિકાના ઈમિગ્રેશન વિઝા (યૂ-વિઝા) માટે અરજી કરી શકે, તે માટે લૂંટનું તરકટ રચ્યું હતું. આમાંથી કેટલાક આરોપીઓએ હથિયારો સાથે પહોંચી નકલી લૂંટફાટ પણ કરી ગયા શિકાગો ફેડરલ કોર્ટમાં આરોપીઓ સામે આક્ષેપ કરાયો છે કે, ભીખાભાઈ પટેલ, નીલેશ પટેલ, રવીનાબેન પટેલ અને રજની કુમાર પટેલે પાર્થ નાયી અને કેવોંગ યંગ સાથે મળીને નકલી લૂંટની ષડયંત્ર રચ્યું હતું. એવો પણ આક્ષેપ કરાયો છે.

### વિશ્વના સૌથી મોટા હમીંગ બર્ડની બીજી પ્રજાતિ મળી

વિશાળ હમીંગબર્ડની એક નહીં પણ બે પ્રજાતિઓ મળી આવી છે. ઉત્તરીય પ્રદેશમાં રહેતી વસ્તી આખું વર્ષ ઊંચા એન્ડીઝમાં રહે છે, જ્યારે દક્ષિણની વસ્તી પ્રજનન સિવાયના મહિનાઓમાં દરિયાઈ સપાટીથી 14 હજાર ફૂટની ઊંચાઈએ સ્થળાંતર કરે છે. તેમજ આ બંને પ્રજાતિઓ એકસમાન દેખાય છે, પરંતુ તેમના જીનોમ અને વ્યવહારમાં અલગ-અલગ છે. આ પક્ષીઓ રુબી-થ્રોટેડવાળા હમીંગબર્ડ કરતાં આઠ ગણા મોટી હોય છે. પ્રોસીડિંગ્સ ઓફ ધ નેશનલ એકેડમી ઓફ સાયન્સ નામના જર્નલમાં પ્રકાશિત થયેલા એક સંશોધન અભ્યાસમાં આ અંગે તેનો ખુલાસો કરવામાં આવ્યો છે.

### બ્રિટનના રાજા કરતાં પણ અમીર ઋષિ સુનક

યુનાઈટેડ કિંગ્ડમના ધનિકોની યાદીમાં બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનકની સંપત્તિ બ્રિટનના રાજા કરતાં પણ વધી છે. ભારતીય મૂળના ઋષિ સુનક અને તેમની પત્નિ અક્ષતા મૂર્તિની કુલ સંપત્તિ ગતવર્ષ કરતાં 122 મિલિયન પાઉન્ડ વધી 2023માં 651 મિલિયન પાઉન્ડ થઈ છે. આ દંપત્તિની સંપત્તિમાં વધારોના પગલે તેઓ ધનિકોની યાદીમાં બ્રિટનના રાજા કિંગ ચાર્લ્સ III કરતાં પણ વધુ ધનિક બન્યા છે. ગતવર્ષે કિંગ ચાર્લ્સ III ધનિકોની યાદીમાં ટોચ પર હતા. જેમની નેટવર્થ 10 મિલિયન પાઉન્ડ વધી 610 મિલિયન પાઉન્ડ થઈ છે. 2022માં બ્રિટનની મહારાણી કરતાં પણ ધનિક થયાં 2022માં ઋષિ સુનક અને તેમની પત્નિ અક્ષતા મૂર્તિની સંપત્તિ મહારાણી કરતાં વધી છે.

### યુએન ભારતનો વિકાસદર સુધારે છે વિકાસદર 6.2%ને બદલે 6.9% રહેશે

૨૦૨૪ના વર્ષ માટેનો ભારતનો વિકાસદર સંયુક્ત રાષ્ટ્રએ સુધારી ૬.૨%ને બદલે ૬.૯% કર્યો છે. આ માટે મુખ્ય કારણ જાહેર તેમજ ખાનગી ક્ષેત્રમાં વધેલું રોકાણ છે. તે વધતા મૂડી રોકાણનું કારણ લોકોને વધેલો 'ઉપાડ' (વપરાશ) છે, તેમ ગુરૂવારે સંયુક્ત રાષ્ટ્રોના 'ધ વર્લ્ડ ઈકોનોમિક સિચ્યુએશન એજ ઓફ લિડ- ૨૦૨૪'માં જણાવાયું છે. જ્યારે ૨૦૨૫ના વર્ષમાં તે દર થોડો ઘટી ૬.૬% રહેવા સંભવ છે તેમ પણ તે અહેવાલ જણાવે છે. આ માટે કારણ દર્શાવતા અહેવાલ જણાવે છે કે, વાસ્તવમાં લોકોનો ઉપાડ (વપરાશ) જ વધ્યો છે તેથી જાહેર ક્ષેત્ર તેમજ ખાનગી ક્ષેત્રમાં મૂડી રોકાણ વધ્યું છે એમ લાગે છે.

### ફૂકુશીમા અણુ રિએકટરથી દરિયામાં પ્રદૂષણ થતું હોવાનો ચીન અને રશિયાનો દાવો જાપાને નકાર્યો

જાપાનના ફુકુશીમા ન્યુકલિયર રિએકટરમાંથી ટ્રીટેડ વોટર પ્રશાંત મહાસાગરમાં ઠાલવવામાં આવતું હોવાના મુદ્દે ચીન અને રશિયાએ સંયુકત નિવેદન બહાર પાડીને ટીકા કરી છે. પ્રોસેસ કરેલા પાણીમાં રેડિયોધર્મી પ્રદૂષણ હોવાનો ઉલ્લેખ થતા જાપાને રશિયા અને ચીનના દાવાને ફગાવી દીધો છે. જાપાનના મુખ્ય કેબિનેટ સચિવ હાયાશિ યોશિમાસાએ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગના નિવેદનને ખેદજનક ગણાવ્યું હતું. હાયાશીએ જાપાન દ્વારા મહાસાગરમા કરવામાં આવતા જળ નિસ્તાંરણને ગણાવ્યું હતું એટલું જ નહી જાપાન સુરક્ષાના ડેટાનો ખુલાસો હંમેશા ઉચ્ચ પ્રકારની પારદર્શિતા રાખીને કરે છે.

### સહારાનું રણ નહી, અમેરિકાનું આ સ્થળ 56.7 ડિગ્રી તાપમાનનો વિશ્વ રેકોર્ડ ધરાવે છે

ભારતમાં કાળઝાળ ગરમીએ કાળો કેર વર્તાવી રહી છે. ગરમીના પારો વધવાથી જન જીવન અસ્ત વ્યસ્ત થઈ જાય છે, જો કે દુનિયામાં સૌથી વધુ તાપમાનનો રેકોર્ડ ઉત્તર અમેરિકામાં આવેલા ડેથવેલી નામનું સ્થળ ધરાવે છે. 10 જુલાઈ 2013માં 56.7 ડિગ્રી તાપમાન સાથે આજે પણ આ સ્થળ પૃથ્વી પરનું સૌથી વધારે ગરમ માનવામાં આવે છે. ડેથવેલીનું વિક્રમજનક તાપમાન ડેથવેલીના ગ્રીનલેન્ડ રેંચ નામના સ્થળ પરથી માપવામાં આવ્યું હતું. 2013માં 8 થી 14 જુલાઈ ડેથવેલીના ઈતિહાસમાં સૌથી હોટેસ્ટ સ્પેલ રહેલો જેમાં સળંગ ત્રણ દિવસ 130 ડીગ્રી ફેરનહિટ રહયું હતું. કાળઝાળ ગરમી છતાં વરસાદ નહીંવત પડે છે આજે પણ ડેથવેલીનું રાત્રે પણ તાપમાન 30 થી 35 ડિગ્રી જેટલું રહે છે. જ્યારે દિવસનું સરેરાશ તાપમાન 46 થી 48 જેટલું રહે છે.

## ઇઝરાયલના વોર કેબિનેટ મંત્રીની નેતન્યાહુને ધમકી



ઈઝરાયલના વોર કેબિનેટ મંત્રી બેની ગેન્ટ્ઝે પીએમ નેતન્યાહુને ધમકી આપી છે કે જો તેઓ યુદ્ધ પછી ગાઝા માટે નવી યોજના નહીં બનાવે તો તેઓ કેબિનેટમાંથી રાજીનામું આપી દેશે. ગેન્ટ્ઝે કહ્યું, 'પીએમ પાસે આ માટે 8 જૂનની સમયમર્યાદા છે. તે પછી પણ જો તમે કટ્ટરપંથીઓનો માર્ગ પસંદ કરશો અને સમગ્ર દેશને વિનાશ તરફ લઈ જશો તો અમે વોર કેબિનેટ છોડી દઈશું.'ગેન્ટ્ઝે કહ્યું, '7 ઓક્ટોબરે હમાસના હુમલા પછી શરૂ થયેલું યુદ્ધ તેનો હેતુ ગુમાવી રહ્યું છે. ઈઝરાયલની સેના યુદ્ધના મેદાનમાં પોતાની તાકાત બતાવી રહી છે. પરંતુ તેમને મોકલનાર કેટલાક લોકો કાયર બની રહ્યા છે અને તેમની જવાબદારીઓથી દૂર રહી રહ્યા છે.

## આફ્રિકામાં વધતો જતો હેપેટાઈટિસ ઇ નો પ્રકોપ

### ખરાબ સ્વચ્છતા અને સુરક્ષિત પેયજળની તંગીના લીધે ફેલાય છે. હેપેટાઈટિસ

(એજન્સી) વોશિંગ્ટન | તા 19

આફ્રિકાના ચાડ દેશના પૂર્વી ભાગમાં આવેલા ઔઆડાઈ પ્રાંતમાં આવેલા હેપેટાઈટિસ ઈ પ્રકોપ થયો છે. જાન્યુઆરી અને એપ્રિલ ૨૦૨૪ની વચ્ચે બે સ્વાસ્થ્ય જિલ્લાઓમાં હેપેટાઈટિસ ઈ ના ૨૦૯૩ જેટલા શંકાસ્પદ કેસ ધ્યાનમાં આવ્યા છે. હેપેટાઈટિસ લીવરનો એક પ્રકારનો સોજો છે. લીવર વિભિન્ન ઈજ્જાઓ અને હાનિકારક એજન્ટો અંગે પ્રતિક્રિયા આપે છે. હેપેટાઈટિસ વિભિન્ન પ્રકારના સંક્રામક વાયરસ અને ગેર સંક્રામક એજન્ટોના કારણે થાય છે. જેનાથી અનેક પ્રકારની સ્વાસ્થ્ય સમસ્યા પેદા થાય છે જેમાંથી કેટલી અત્યંત જીવલેણ સાબીત થાય છે. શરાબનું વધુ સેવન કરવાથી આલ્કોહોલ હેપેટાઈટિસથી થાય છે. લીવરમાં વધુ ચરબી જામવાથી સ્ટીટો હેપેટાઈટિસ થાય છે. આ ઉપરાંત દવાઓ અને વિષાકત પદાર્થોથી વિષાકત હેપેટાઈટિસ અને ઓટો ઈમ્યૂનિટીથી ઓટો ઈમ્યૂન હેપેટાઈટિસ થાય છે. હેપેટાઈટિસના મુખ્ય પાંચ વાયરસ છે જેમાં હેપેટાઈટિસ એ, બી, સી, ડી અને ઈ નો સમાવેશ થાય છે. એક જ વાયરસનો સ્ટ્રેનનો નહી પરંતુ જુદા જુદા વાયરસ છે. ચાડમાં હેપેટાઈટિસ ઈ નો પ્રકોપ થયો છે. હેપેટાઈટિસના તમામ પ્રકાર ફેલાવામાં બીમારીની ગંભીરતા, ભૌગોલિક સ્થિતિ અને સારવાર મહત્વની છે એક અનુમાન અનુસાર દુનિયામાં ૩૫ થી ૪૦ કરોડ લોકો હેપેટાઈટિસ બી કે સી થી પીડાય છે.

## ચાઈનીઝ માલ હટાવવાનો પ્રયાસ:અમેરિકામાં હવે સ્ટાર્ટઅપનો યુગ

(એજન્સી) વોશિંગ્ટન | તા 19

અમેરિકા અને યુરોપ તેમનાં બજારોમાં સસ્તી ચીની ચીજવસ્તુઓને રોકવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે. અમેરિકાએ ચીનની ઘણી વસ્તુઓ પર ભારે ટેક્સ લગાવ્યો છે. તેના કારણે ચીનમાં ઉત્પાદિત સામાન અમેરિકામાં મોંઘો થશે. ઈવી પર 100% ટેક્સ છે. સ્ટીલ અને એલ્યુમિનિયમ પર 25% ટેક્સ, સેમિકન્ડક્ટર અને સોલર પેનલ પર 50% ટેક્સ લાદવામાં આવ્યો છે. અમેરિકા અને યુરોપમાં દરેક ચાઈનીઝ આઈટમ જેમ કે ટી-શર્ટ, રસોડાની વસ્તુઓ, ગેજેટ્સ... માટે અલગ-અલગ સ્ટોર છે. એમેઝોન જેવા ઓનલાઈન પ્લેટફોર્મ પર પણ ઉપલબ્ધ છે. આ ચીની ચીજવસ્તુઓના કારણે છેલ્લા બે દાયકામાં અમેરિકાની ઘણી મેન્યુફેક્ચરિંગ કંપનીઓ બંધ થઈ ગઈ છે. છેલ્લાં 3-4 વર્ષથી લગભગ 10 લાખ લોકો બેરોજગાર થઈ ગયા છે અને લોકોના પગારમાં વધારો પણ નથી થઈ રહ્યો. પરંતુ દુનિયાભરમાં ટેક્નોલોજી અને ઈનોવેશન માટે જાણીતું અમેરિકા ફરી એકવાર સ્ટાર્ટઅપના યુગમાં આવી ગયું છે. આશા છે કે તેના દ્વારા અમેરિકા ચીનના સસ્તા સામાનને ટક્કર આપશે. ગયા વર્ષે જ સ્ટાર્ટઅપ શરૂ કરવા માટે રેકોર્ડ 55 લાખ અરજીઓ મળી હતી.

આ કોવિડ પહેલાંના સમયગાળા કરતાં દર મહિને 80% વધુ છે. જ્યારે યુરોપમાં તે 20% વધુ છે. કોરોના પછી જ્યારે સ્ટાર્ટઅપ્સમાં 4 નોકરીઓ વધી રહી છે, ત્યારે સ્થાપિત કંપનીઓમાં એક નોકરી ગુમાવવી પડી રહી છે. યુનિવર્સિટી ઓફ મેરિલેન્ડના રેયાન ડેકર જણાવે છે કે અમેરિકામાં સ્ટાર્ટઅપમાં વેગ મળશે. યુરોપઃ 27 વર્ષમાં 80 લાખ નોકરી ગુમાવી પડી ચીનના સસ્તા માલના કારણે યુરોપનો મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગ નબળો પડ્યો છે. 27 વર્ષમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં 80 લાખે નોકરી ગુમાવી છે. જીડીપીમાં ઉત્પાદન ઉદ્યોગનું યોગદાન 2% ઘટ્યું છે 1995માં તે 21% હતું, જે 2022માં વધીને 19% થયું હતું. ચીનની ચીજવસ્તુઓ મોંઘી થશે.

## અફઘાનિસ્તાનમાં વરસાદ-પૂરના કારણે 370 લોકોનાં મોત થયા

### 1600 લોકો ઘાયલ, 6 હજાર ઘર ધોવાઈ ગયા; તાલિબાન સરકારે મદદ માટે સેના તૈનાત

(એજન્સી) કાબુલ | તા 19



અફઘાનિસ્તાનમાં ત્રણ અઠવાડિયાથી ભારે વરસાદને કારણે 370થી વધુ લોકોનાં મોત થયા છે અને 1600 લોકો ઘાયલ થયા છે. તાલિબાન અધિકારીઓના જણાવ્યા અનુસાર સૌથી વધુ નુકસાન ઘોર પ્રાંતમાં થયું છે. અહીં શનિવારે (18 મે) પૂરના કારણે 60 લોકોનાં મોત થયા હતા. પરિસ્થિતિની ગંભીરતાને જોતા તાલિબાન સરકારે લોકોની મદદ માટે એરફોર્સ મોકલી છે.

તાલિબાનના પ્રવક્તા મૌલવી અબ્દુલે કહ્યું કે આ વિસ્તારમાં હજુ પણ ઘણા લોકો ગુમ છે. ખરાબ હવામાનના કારણે રેસ્ક્યુ ટીમને ઘાયલોને મદદ પહોંચાડવામાં ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. બદખ્શાન, ઘોર, બગલાન અને હેરાત સહિત સમગ્ર અફઘાનિસ્તાનમાં અત્યાર સુધીમાં 6 હજારથી વધુ ઘરો ધોવાઈ ગયા છે. વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (WFP)એ 12 મેના રોજ અહેવાલ આપ્યો હતો કે અચાનક પૂરે અફઘાનિસ્તાનમાં તબાહી મચાવી છે. એકલા બગલાનમાં 300થી વધુ લોકોનાં મોત થયા છે. 100થી વધુ લોકો હજુ પણ ત્યાં ગુમ છે.ફિરોઝ-કોહ શહેરમાં 4 હજારથી વધુ મકાનોને નુકસાન થયું છે. ત્યાં લગભગ 2 હજાર દુકાનો અને 2 હજાર મકાનો ધોવાઈ ગયા છે. આ સિવાય 300 થી વધુ પશુઓનાં મોત થયા છે. યુએન ડેવલપમેન્ટ પ્રોગ્રામ (યુએનડીપી) અનુસાર, તેઓ અફઘાનિસ્તાનની સરકાર સાથે મળીને કામ કરી રહ્યા છે. UNDPએ રાહત સામગ્રી પહોંચાડવા માટે અનેક આંતરરાષ્ટ્રીય NGOનો સંપર્ક કર્યો છે.UNDPએ અત્યાર સુધીમાં 300થી વધુ અસ્થાયી મકાનો બનાવ્યા છે. છેલ્લા 3 અઠવાડિયાથી ગયા મહિને પણ અફઘાનિસ્તાનમાં ભારે વરસાદને કારણે 70થી વધુ લોકોનાં મોત થયા હતા.

## ભારતથી ઇઝરાયલ જઈ રહ્યું હતું હથિયારોથી સજ્જ જહાજ

### » સ્પેને રોકવાની મંજુરી આપી નહીં, કહ્યું- મિડલ ઈસ્ટને હથિયારો નહીં, શાંતિની જરૂર છે

(એજન્સી) ફ્રાંસ | તા 19

સ્પેને ભારતથી વિસ્ફોટકો લઈને ઈઝરાયલ જઈ રહેલા જહાજને તેના બંદર પર રોકવાની મંજૂરી આપવાનો ઈન્કાર કરી દીધો છે. ડેનિશ ફ્લેગવાળું આ જહાજ ચેન્નાઈથી ઈઝરાયલના હાઈફા પોર્ટ જઈ રહ્યું હતું. ન્યૂઝ એજન્સી અનુસાર સ્પેનના વિદેશ મંત્રી જોશ મેન્યુઅલ અલ્બારેઝે આ વાતની પુષ્ટિ કરી છે. વિદેશ પ્રધાન અલ્બારેઝે ગુરુવારે બ્રસેલ્સમાં પત્રકારોને જણાવ્યું હતું કે તેમને એવી માહિતી મળી હતી કે શસ્ત્રોનો માલ વહન કરતું જહાજ સ્પેનિશ બંદરમાં ડોક કરવા માગે છે. જેમને રહેવા દેવામાં આવ્યા ન હતા.

અલ્બારેઝે કહ્યું, 'મધ્ય પૂર્વને વધુ હથિયારોની જરૂર નથી. ત્યાં શાંતિની જરૂર છે. તેમણે જહાજ વિશે વધુ માહિતી આપવાનો ઈનકાર કર્યો હતો.

સ્પેનિશ અખબાર 'એલ પેસ'ના જણાવ્યા અનુસાર આ જહાજ પર લગભગ 27 ટન વિસ્ફોટક છે. તે ચેન્નાઈ પોર્ટથી ઈઝરાયલના હાઈફા પોર્ટ જઈ રહ્યું છે. જોકે, જ્યારે ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલને આ અંગે પૂછવામાં આવ્યું તો તેમણે કોઈ સ્પષ્ટ જવાબ આપ્યો ન હતો. સ્પેનના ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર ઓસ્કર પુએન્ટે પણ જહાજ સાથે જોડાયેલી ઘણી બાબતોનો ખુલાસો કર્યો છે. તેમણે કહ્યું કે 'મેરિયન ડેનિકા' નામના જહાજએ 21 મેના રોજ સ્પેનના દક્ષિણ-પૂર્વમાં કાટાજિના પોર્ટ પર રોકવાની પરવાનગી માગી હતી.

## રશિયાને ટક્કર આપવા યુક્રેન 20 હજાર જેલ કેદીઓને યુદ્ધ મોરચે મોકલશે

(એજન્સી) કિવ | તા 19

નાટો અને પશ્ચિમી દેશોની મદદ અને સમર્થનથી યુક્રેન અને રશિયાની લડાઈ ૨ વર્ષ કરતા વધુ સમય ચાલી છે. જો કે યુક્રેન હવે પોતાની આર્મીમાં સૈનિકોની કમી પુરી કરવા માટે ગુના અને આરોપોની સજા ભોગવી રહેલા જેલના કેદીઓની મદદ લેવાનું વિચારી રહયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર આ અંગે યુક્રેન એક નવો કાયદો પસાર કર્યો છે જે મુજબ જે મુજબ સેનામાં ભરતી થવા ઈચ્છતા હોય તેવા કેદીઓને પેરોલ પર મુકત કરવાનો સમાવેશ થાય છે.

આ નવો કાયદાને યુક્રેનના રાષ્ટ્રપતિએ મંજુરી આપી દેતા દેશની સેનાને અંદાજે ૨૦ હજાર સૈનિકો મળી શકે છે. હાલમાં ઉત્તર પૂર્વ, પૂર્વ અને દક્ષિણમાં રશિયાના સૈનિકોનો સામનો કરી રહેલી યુક્રેની સેનાને સૈનિકોની ખોટ પડી રહી છે. આથી સૈન્ય અધિકારીઓ પોતાની વ્યૂહરચના માટે નવો કોઇ રસ્તો વિચારવા માટે મજબૂર બન્યા છે.

યુક્રેનની સેના સામે બહેતર હથિયારોથી સજ્જ રશિયન સેના સામે મોરચા પર લડવૈયાઓની જરુર છે. જો કે યુક્રેન સરકારે ગંભીર પ્રકારના અપરાધો જેમ કે બે કરતા વધુ લોકોની હત્યા, બળાત્કાર અને દેશદ્રોહ જેવા ગુના હેઠળ સેનામાં ભરતી થયેલા લોકોને સેનામાં ભરતી થવાની મંજુરી આપી નથી. યુક્રેન અસ્તિત્વની લડાઇ લડી રહયું છે ત્યારે કેદીઓ મદદ આવી શકે છે.

## અમેરિકાએ ભારતીય લોકશાહીની કરી પ્રશંસા

### બાઈડેને ઝેનોફોબિક કહ્યા બાદ અમેરિકાએ ભારત દેશની લોકશાહીની કરી પ્રશંસા

(એજન્સી) વોશિંગ્ટન | તા 19

ભારતમાં ચાલી રહેલી લોકસભાની ચૂંટણીમાં ભારતના મતદાતાઓએ કરેલાં મતદાન ઉપરથી ભારતની લોકશાહીની પ્રશંસા કરતાં વ્હાઈટ હાઉસે કહ્યું હતું કે ભારત જેવી ઉત્સાહી અને ઊર્જાસભર લોકશાહી બહુ થોડી જોવા મળે છે.વ્હાઈટ હાઉસના નેશનલ સિક્યોરિટી કોમ્યુનિકેશન્સના સલાહકાર જોન કીર્વીએ પત્રકારોને સંબોધનમાં આ ટિપ્પણી કરી હતી. ભારતમાં ચાલી રહેલી ચૂંટણી અંગે આપનો શો પ્રતિભાવ છે? તેમ પત્રકારોના પ્રશ્નના ઉત્તરમાં તેઓએ કહ્યું હતું કે દેશની 2660 જેટલી નોંધાયેલી પાર્ટીના હજ્જારો ઉમેદવારો પૈકી 545 લોકસભા સાંસદોને ચૂંટી કાઢવા, લાખ્ખો મતદાન મથકોએ તે દેશના 96 લાખ અને 90 હજાર જેટલા મતદારોએ મતદાન કર્યું હતું.આમ કહેતાં કીર્વીએ જણાવ્યું કે ભારત સિવાય દુનિયામાં આવી ઉત્સાહપૂર્ણ અને ઊર્જા સભર લોકશાહી બહુ થોડી જોવા મળે છે. ભારતની જનતાને તેમના મતની શક્તિ શી છે તેની પૂરી માહિતી છે, તે દ્વારા તેઓ ભાવિ સરકારમાં તેમનો અવાજ પહોંચાડી શકે છે. તેની પણ તેમને ખબર છે. આ સમગ્ર પ્રક્રિયામાં તેઓ પ્રત્યે આપણી શુભેચ્છાઓ. એક અન્ય પ્રશ્નના ઉત્તરમાં કીર્વીએ કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં શાસન કાળમાં તેમાંયે બાયડેન વહીવટીતંત્રના છેલ્લાં 3 વર્ષમાં ભારત અમેરિકા સંબંધો નિકટના બની રહ્યા. તે ઘણા જ નિકટવર્તી બની ગયા છે. હજી વધુ નિકટવર્તી બની રહ્યા છે.

## ઇઝરાયલની સેનાને 3 બંધકોના મૃતદેહ મળ્યા

### તેમાં તે યુવતીનો મૃતદેહ પણ છે જેને હમાસે નિર્વસ્ત્ર કરીને ફેરવી હતી

(એજન્સી) જેરુસલેમ | તા 19


ઈઝરાયલની સેનાને શુક્રવારે મોડી રાત્રે ગાઝામાં ત્રણ બંધકોના મૃતદેહ મળ્યા હતા. તેમાં એક યુવતીનો મૃતદેહ પણ છે જેને હમાસના આતંકીઓએ નિર્વસ્ત્ર કરીને ગાઝાની શેરીઓમાં ફેરવી હતી. નવેમ્બર 2023માં સેનાને આ યુવતીનું કપાયેલું માથું મળી આવ્યું હતું. યુવતીની ઓળખ મુળ ઈઝરાયલની જર્મન શાની લુક તરીકે થઈ હતી. 22 વર્ષની શાની 6 ઓક્ટોબર 2023ના રોજ આયોજિત નોવા મ્યુઝિક ફેસ્ટિવલમાં ભાગ લેવા પહોંચી હતી. અીં 7 ઓક્ટોબરની સવારે હમાસના આતંકીઓએ હુમલો કરીને ગોળીબાર કર્યો હતો.

ન્યૂઝ એજન્સી એપી અનુસાર, અન્ય બે મૃતદેહોની ઓળખ 28 વર્ષીય અમીત બુસ્કિલા અને 56 વર્ષીય ઈત્ઝાક ગેલેરેન્ટર તરીકે થઈ છે. ત્રણેય પોતાનો જીવ બચાવવા મ્યુઝિક ફેસ્ટમાંથી ભાગી રહ્યા હતા, પરંતુ હમાસના આતંકીઓએ પકડી લીધા હતા અને મોતને ઘાટ ઉતાર્યા હતા. શાનીના ન્યૂડ ફોટોને એવોર્ડ મળ્યો હતો, તેના પર હોબાળો મચ્યો હતો માર્ચ 2024 માં, શાની લુકની હત્યા કરવામાં આવી હતી.

## તાઈવાન આ રીતે બન્યું ગ્લોબલ પાવરહાઉસ:અહીંની TSMC કંપની દુનિયાને કંટ્રોલ કરે છે

### આઈફોનથી ફાઈટર જેટ સુધી અહીં બનેલી ચિપ વપરાય છે

### એપલ, સેમસંગ પણ એના કસ્ટમર છે



(એજન્સી) બેઇજિંગ | તા 19

ચીનને અડીને આવેલા દેશ તાઈવાનમાં એક સમયે ધૂળ ઊડતી હતી ત્યાં આજે હાઈ-સ્પીડ ટ્રેનો દોડે છે. વિશ્વની સૌથી ઊંચી ઈમારતો છે. લોકો સમૃદ્ધ બની ગયા છે. આ તાઈવાન આજે દુનિયાની જાયન્ટ કંપનીઓને સેમિકન્ડક્ટર ચિપ્સ પૂરી પાડે છે. વિશ્વની જરૂરિયાતની 86 ટકા ચિપનું પ્રોડક્શન એકલું તાઈવાન કરે છે. તાઈવાનમાં સેમિકન્ડક્ટર ચિપની ઘણી બધી ઈન્ડસ્ટ્રીઝ છે, પણ સિંચુ શહેરમાં એક સાયન્સ પાર્ક છે ને ત્યાં ચિપ બનાવતી તાઈવાનની સૌથી જાયન્ટ કંપની TSMC છે. એનું પૂરું નામ છે-તાઈવાન સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કંપની લિમિટેડ. અહીં નખથી પણ નાની ને કાગળથી પણ પાતળી ચિપ બને છે. તાઈવાનમાં બનતી ચિપનો ઉપયોગ iPhones થી માંડીને એરોપ્લેન સુધી થાય છે. આટલો ભવ્ય છે તાઈવાનના સિંચુનો સાયન્સ પાર્ક લગભગ ચાર દાયકા પહેલાં, તે એક નગર હતું જે તેના ચાના ખેતરો માટે પ્રખ્યાત હતું અને તેના સાપ માટે કુખ્યાત હતું. આજે તે ગ્લોબલ ચિપ મેકિંગનું હબ છે. તાઈવાનની રાજધાનીથી લગભગ 80 કિલોમીટર દૂર છે સિંચુ શહેર, જેણે તાઈવાનની આર્થિક હાલત બદલી નાખી. આ જ સિંચુ શહેરમાં આવેલો છે સાયન્સ પાર્ક. માનવામાં નહીં આવે પણ એકલા સિંચુ શહેરના સાયન્સ પાર્કનો વિસ્તાર જ સિંગાપોર જેવડો છે. આ શહેર તાઈવાનના 'સિલિકોન શિલ્ડ' તરીકે ઓળખાય છે. એ એટલા માટે કે ચીનના આક્રમણથી બચવા અહીં સજ્જડ વ્યૂહરચના ગાઠવાઈ છે. જાયન્ટ સાયન્સ પાર્કમાં 24x7 ફેસેલિટી સ્ટોર્સ, મલ્ટી-કૂઝિન રેસ્ટોરન્ટ્સ, ગાર્ડન, સ્કૂલ, યુનિવર્સિટીઓ, મસ્ત ગ્રીન એરિયા છે.વૃક્ષોથી ઘણી ઊંચી કાચની બિલ્ડીંગવાળું સિંચુ શહેર ગ્લોબલ ઈકોનોમિને કંટ્રોલ કરતું શહેર છે. સિંચુ તાઈવાનની રાજધાની નથી.

## સંક્ષિપ્ત સમાચાર

### આંધ્રપ્રદેશ: તિરુપતિ-રેનીગુંટા નેશનલ હાઈવે પર બસમાં આગ લાગી, કોઈ જાનહાનિ થઈ નથી

આંધ્રપ્રદેશ | આંધ્રપ્રદેશના મધ્યમાં, તિરુપતિ-રેનિગુંટા નેશનલ હાઈવે પર એક ભયાનક ઘટના સામે આવી છે. તિરુપતિથી શ્રીકાલહસ્તી તરફ મુસાફરોને લઈ જતી ખાનગી બસમાં આગ લાગી હતી, જેના કારણે મુસાફરો અને અધિકારીઓમાં ગભરાટ અને ચિંતા ફેલાઈ ગઈ હતી. સદનસીબે, ઝડપી કાર્યવાહી અને અસરકારક સ્થળાંતર પ્રક્રિયાઓને લીધે, કોઈ જાનહાનિ નોંધાઈ ન હતી. તિરુપતિથી શ્રીકાલહસ્તી સુધીની નિયમિત મુસાફરીમાં, એક ખાનગી બસની હદમાં આગ ફાટી નીકળતાં દુર્ઘટના સર્જાઈ હતી. આ ઘટના તિરુપતિ-રેનિગુંટા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર મોડી રાત્રિના કલાકો દરમિયાન બની હતી, જેણે મુસાફરો અને રાહ જોઈ રહેલા લોકો પર અનિશ્ચિતતાની ચમક ઉભી કરી હતી.પરિસ્થિતિની અરાજકતા અને તાકીદ હોવા છતાં, તમામ મુસાફરોની સલામતી સુનિશ્ચિત કરવા અધિકારીઓ ઝડપથી એકત્ર થયા. પ્રોમ્પ્ટ ઈવેક્યુએશન પ્રોટોકોલ લાગુ કરવામાં આવ્યા હતા, જે આગની જ્વાળાઓને નુકસાન પહોંચાડે તે પહેલા બસમાંથી તમામ મુસાફરોને સફળતાપૂર્વક દૂર કરવામાં આવ્યા હતા.પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં, ફાયર અધિકારીઓની બહાદુરી અને વ્યવસાયિકતા ઝળહળતી હતી. ઘટનાસ્થળના દ્રશ્યો તેમના બહાદુર પ્રયાસો દર્શાવે છે.

### એન્જિનમાં આગ લાગતાં એર ઈન્ડિયા એક્સપ્રેસ ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવે છે

(એજન્સી) નવી દિલ્હી | તા 19

એર ઈન્ડિયા એક્સપ્રેસ ફ્લાઈટ, કોચી જવા માટે સુનિશ્ચિત થયેલ, જ્યારે બેંગલુરુના કેમ્પેગોડા ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ટેકઓફ કર્યા પછી તરત જ તેના જમણા એન્જિનમાં આગ લાગી ત્યારે તેને ગંભીર પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો. આવા સંજોગોમાં ઝડપી કાર્યવાહી અને સલામતી પ્રોટોકોલનું પાલન કરવાના મહત્વ પર ભાર મૂકતા આ ઘટનાને કારણે ઈમરજન્સી લેન્ડિંગ થયું.આ ઘટના દિવસના પ્રારંભિક કલાકો દરમિયાન બની હતી કારણ કે ફ્લાઈટ, 150 મુસાફરો અને ક્રૂ સભ્યોને લઈને, કોચી માટે તેની મુસાફરી શરૂ કરી હતી.ફ્લાઈટ ક્રૂની ઝડપી નિર્ણય લેવાથી એન્જિનની આગ સાથે સંકળાયેલ સંભવિત જોખમોને ઘટાડવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

પ્રત્યક્ષદર્શીઓ અને ગ્રાઉન્ડ સેવાઓએ ટેકઓફના થોડા સમય પછી વિમાનના જમણા એન્જિનમાંથી જ્વાળાઓ નીકળતી હોવાની જાણ કરી, જેનાથી બેંગલુરુ પાછા ફરવાનો તાત્કાલિક નિર્ણય લેવામાં આવ્યો.ઉતરાણ પર, ગ્રાઉન્ડ સેવાઓએ જ્વાળાઓની હાજરીની પુષ્ટિ કરી, જે તાત્કાલિક સ્થળાંતર પ્રક્રિયા તરફ દોરી જાય છે.

### ત્રિપુરામાં NVBDCP દ્વારા મેલેરિયા નિયંત્રણની અસરકારક પહેલ ચાલી રહી છે

ત્રિપુરા | રાષ્ટ્રીય વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ (NVBDCP) સમગ્ર ગ્રામીણ વિસ્તારોમાં મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા, જાપાનીઝ એન્સેફાલીટીસ અને લિમ્ફેટિક ફાઈલેરિયાસિસ જેવા વેક્ટર-જન્ય રોગો સામે લડવા માટેના પ્રયાસોને વધુ તીવ્ર બનાવી રહ્યું છે. આરોગ્ય ઉપ-કેન્દ્રો અને આશા કાર્યકરોના મજબૂત નેટવર્કનો ઉપયોગ કરીને, કાર્યક્રમ વ્યાપક રોગ જાગૃતિ અને નિવારણની ખાતરી આપે છે. ત્રિપુરામાં મેલેરિયા નિયંત્રણ પહેલના મહત્વને સમજવા માટે NVBDCP ના મિશનને સમજવું મહત્વપૂર્ણ છે. ગ્રામીણ વિસ્તારો પર ધ્યાન કેન્દ્રિત કરીને, આ કાર્યક્રમ મેલેરિયા સહિત વિવિધ વેક્ટર-જન્ય રોગોને સંબોધિત કરે છે, જે આ વિસ્તારોમાં જાહેર આરોગ્ય માટે નોંધપાત્ર ખતરો છે. વેક્ટર-જન્ય રોગો અને નિવારક પગલાં વિશે માહિતી પ્રસારિત કરવામાં આરોગ્ય પેટા કેન્દ્રો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ASHA કાર્યકરો, સામુદાયિક આરોગ્ય કાર્યકરો તરીકે, જાગૃતિ લાવવા અને તંદુરસ્ત પ્રથાઓને પ્રોત્સાહન આપવા માટે સ્થાનિક સમુદાયો સાથે સક્રિયપણે જોડાય છે. મેલેરિયાનો અસરકારક રીતે સામનો કરવા માટે, NVBDCP એ તાવના તમામ કેસો માટે મેલેરિયા પરીક્ષણ ફરજિયાત બનાવ્યું છે. આ સક્રિય અભિગમ પ્રારંભિક તપાસ અને તાત્કાલિક સારવારની ખાતરી આપે છે.

### લાલુ યાદવ ક્યારેય સત્તા સ્થાનાંતરિત કરશે નહીં: બિહારના ડેપ્યુટી સીએમ સમ્રાટ ચૌધરીનો આરજેડી સુપ્રીમો પર પ્રહાર

બિહાર| બિહારના રાજકીય ક્ષેત્રના તાજેતરના વિકાસમાં, નાયબ મુખ્ય પ્રધાન સમ્રાટ ચૌધરીએ ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન લાલુ પ્રસાદ યાદવ પર આકરા પ્રહારો શરૂ કર્યા, તેમના પક્ષ, રાષ્ટ્રીય જનતા દળ (RJD) માં ભત્રીજાવાદ અને પક્ષપાતનો આરોપ મૂક્યો.ચૌધરીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી (BJP) તદ્દન વિપરીત છે, તેના સભ્યોમાં સમાનતા પર ભાર મૂકે છે, પછી ભલે તે પક્ષમાં તેમના કદને ધ્યાનમાં લીધા વગર હોય. તેમણે વંચિતો સાથે વડા પ્રધાન મોદીની વ્યક્તિગત ક્રિયાપ્રતિક્રિયા દ્વારા ઉદાહરણ તરીકે, પાયાના લોકો સાથે સીધા જોડાણ માટેની ભાજપની પ્રતિબદ્ધતાને પ્રકાશિત કરી.આરજેડી પર જાતિ આધારિત રાજનીતિ ચાલુ રાખવાનો આરોપ લગાવતા ચૌધરીએ દાવો કર્યો હતો કે જીતમાં પણ લાલુ યાદવ તેમના પરિવારના વર્તુળની બહારના કોઈને સત્તા છોડે તેવી શક્યતા નથી. તેમણે એવા કિસ્સાઓ દર્શાવ્યા કે જ્યાં મુખ્ય હોદ્દા પર પરિવારના સભ્યો દ્વારા કબજો કરવામાં આવ્યો હતો, જે ગુણવત્તા પર વંશીય ઉત્તરાધિકારની પસંદગી દર્શાવે છે.લાલુના પુત્ર અને આરજેડીના અગ્રણી નેતા તેજસ્વી યાદવ પર નિશાન સાધતા, ચૌધરીએ રજવાડાના હકની કલ્પનાની મજાક ઉડાવી, એવું સૂચવ્યું કે તેજસ્વીની રાજકીય મહત્વાકાંક્ષાઓ વાસ્તવિક જાહેર સેવા કરતાં કૌટુંબિક વારસામાં વધુ મૂળ છે.

## બૌદ્ધ સમુદાયનો અવાજ રાજકીય સીમાઓને પાર કરતા નેતૃત્વના પ્રમાણપત્ર તરીકે ઉભરે

# વારાણસી: બૌદ્ધ ભિક્ષુએ ભગવાન બુદ્ધ સાથે જોડાયેલા સ્થળોના વિકાસ માટે મોદીની પ્રશંસા

(એજન્સી) વારાણસી | તા 19

ભારતના આધ્યાત્મિક કેન્દ્ર, વારાણસીમાં, ધાર્મિક આદરનો પડઘો રાજકીય ઉત્સાહના ટેમ્પો સાથે એકીકૃત રીતે ભળી જાય છે. તોળાઈ રહેલી લોકસભા ચૂંટણીના કોલાહલ વચ્ચે, એક અનોખો સમૂહગાન ઉભરી આવે છે - જે ભગવાન બુદ્ધના પવિત્ર સ્થળોના વિકાસ માટે તેમની અતૂટ પ્રતિબદ્ધતા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પ્રત્યે બૌદ્ધ સાધુઓની કૃતજ્ઞતાનો પડઘો પાડે છે.વારાણસીની પ્રાચીન ગલીઓના ભુલભુલામણીમાં, જ્યાં ઈતિહાસ દરેક પથ્થરોમાંથી ધૂમ મચાવે છે, પરિવર્તનનો અવાજ વધુ જોરથી ગુંજી ઉઠે છે. બૌદ્ધ સાધુઓ, એક કાલાતીત પરંપરાના રખેવાળો, ભગવાન બુદ્ધના જીવનના સાર સાથે સંકળાયેલા સ્થળોને પુનઃજીવિત કરવાના તેમના અપ્રતિમ પ્રયાસો માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને "બૌદ્ધ સંરક્ષક" તરીકે બિરદાવ્યા છે. સારનાથના કોરિડોર કૃતજ્ઞતાના મંત્રોથી ગુંજી ઉઠે છે, કારણ કે બૌદ્ધ સાધુઓ વડાપ્રધાન મોદીને તેમના આશીર્વાદ આપે છે. તેઓ તેમના સ્વપ્નદ્રષ્ટા ઉત્સાહ માટે તેમની પ્રશંસા કરે છે, તેમને બૌદ્ધ ધર્મના આધુનિક સમયના ઉપકારીનું બિરુદ આપે છે.

બોધ ગયાના પવિત્ર વિસ્તારથી લઈને કુશીનગરના શાંત વિસ્તારો સુધી, પીએમ મોદીના વિકાસલક્ષી પ્રયાસોએ બૌદ્ધ વારસાની ભૌગોલિક ટેપેસ્ટ્રીને પાર કરી છે. રસ્તાઓ, રેલ્વે અને એરપોર્ટ હવે લેન્ડસ્કેપ્સમાંથી પસાર થાય છે જે એક સમયે ઉપેક્ષામાં ઢંકાયેલો હતો, જે તીર્થયાત્રા અને આધ્યાત્મિક સંવાદના પુનરુજ્જીવનને પ્રોત્સાહન આપે છે.



ચૂંટણી ઝુંબેશના કોલાહલ વચ્ચે, બૌદ્ધ સમુદાયનો અવાજ રાજકીય સીમાઓને પાર કરતા નેતૃત્વના પ્રમાણપત્ર તરીકે ઉભરે છે. તેમના વખાણ માત્ર સમર્થન તરીકે જ નહીં પરંતુ એક એવા નેતા માટે આદરની સાચી અભિવ્યક્તિ તરીકે પડઘો પાડે છે જે સમાવેશીતા અને પ્રગતિના સિદ્ધાંતોને મૂર્ત બનાવે છે.

વારાણસીના સીમાડાઓથી આગળ, PM મોદીનો આઉટરીચ વિસ્તરે છે, બૌદ્ધ વારસાના દોરથી એમ્બ્રોઈડરી કરાયેલ રાજદ્વારી સંબંધોની ટેપેસ્ટ્રી વણાટ કરે છે. આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પર તેમની હિમાયત ભારતના પ્રાચીન શાણપણના પડઘા સાથે ફરી વળે છે, કરુણા અને સંવાદિતાના વૈશ્વિક પુનરુજ્જીવનને પ્રોત્સાહન આપે છે. રાજકીય પ્રવચનના તોફાની ભૂપ્રદેશમાં, બૌદ્ધ સમુદાય વિવાદો અને પડકારો વચ્ચે પીએમ મોદીને અવિશ્વસનીય સમર્થનની ઓફર કરીને નિશ્ચય ઊભો છે. તેમની એકતા એ બંધનને રેખાંકિત કરે છે જે પક્ષપાતી રાજકારણના ક્ષણિક રંગોને પાર કરે છે. આદરણીય ભિખ્ખુ સંઘસેના, બૌદ્ધ આધ્યાત્મિકતાના ક્ષેત્રના પ્રકાશમાન, ભારતમાં બૌદ્ધ ઉદ્દેશ્યને નિરંતર સમર્થન આપવા બદલ PM મોદીનો હૃદયપૂર્વક આભાર માને છે. તેમના શબ્દો એવા સમુદાયની લાગણીઓને પ્રતિબિંબિત કરે છે જે એક નેતાના આલિંગનમાં આશ્વાસન મેળવે છે જેની ક્રિયાઓ રેટરિક કરતાં મોટેથી બોલે છે.સંયુક્ત રાષ્ટ્રના પવિત્ર હોલથી લઈને લુમ્બિનીના શાંત કિનારા સુધી, PM મોદીની બૌદ્ધ ધર્મની હિમાયત વૈશ્વિક સ્તરે ફરી રહી છે. તેમના પ્રયાસો, પછી ભલે તે આંતરરાષ્ટ્રીય બૌદ્ધ કેન્દ્રનો શિલાન્યાસ હોય કે બુદ્ધ અવશેષોના પ્રસારની સુવિધા હોય, સાર્વત્રિક ભાઈચારાની નીતિમાં રહેલી રાજનીતિનું પ્રતીક છે.

જેમ જેમ ચૂંટણીનો ઉત્સાહ વારાણસીને પોતાના આલિંગનમાં સમાવે છે તેમ, કથા રાજકારણની સીમાઓથી આગળ વધે છે, આદર અને કૃતજ્ઞતાની ટેપેસ્ટ્રી વણાટ કરે છે. પીએમ મોદીનો વારસો, વારાણસીના આધ્યાત્મિક વારસા સાથે જોડાયેલો, એકતા અને પ્રગતિના દીવાદાંડી તરીકે ઉભો છે, જે ભવિષ્ય તરફના માર્ગને પ્રકાશિત કરે છે જ્યાં પ્રાચીન શાણપણના પડઘા આધુનિકતાના તાલ સાથે સુમેળમાં ગુંજી ઉઠે છે.

## કોંગ્રેસ અધ્યક્ષના ફોટા પર ફેરવ્યો કાળો કૂચડો

# અધીર રંજનને ખડગેની ચેતવણીથી પશ્ચિમ બંગાળના કાર્યકરો નારાજ!

(એજન્સી) કોલકાતા| તા 19

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને બંગાળ કોંગ્રેસના વડા અધીર રંજન ચૌધરી વચ્ચે TMC સાથેના પક્ષના સંબંધોને લઈને વિવાદ વકર્યો છે. કોલકાતામાં પ્રદેશ કોંગ્રેસ ભવન ખાતે મલ્લિકાર્જુન ખડગેના ફોટા પર કાળી સ્યાહીનો કૂચડો ફેરવવામાં આવ્યો છે. કોલકાતામાં વિધાન ભવનની સામે કોંગ્રેસના ઘણા હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યા છે જેમાં ખડગે સહિત કોંગ્રેસના ઘણા વરિષ્ઠ નેતાઓની તસવીરો છે. રવિવારે ખડગેની તસવીરો પર કૂચડો ફેરવવામાં આવ્યોહતો.જો કે આ જ હોર્ડિંગ પર સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીના પણ ફોટો છે. પરંતુ તે ફોટોગ્રાફ્સ પર શાહીનું નિશાન પણ નથી. આ બાબત કોંગ્રેસના કાર્યકરોના ધ્યાને





આવતાં જ તેઓએ તરત જ શાહી લાગેલા હોર્ડિંગ્સ અને બેનરો હટાવી દીધા હતા.

મમતા બેનર્જીએ થોડા દિવસો પહેલા એક જાહેર સભાને સંબોધિત કરતી વખતે કહ્યું હતું કે જો કેન્દ્રમાં ભારત બ્લોકની સરકાર બનશે તો તેઓ તેને બહારથી સમર્થન આપશે. આ પછી અધીર રંજન ચૌધરીએ તેમના નિવેદન પર ટિપ્પણી કરતા કહ્યું કે મમતા બેનર્જી પર વિશ્વાસ કરી શકાય નહીં. તે ભાજપ સાથે જઈ શકે છે. જ્યારે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને આ અંગે પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું કે મમતા બેનર્જી મહાગઠબંધનની સાથે છે. તેમણે હાલમાં જ કહ્યું છે કે તે સરકારમાં જોડાશે. અધીર રંજન ચૌધરી કોઈ નિર્ણય લેશે નહીં. નિર્ણય હું અને હાઈકમાન્ડ લઈશું. જેઓ સહમત નથી તેઓ વોકઆઉટ કરશે.

જ્યારે મલ્લિકાર્જુન ખડગેના નિવેદન વિશે પૂછવામાં આવ્યું ત્યારે અધીર રંજન ચૌધરીએ કહ્યું કે હું એવા વ્યક્તિના પક્ષમાં ન બોલી શકું જે મને અને અમારી પાર્ટીને બંગાળમાં રાજકીય રીતે ખતમ કરવા માંગે છે. આ લડાઈ કોંગ્રેસના દરેક કાર્યકર્તાની છે. મેં તેમના વતી વાત કરી છે. અધીર રંજને કહ્યું કે મમતા બેનર્જી સામેનો તેમનો વિરોધ તેમના સિદ્ધાંતવાદી વલણથી ઉદ્ભવે છે અને વ્યક્તિગત હિત કે નુકસાનથી નહીં. કોંગ્રેસ નેતાએ કહ્યું કે મારી તેમની સામે કોઈ અંગત દ્વેષ નથી, પરંતુ હું તેમની રાજકીય નૈતિકતા પર સવાલ ઉઠાવું છું.

## ધરપકડથી પરિસ્થિતિની જટિલતામાં વધારો થવા સાથે કાયદાકીય કાર્યવાહી ચાલી રહી

# વિરોધ અને રાજકારણ: ન્યાય મેળવવાથી લઈને આરોપોનો બચાવ કરવા સુધી

(એજન્સી) નવી દિલ્હી | તા 19

દિલ્હીમાં બીજેપી હેડક્વાર્ટર ખાતે AAP દ્વારા આયોજિત તાજેતરના વિરોધમાં નોંધપાત્ર વિવાદ થયો છે અને ન્યાય અને આરોપો પર પક્ષના બદલાતા વલણ અંગે પ્રશ્નો ઉભા થયા છે. સ્વાતિ માલીવાલ, AAP ના રાજ્યસભા સાંસદ, તેમની ટીકામાં અવાજ ઉઠાવી રહી છે, જે ન્યાય માટેના ભૂતકાળના વિરોધો, જેમ કે નિર્ભયા કેસ, અને આરોપી વ્યક્તિના વર્તમાન બચાવ વચ્ચેના તફાવતને પ્રકાશિત કરે છે.દિલ્હીના સીએમના સહયોગી બિભવ કુમાર સામે માલીવાલના આરોપોએ ચર્ચાને વધુ વેગ આપ્યો છે. તેણીએ હુમલો કરવામાં આવ્યો હોવાનો દાવો કર્યો હતો અને કુમાર પર સીસીટીવી ફૂટેજ કાઢી નાખવા સહિત પુરાવા સાથે ચેડા કરવાનો આરોપ મૂક્યો હતો. આ આરોપોથી AAP અને દિલ્હી પોલીસ વચ્ચે તણાવ વધી ગયો છે, જેના કારણે સીએમ અરવિંદ કેજરીવાલ દ્વારા વિરોધ પ્રદર્શન માટે બોલાવવામાં આવ્યા છે.જેમ જેમ રાજકીય નાટક બહાર આવે છે તેમ, ભાજપ મુખ્યાલયની આસપાસ સુરક્ષા પગલાં કડક કરવામાં આવ્યા છે, અને વિક્ષેપોને ઘટાડવા માટે ટ્રાફિક એડવાઈઝરી જારી કરવામાં આવી છે. કુમાર વિરુદ્ધ માલીવાલની ફરિયાદ અને ત્યારપછીની તેમની ધરપકડથી પરિસ્થિતિની જટિલતામાં વધારો થવા સાથે કાયદાકીય કાર્યવાહી ચાલી રહી છે.

જાહેર પ્રતિસાદ મિશ્ર રહ્યો છે, જેમાં કેટલાક AAP ની ક્રિયાઓને સમર્થન આપે છે જ્યારે અન્ય પક્ષના હેતુઓ અને અખંડિતતા પર સવાલ ઉઠાવે છે. આ ઘટનાએ સમકાલીન રાજકારણમાં વિરોધની ભૂમિકા અને આરોપો સામે બચાવ વિરુદ્ધ ન્યાયની હિમાયતમાં સામેલ નૈતિક વિચારણાઓ વિશે પણ વ્યાપક પ્રશ્નો ઉભા કર્યા છે. નિષ્કર્ષમાં, AAP વિરોધ અને ત્યારપછીનો વિવાદ રાજકીય સક્રિયતાની જટિલતાઓ અને ન્યાય મેળવવા અને આરોપો સામે બચાવ કરવા વચ્ચેની ઝીણી રેખાને નેવિગેટ કરવાના પડકારોને રેખાંકિત કરે છે.

# મારા પક્ષમાંથી કોઈ પણ લોકસભાની ચૂંટણી લડતું નથી: જનસત્તા દળના વડા રાજા ભૈયા

(એજન્સી) નવી દિલ્હી | તા 19

ભારતીય રાજનીતિના ક્ષેત્રમાં, જનસત્તા દળ (લોકતાંત્રિક) અને તેના નેતા, રઘુરાજ પ્રતાપ સિંહ, જે વ્યાપકપણે રાજા ભૈયા તરીકે જાણીતા છે, નોંધપાત્ર સુસંગતતા ધરાવે છે. તાજેતરમાં, રાજા ભૈયાએ ઉત્તર પ્રદેશમાં આગામી લોકસભાની ચૂંટણીઓ પર તેમની પાર્ટીના વલણ અંગે એક નોંધપાત્ર જાહેરાત કરી હતી.

રાજા ભૈયાએ એએનઆઈને આપેલા નિવેદનમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે તેમની પાર્ટી લોકસભાની ચૂંટણી માટે કોઈ ઉમેદવારને મેદાનમાં ઉતારશે નહીં, ન તો તે અન્ય કોઈ રાજકીય એન્ટિટી સાથે ગઠબંધન કરશે. આ નિર્ણય પક્ષના બિન-પક્ષીય અભિગમ પર ભાર મૂકતા તેમના પક્ષના કાર્યકરો અને સમર્થકોને સ્પષ્ટપણે જણાવવામાં આવ્યો હતો. ઉમેદવારોને મેદાનમાં ઉતારવાની બાબતમાં તટસ્થ વલણ જાળવવા છતાં, રાજા ભૈયાએ તમામ રાજકીય પક્ષો સાથે સૌહાર્દપૂર્ણ સંબંધોને ઉત્તેજન આપવાનું મહત્વ દર્શાવ્યું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે રાજકારણીઓ તરીકે, વૈચારિક મતભેદોને ધ્યાનમાં લીધા વિના, રાજકીય સ્પેક્ટ્રમમાં નેતાઓ સાથે જોડાણ કરવું મહત્વપૂર્ણ છે. જો કે, તેમણે પુનરોચ્ચાર કર્યો કે ઔપચારિક જોડાણ વિના, અન્ય પક્ષોના નેતાઓ સાથે સ્ટેજ શેર કરવું અસમર્થ બની જાય છે.ભારતીય રાજકારણમાં વારંવાર જોવા મળતા પક્ષપાતી રેટરિકથી વિદાય લેતા, રાજા ભૈયાએ રાષ્ટ્રને આગળ ધપાવવાના હેતુથી 'ઐતિહાસિક' નિર્ણયોના અમલીકરણને ટાંકીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની તેમના નેતૃત્વ માટે પ્રશંસા કરી હતી. આ સ્વીકૃતિ રાજકીય પ્રવચન માટે એક સૂક્ષ્મ અભિગમને રેખાંકિત કરે છે, જે જોડાણને બદલે યોગ્યતા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

# PMને પડકાર: AAP ના વિરોધ પર સલમાન ખુર્શીદનો પરિપ્રેક્ષ્ય

(એજન્સી) નવી દિલ્હી | તા 19

દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલની આગેવાની હેઠળ ભાજપના મુખ્યમથક ખાતે તાજેતરના વિરોધ પ્રદર્શને ભારતીય રાજકારણની ગતિશીલતા અંગે નોંધપાત્ર ચર્ચાઓ શરૂ કરી છે. કોંગ્રેસના નેતા સલમાન ખુર્શીદનો પરિપ્રેક્ષ્ય લોકશાહી સેટઅપમાં સત્તાને પડકારવાની ગૂંચવણો પર પ્રકાશ પાડે છે.સલમાન ખુર્શીદની ટિપ્પણી વડા પ્રધાનનો સીધો સામનો કરવાના અંતર્ગત પડકારોને રેખાંકિત કરે છે. તેઓ કેજરીવાલ અને તેમના પક્ષના કાર્યકરોને પ્રેરિત કરતી લાગણીઓને સ્વીકારે છે પરંતુ આવી ક્રિયાઓમાં સામેલ જટિલતાઓને પ્રકાશિત કરે છે. ખુર્શીદનું નિવેદન રાજકીય લેન્ડસ્કેપનું ઊંડું પૃથ્થકરણ કરવા માટે પ્રેરિત કરે છે, જેમાં સત્તાની ગતિશીલતા અને જાહેર ધારણાની ઘોંઘાટ પર ભાર મૂકવામાં આવે છે.PM મોદી સરકારને પડકારવાનો અરવિંદ કેજરીવાલનો નિર્ણય કથિત અન્યાય સામે બોલ્ડ વલણ દર્શાવે છે. AAP સભ્યો સામે લક્ષિત સતાવણીના તેમના આક્ષેપો પહેલેથી જ તીવ્ર રાજકીય વાતાવરણમાં બળતણ ઉમેરે છે. કેજરીવાલના ભૂતપૂર્વ સહાયક, બિભવ કુમારની કથિત હુમલાના કેસના સંબંધમાં ધરપકડથી તણાવ વધુ વધે છે.

સુરક્ષાના પગલાં અને ટ્રાફિક એડવાઈઝરી પરિસ્થિતિની ગંભીરતા દર્શાવે છે, સાવધાની અને સજ્જતાની જરૂરિયાત પર ભાર મૂકે છે. કેજરીવાલની ક્રિયાઓ પ્રત્યે જાહેર પ્રતિક્રિયા અલગ અલગ હોય છે, જેમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ગરમ ચર્ચાઓ અને ચર્ચાઓ માટે અખાડા તરીકે સેવા આપે છે.બિભવ કુમારની ધરપકડ અને તકેદારી વિભાગ દ્વારા તેમની સેવાની સમાપ્તિની આસપાસની કાનૂની કાર્યવાહી ખુલ્લી વાર્તામાં સ્તર ઉમેરે છે.

# ફારુક અબ્દુલ્લાએ જમ્મુ અને કાશ્મીરમાં તાજેતરની હત્યાઓની આંતરરાષ્ટ્રીય તપાસની માંગ કરી છે

(એજન્સી) નવી દિલ્હી | તા 19

જમ્મુ અને કાશ્મીરમાં તાજેતરની હત્યાઓએ આક્રોશ અને ચિંતા ફેલાવી છે, જમ્મુ અને કાશ્મીર નેશનલ કોન્ફરન્સ (JKNC) ના ચીફ ફારૂક અબ્દુલ્લાને ઘટનાઓની આંતરરાષ્ટ્રીય તપાસની માંગ કરવા માટે પ્રેરિત કર્યા છે. ફારુક અબ્દુલ્લા તાજેતરના ગોળીબારની નિંદા કરે છે, ભારપૂર્વક જણાવે છે કે આતંકવાદને કાબૂમાં લેવાના પ્રયત્નો છતાં આ પ્રદેશમાં ચાલુ છે. તે પરિસ્થિતિની જટિલતાને હાઈલાઈટ કરીને દોષારોપણ કરતાં પહેલાં તાત્કાલિક તપાસની જરૂરિયાત પર ભાર મૂકે છે. અબ્દુલ્લાએ પ્રવાસન ઉદ્યોગ પર આવા હુમલાઓની પ્રતિકૂળ અસરોને રેખાંકિત કરી, એવી ઘટનાઓને ટાંકીને કે જ્યાં પ્રવાસીઓને પણ નિશાન બનાવવામાં આવ્યા છે.પરિસ્થિતિની ગંભીરતા વ્યક્ત કરતા, અબ્દુલ્લાએ તાજેતરની હત્યાઓની તપાસ માટે આંતરરાષ્ટ્રીય દબાણ અને આંતરરાષ્ટ્રીય તપાસ એજન્સીઓની સંડોવણી માટે હાકલ કરી.તેમણે આતંકવાદને સંબોધવા માટે પાડોશી દેશો, ખાસ કરીને પાકિસ્તાન તરફથી સહકારની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.અબ્દુલ્લાના નિવેદનો ભાજપના ભૂતપૂર્વ સરપંચ એજાઝ અહમદ શેખની હત્યા અને શોપિયાં અને અનંતનાગ જિલ્લામાં અલગ-અલગ આતંકવાદી હુમલાઓમાં જયપુરના એક દંપતીના ઘાયલ થવાના જવાબમાં આવ્યા છે.

**ઉત્તર મધ્ય રેલ્વે**

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ નંબર :- 24 /33 — તારીખ :- 17-05-2024

**ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ**

ભારતના રાષ્ટ્રપતિ વતી, **પ્રિન્સિપલ ચીફ મટિરિયલ મેનેજર, ઉત્તર મધ્ય રેલવે, પ્રયાગરાજ (ISO 9001:2015 પ્રમાણિત એકમ)** નીચેની વસ્તુઓ માટે ઈ-પ્રોક્યુરમેન્ટ ટેન્ડર આમંત્રિત કરે છે.

| ક્ર. નં. | ટેન્ડર નંબર | સંક્ષિપ્ત વિવરણ | જથ્થો | ટેન્ડર ખુલવાની તારીખ |
|---|---|---|---|---|
| 1 | 70243430 | પેન્ટ એલ્યુમિનિયમ બ્રશિંગ. | 23501 લીટર | 24.06.2024 |
| 2 | 80241194 | સિલિન્ડ્રિકલ રોલર બેરિંગ. | 243 નંગ | 18.06.2024 |
| 3 | 20243656 | એન્ડ રિંગ ફોર ઝિર્કોનિયમ ટાઈપ શાફ્ટ માઉન્ટેડ ડિઝાઈન રોટર. | 141 નંગ | 11.06.2024 |
| 4 | 20243698 | સર્જ એરેસ્ટર | 50 નંગ | 12.06.2024 |
| 5 | 20241264 | LED આધારિત ટ્વીન બીમ હેડ લાઈટ. | 100 નંગ | 12.06.2024 |
| 6 | 40241278 | 12.5 વોટની એલઈડી લાઈટનો સેટ. | 1180 નંગ | 12.06.2024 |
| 7 | 20243006A | પલ્સ પ્રોબ કોમ્બ. | 69 નંગ | 11.06.2024 |
| 8 | 20245013 (e-RA) | મુખ્ય ટ્રાન્સફોર્મર 7775 KVA | 06 નંગ | 12.06.2024 |

ઉપરોક્ત તમામ ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડરોની સંપૂર્ણ વિગતો **IREPS** વેબસાઈટ **https://www.ireps.gov.in** પર ઉપલબ્ધ છે. ટેન્ડરમાં કોઈપણ ફેરફાર/શુદ્ધિપત્ર માટે કૃપા કરીને નિયમિતપણે આ વેબસાઈટની મુલાકાત લો.

880/24 (P)

North central railways | www.ncr.indianrailways.gov.in | @northcentralrailway | @CPRONCR

**ઉત્તર મધ્ય રેલ્વે**

**ઈ-ટેન્ડર સૂચના**

વિભાગીય રેલ્વે મેનેજર (વર્કસ, નોર્થ કેરોલિના રેલ્વે, ઝાંસી ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી નીચેના કામ માટે ઓનલાઈન (ઈ-ટેન્ડરીંગ) દ્વારા સીલબંધ 'ઓપન ટેન્ડર' આમંત્રિત કરે છે.

**કામનું વર્ણન:-** પુરવઠો, ઈન્સ્ટોલેશન અને કમિશનિંગ એડીએન/એમબીએ (ADEN/MBA) ના પેટાવિભાગ હેઠળ ઝાંસી-માનિકપુર, લલિતપુર-ખજુરાહો અને મહોબા-ખજુરાહો વિભાગમાં ઈલેક્ટ્રોનિક પ્રકારના ટ્રેક-આધારિત રેલ લ્યુબ્રિકેટર (1 કિમીની અસર વહન). **ઈ-ટેન્ડર નંબર :-** JHS-ENGG-E-2024-96

**અંદાજીત ખર્ચ:-** 41477144.41 | **અર્નેસ્ટ મની :-** રૂ 357400.00

**કામનું વર્ણન:-** પુરવઠો, ઈન્સ્ટોલેશન અને કમિશનિંગ એડીએન/બીએનડીએ (ADEN/BNDA) ના પેટાવિભાગ હેઠળ ઝાંસી-માનિકપુર, ખૈરાર-ભીમસેન , લલિતપુર-ખજુરાહો, મહોબા-ખજુરાહો અને બંસપહાર-ઓહાન વિભાગમાં ઈલેક્ટ્રોનિક પ્રકારના ટ્રેક-આધારિત રેલ લ્યુબ્રિકેટર (1 કિમીની અસર વહન). **ઈ-ટેન્ડર નંબર :-** JHS-ENGG-E-2024-99

**અંદાજીત ખર્ચ:-** 49743939.00 | **અર્નેસ્ટ મની :-** રૂ 398700.00

**બધાં ટેન્ડર બંધ થવાની તારીખ :-** 14-06-2024 એ 15:00 કલાક. **સ્વીકૃતિ પત્ર મળ્યાથી / કાર્ય પૂર્ણ કરવાની અવધિ :-** 60 મહિના . ટેન્ડર 14-06-2024 એ 15:00 કલાક સુધી ઑનલાઈન સબમિટ કરી શકાય છે . પૂર્ણ માહિતી માટે તેમજ બિડ સબમિશન માટે કૃપા કરીને ભારતીય રેલવેની વેબસાઈટ **www.ireps.gov.in** પર જુઓ .

878/24(DG)

North central railways | @CPRONCR | @northcentralrailway | www.ncr.indianrailways.gov.in

**ઉત્તર મધ્ય રેલ્વે**

**ઈ-ટેન્ડર સૂચના** — તારીખ :- 16-05-2024

ભારતના રાષ્ટ્રપતિ વતી, વરિષ્ઠ વિભાગીય મિકેનિકલ એન્જિનિયર, કે વૈ, પ્રયાગરાજ, ઉત્તર મધ્ય રેલવે, GeM વેબસાઇટ પર નીચેના કામ માટે પૂરતા અનુભવ અને નાણાકીય ક્ષમતા ધરાવતા પ્રતિષ્ઠિત ઠેકેદારો પાસેથી નિર્ધારિત ફોર્મેટમાં ઈ-ટેન્ડરો બંધ થવાની તારીખ અને સમય સુધી આમંત્રિત કરે છે.

**ઈ-ટેન્ડર સૂચના નંબર :-** GEM/2024/B/4948436 તારીખ: 16.05. 2024

**કાર્યનું નામ:-** ચાર વર્ષના સમયગાળા માટે પ્રયાગરાજ કોચિંગ ડેપો અને કેમ્પસ વિસ્તારની યાંત્રિક/મેન્યુઅલ સફાઈનું વ્યાપક કાર્ય.

**ટેન્ડર પ્રકાર :-** બે પૈકેટ સિસ્ટમ | **કાર્યનું અંદાજીત ખર્ચ (રૂ માં ):-** 15988752/-

**ઈએમડી (રૂ) :-** 229950/- | **ઈ-ટેન્ડર ફોર્મનું મુલ્ય (રૂ માં ) :-** શૂન્ય | **કાર્ય પૂર્ણ કરવાની અવધિ :-** 04 વર્ષ

GeM વેબસાઈટ પર પ્રકાશિત થવાની તારીખ :- 16-05-2024, **ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય :- 07-06-2024 એ 14:00 વાગ્યે, નોંધ:- 1.** ઉપરોક્ત ઈ-ટેન્ડરોની ટેન્ડર પુસ્તિકા સાથેની સંપૂર્ણ માહિતી GeM વેબસાઈટ પર પ્રકાશન તારીખથી ઉપલબ્ધ/અપલોડ કરવામાં આવશે અને વેબસાઈટ www.GeM.gov.in પર ખુલવાની નિયત તારીખ સુધી રહેશે. **2.** ઉપરોક્ત ટેન્ડરો માટે ઈ-બીડ સિવાયની બિડ સ્વીકારવામાં આવશે નહીં. આ હેતુ માટે વિક્રેતાઓએ પોતાની જાતને GeM વેબસાઈટ પર નોંધણી કરાવવી જરૂરી છે. **3.** ટેન્ડરરે તેની સહી જોડવામાં આવેલ દસ્તાવેજ પર મુકવી જોઈએ. **4.** ઈ-ટેન્ડર ફોર્મ તમામ બિડરોને વિના મૂલ્યે જારી કરવામાં આવશે. **5.** કોઈપણ મુશ્કેલીના કિસ્સામાં, GeM વેબસાઈટ પર ઉપલબ્ધ હેલ્પ ડેસ્કનો સંપર્ક કરી શકાય છે. **6.** ઓનલાઈન ઈ-ટેન્ડર ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય સુધી સબમિટ કરી શકાય છે. **7.** સંયુક્ત સાહસ કંપનીઓને આ ટેન્ડરમાં ભાગ લેવાની છૂટ છે.

872/24 (P)

North central railways | www.ncr.indianrailways.gov.in | @northcentralrailway | @CPRONCR

**ઉત્તર મધ્ય રેલ્વે**

**ટેન્ડર નોટિસ નંબર :-** PRYJ/Br./L/2024-25 /02 — **તારીખ :-** 16-05-2024

**ઈ-ટેન્ડર સૂચના**

નાયબ મુખ્ય ઈજનેર/બ્રિજ/લાઈન/ઉત્તર મધ્ય રેલ્વે પ્રયાગરાજ દ્વારા ભારતના રાષ્ટ્રપતિના વતી અને વતી નીચેના સુનિશ્ચિત કામો માટે 10-06-2024 સુધી 14:30 કલાક સુધીમાં નિયત ફોર્મ પર ઈ-ટેન્ડરો મંગાવવામાં આવે છે. કામની વિગતો નીચે મુજબ છે:-

| ટેન્ડર નં. | કાર્યનું વર્ણન | | |
|---|---|---|---|
| 2024-03 | **કાર્યનું વર્ણન:-** પ્રયાગરાજ વિભાગના કાનપુર અનવરગંજ સ્ટેશન પર અમૃત ભારત યોજના હેઠળ 12.0 મીટર પહોળા ફૂટ ઓવર બ્રિજની જોગવાઈ. | | |
| **અંદાજીત ખર્ચ (રૂ ) :** 88486110.12/- | **બાના રકમ (રૂ) :** 592400/- | **કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળો :-** 12 મહિના | **ટેન્ડર ખુલવાની તારીખ :** 10-06-2024 |

**સમાન કાર્ય માટે લઘુત્તમ ઈચ્છનીય આધાર:-** કોઈપણ સિવિલ એન્જિનિયરિંગ કાર્ય જેમાં 'ફેબ્રિકેશન અને સ્ટીલ/કમ્પોઝિટ ફૂટઓવર બ્રિજનું ઉત્થાન/લોન્ચિંગ સામેલ છે તે રેલવે/હાઈવે/સ્થાનિક સંસ્થાઓ માટે કોઈપણ પ્રકારના સ્ટીલ/કમ્પોઝિટ બ્રિજ ગર્ડર છે. **નોંધ:- 1.** ઉપરોક્ત ઈ-ટેન્ડરોના ટેન્ડર દસ્તાવેજ સાથેની સંપૂર્ણ માહિતી સંપૂર્ણ માહિતી વેબસાઈટ www.irpes.gov.in પર ટેન્ડર ખોલવાની નિયત તારીખ એટલે કે **10-06-2024** સુધી 14:30 કલાક સુધી ઉપલબ્ધ રહેશે. **2.** ઉપરોક્ત ટેન્ડરો સામે ઈ-બિડના સ્વરૂપ સિવાયની બિડ સ્વીકારવામાં આવશે નહીં. આ હેતુ માટે, વિક્રેતાઓએ IT એક્ટ-2000 હેઠળ CCA દ્વારા જારી કરાયેલ ડિજિટલ હસ્તાક્ષર પ્રમાણપત્ર સાથે IREPS વેબસાઈટ પર નોંધણી કરાવવી જરૂરી છે. **3.** નાણાકીય દર પૃષ્ઠમાં દાખલ કરેલ અને યોગ્ય રીતે ડિજિટલી હસ્તાક્ષર કરેલ દરો ધ્યાનમાં લેવામાં આવશે. જો વિક્રેતાઓ દ્વારા જોડવામાં આવે તો દરો અને અન્ય કોઈપણ નાણાકીય એન્ટિટી કોઈપણ અન્ય ફોર્મ/લેટરહેડમાં હોય તો તેને તરત અવગણવામાં આવશે અને તેને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. **4.** જે દસ્તાવેજ જોડવામાં આવે છે તેના પર ટેન્ડરર દ્વારા સહી કરવી જોઈએ. **5.** ઈ-ટેન્ડરિંગના સંદર્ભમાં અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD)ની ચુકવણી માત્ર નેટ બેન્કિંગ અથવા પેમેન્ટ ગેટવે દ્વારા જ સ્વીકારવામાં આવશે. **6.** કોઈપણ મુશ્કેલીના કિસ્સામાં IREPS ની વેબસાઈટ પર ઉપલબ્ધ હેલ્પ ડેસ્કનો સંપર્ક કરી શકાય છે. **7.** ઓનલાઈન ટેન્ડર 10-06-2024 ના રોજ 14:30 કલાક સુધી સબમિટ કરી શકાય છે. **8.** માલ અને/અથવા સેવાઓના સપ્લાયર GST કાયદા અને સમયાંતરે લાગુ પડતા નિયમોને આધીન રહેશે. **9.** ટેન્ડરરે GCC જુલાઈ 2020 ના કલમ 10 થી 18 (ભાગ-1) ના પાલનમાં આવશ્યક દસ્તાવેજો સબમિટ કરવાના રહેશે, અન્યથા ઓફરને અધૂરી ઓફર તરીકે ગણવામાં આવશે અને તે મુજબ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

884/24 (ADM)

@CPRONCR | North central railways | @ cproncrly | @northcentralrailway | www.ncr.indianrailways.gov.in

## 2 લાખનો વિદેશી દારૂ ઝડપાયો, 2ની ધરપકડ

ગાંધીનગર | ગુજરાતમાં કથિત રીતે દારૂબંધી લાગુ છે જો કે દારૂ જ્યાં જોઇએ ત્યાં મળે તે બાબત સર્વવિદિત છે. પંચમહાલમાં બૂટલેગરો બેફામ બન્યા છે. તેવામાં હાલોલ રૂરલ પોલીસે દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. સરખીમહુડી ગામેથી 2 લાખ 18 હજારનો વિદેશી દારૂનો જથ્થો પોલીસે ઝડપી પાડ્યો છે. હાલોલ રૂરલ પોલીસે ઝાડી ઝાંખરામાંથી 2 લાખથી વધુનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. દારૂના જથ્થા સાથે બુટલેગરને પણ પકડી પાડવામાં આવ્યો છે. પોલીસે વિદેશી દારૂનો જથ્થો અને બુટલેગરને પોલીસ મથકે લાવી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

સિટી એક્સપ્રેસ

MONDAY 20 MAY-2024

AHMEDABAD

## સુરતમાં લોકો 30 દિવસથી પીવાના પાણીથી વંચિત

સુરત | સુરત શહેરના ભેસ્તાન હૈદરી નગરના રહિશો એક મહિનાથી પીવાના પાણીથી વંચિત છે. છેલ્લા એક મહિનાથી તેઓના વિસ્તારમાં સુરત મહાનગરપાલિકાના પીવાનું પાણી આવતું જ નથી અનેકો વખત મહાનગરપાલિકાને રજૂઆતો કરી તે છતાં કોઈ પણ અધિકારીઓ ફરિયાદનો નિવારણ લાવતા નથી. સ્થાનિકો બાજુની સોસાયટી માંથી પીવાનું પાણી લેવા મજબૂર બન્યા છે. રોષે ભરાયેલા લોકોએ પોતાના વિસ્તારમાં જ પીવાના પાણીના માટલા ફોડી તંત્ર સામે વિરોધ દર્શાવ્યો છે.



## સાબરકાંઠામાં પારો 45 ડિગ્રીને પાર

### રાજ્યમાં સૌથી વધુ તાપમાન ઇડરમાં, વધુ ગરમીની આગાહીથી લોકો ચિંતિત

સાબરકાંઠામાં ગરમીનો પારો 45 ડિગ્રીને પાર ગયો છે. જેમાં જિલ્લામાં બપોરના સમયે ગરમીનો પારો 45 ડિગ્રીને પાર પહોંચ્યો છે. તેમજ રાજ્યમાં સૌથી વધુ તાપમાન ઈડરનું નોંધાયું છે. ઈડરિયા ગઢમાં હિટવેવથી લોકો શેકાયા છે. બપોરના સમયે ગરમીનો પારો ઊંચકાતા લોકોએ ઘરની બહાર નીકળવાનું ટાળ્યું છે. શહેર તેમજ ગ્રામીણ વિસ્તારના હાઈવે મહોલ્લા, સોસાયટી અને બજારના રોડ રસ્તાઓ સૂમસામ બન્યા છે. ગુજરાતમાં 18થી વધુ શહેરોનું તાપમાન 42 ડિગ્રી ઉપર પહોંચ્યું છે. વધતા તાપમાન થી જિલ્લાભરના લોકો ગરમીથી ત્રસ્ત બન્યા છે. લોકોએ ગરમીથી રાહત મેળવવા માટે ઠંડા પીણા સહીત લીંબુ સરબતનો સહારો લીધો છે. અસહ્ય ગરમીના પારાના હિટસ્ટ્રોકથી બચવા તબીબની સલાહ છે. તેમજ અસહ્ય ગરમીમા શેકાતા લોકો ત્રાહિમામ્ પોકારી ઊઠયા છે.

# ગુજરાત 5 દિવસ અગનભઠ્ઠીમાં શેકાશે

**અમદાવાદની રેકોર્ડ બ્રેક ગરમી રાત્રે પણ પરસેવો છોડાવશે; સુરેન્દ્રનગરમાં 45.4 ડિગ્રી**

(એજન્સી) અમદાવાદ | તા.19

હાલમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં તાપમાન સતત વધી રહ્યું છે. તેમાં પણ મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાત સહિત સૌરાષ્ટ્રમાં તાપમાનનો પારો 44 ડિગ્રી સેલ્સિયસથી ઉપર પહોંચ્યો છે. ત્યારે હજુ પણ આગામી એક સપ્તાહ દરમિયાન ગરમીથી રાહત મળશે નહીં તેવી હવામાન વિભાગે આગાહી કરી છે. ગુજરાત હજી 5 દિવસ અગનભઠ્ઠીમાં શેકાશે. આજે રાત્રે 9 વાગ્યે પણ ગરમીનો પારો 40 ડિગ્રી રહેવાનો છે. કેટલાક જિલ્લામાં યલ્લો એલર્ટ તો કેટલાક જિલ્લામાં ઓરેન્જ એલર્ટ હવામાન વિભાગે જાહેર કર્યું છે. અમદાવાદમાં રાત્રિ દરમિયાન ગરમીનો પારો 32થી 35 ડિગ્રી આસપાસ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. તેથી રાત્રે પણ ગરમીનો અનુભવ થશે અને પવનો ફૂંકાશે તે પણ ગરમ રહેશે. તેથી શહેરીજનોને રાત્રિ દરમિયાન પણ અસહ્ય ગરમીનો અહેસાસ થશે.



**ગરમીનો પ્રકોપ યથાવત :** ગુજરાતમાં છેલ્લા પાંચ દિવસથી તાપમાન ઉત્તરોત્તર વધી રહ્યું છે. તેમાં પણ છેલ્લા ત્રણ દિવસથી ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાત તથા સૌરાષ્ટ્ર-ઉત્તર ભાગમાં આવેલા જિલ્લાઓમાં મહત્તમ તાપમાન 44 ડિગ્રીથી વધુ નોંધાયું હતું. તે ઉપરાંત છેલ્લા 24 કલાક દરમિયાન મધ્ય ગુજરાતમાં રાત્રિ દરમિયાન લઘુતમ તાપમાન 30-32 ડિગ્રી સેલ્શિયસ વચ્ચે રહ્યું હતું. સાંજે સૂર્યાસ્ત બાદ પણ અમદાવાદના વિસ્તારમાં ગરમીનો પ્રકોપ યથાવત રહેશે.

■ **વરસાદની કોઈ સંભાવના નહીં :** જે શહેરોમાં આગામી પાંચ દિવસ માટે યલ્લો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે ત્યાં મહત્તમ તાપમાન 42 થી 44 ડિગ્રી સેલ્સિયસથી વધુ રહેવાની શક્યતાઓ છે. આગામી પાંચ દિવસ માટે સમગ્ર ગુજરાત રાજ્યનું વાતાવરણ શુષ્ક રહેશે. વરસાદની સંભાવના નથી. આગામી ત્રણ દિવસ બાદ ગુજરાતના કેટલાક વિસ્તારમાં હળવા વાદળ બંધાઈ શકે છે, પરંતુ તેની શક્યતાઓ નહિવત પ્રમાણમાં છે. એટલે કે આગામી પાંચ દિવસ ગુજરાતવાસીઓને ગરમીમાં શેકાવું પડશે.

■ **સુરેન્દ્રનગર સતત ત્રીજા દિવસે પણ ગુજરાતનું ટોપ ગરમ શહેર**

સુરેન્દ્રનગર સતત ત્રીજા દિવસે પણ ગુજરાતનું ટોપ ગરમ શહેર રહ્યું છે. ગરમી અને બફારાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. આજે પણ તાપમાન 44 ડિગ્રી ને પાર પહોંચી જતાં જનજીવન પર અસર પડી રહી છે. બપોરે 1 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધી લોકો પોતાના ઘરોમાં પુરાઇ રહ્યા છે. બાળકોની ફેવરિટ ક્રિકેટ મેચો તડકાના કારણે બંધ રહી છે. જેમાં રવિવારના દિવસે પણ બાળકો ઘરમા પુરાઇ ગયા છે.

■ **સુરેન્દ્રનગર અને જૂનાગઢમાં હીટવેવની આગાહી**

આ ગરમી સતત બે ત્રણ દિવસ પડે એવી આગાહી છે. તેમજ હીટવેવનો કહેર વધુ આકરો બન્યો છે. બનાસકાંઠામાં 45 ડિગ્રી સુધી તાપમાન પહોંચ્યું છે. તેમજ અમદાવાદ, ગાંધીનગર, જામનગર, કચ્છમાં તાપમાન 44 ડિગ્રીને પાર ગયુ છે. જેમાં કચ્છમાં 44.1 ડિગ્રી, જામનગરમાં 44.5 ડિગ્રી તાપમાન સાથે અમદાવાદ અને ગાંધીનગરમાં 44.5 ડિગ્રી તાપમાન રહ્યું છે. તેમજ વડોદરામાં 43.2 ડિગ્રીતથા જૂનાગઢમાં 42.5 ડિગ્રી, ભાવનગરમાં 41.4 ડિગ્રી અને સુરેન્દ્રનગર અને જૂનાગઢમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે.

**CRIME NEWS**

## અમદાવાદમાં મોડી રાત્રે PCBએ રાણીપના ઘરમાંથી દારૂની બોટલો ઝડપી




અમદાવાદ | PCBએ મોડી રાત્રે વાડજ પોલીસ સ્ટેશનની હદમાં દરોડા પાડી,રાણીપ વિસ્તારમાં આવેલા એક ઘરમાંથી દારૂનો મોટો જથ્થો ઝડપ્યો હતો,વિદેશી દારૂનો જથ્થો ઘરમાં રાખી હોમ ડિલિવરી કરવા જતા શખ્સની પણ ધરપકડ કરી હતી,તુષાર ઉર્ફે પપ્પુ પટેલ સહિત 2 આરોપીઓની ધરપકડ કરી રૂ. 1.33 લાખની કિંમતની મોંઘી દાટ દારૂની બોટલો સહિત રૂ.2.50 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પીસીબીની ટીમે વટવામાં દરોડા પાડી વરલી મટકાનો જુગાર રમાડતા રીઢા ગુનેગારને ઝડપી લીધો હતો.નવાબ શેખ ક્રાઈમ બ્રાન્ચના અનેક ગુનાઓમાં ફરાર હતો

## સુરતમાં દુકાનની આડમાં જુગારધામનો પર્દાફાશ થયો, મુદ્દામાલ સાથે 14 ઝડપાયા



સુરત | સુરતમાં દુકાનની આડમાં જુગારધામનો પર્દાફાશ થયો છે. જેમાં પોલીસે રૂપિયા 5.73 લાખના મુદ્દામાલ સાથે 14 લોકોને ઝડપ્યા છે. રિઝન્ટ પ્લાઝાના બીજા માળે દુકાનમાં જુગારધામ ચાલતુ હતુ. તેમાં રાધા એન્ટરપ્રાઈઝમાં ચાલતા જુગારધામ પર પોલીસે દરોડા પાડ્યા હતા. જેમાં પોલીસે 16 મોબાઈલ, 3 મોટર સાયકલ જપ્ત કરી છે. શહેરના ડીંડોલી વિસ્તારની દુકાનની આડમાં ચાલતા જુગારધામ પર પોલીસે દરોડા પાડ્યા છે. રિઝન્ટ પ્લાઝાના બીજા માળે આવેલ દુકાનમાં જુગારધામ ચાલતુ હતુ. તેમાં રાધા એન્ટરપ્રાઈઝ નામની દુકાનમાં ચાલતા જુગારધામ પર રેડ કરી હતી.

## સુરતના સરથાણામાં પાલિકાની કચરાની ગાડીએ બાળકને કચડતાં મોત




સુરત | સુરતના સરથાણામાં પાલિકાની કચરાની ગાડીએ બાળકને કચડતા તેનું મોત નિપજ્યુ છે, બાળક રમી રહ્યો હતો અચાનક કચરાની ગાડીએ અડફેટે લેતા તેનું ઘટના સ્થળે મોત થયું હતુ. સરથાણા પોલીસે ફરાર ડ્રાઈવરને શોધવા શોધખોળ હાથધરી છે.પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથધરી છે. પાંડેસરામાં નશાખોર ટેમ્પાચાલકે 12 મહિનાની બાળકીને કચડી નાખી હતી,બાળકી તેની માતા સાથે સૂતી હતી તે દરમિયાન ઘટના બની હતી.માથાના ભાગે બાળકીને ગંભીર ઈજા થતા તેનું ઘટના સ્થળે જ મોત થયું હતું.પાંડેસરા પોલીસે ટેમ્પો ચાલકની અટકાયત કરી વધુ તપાસ હાથધરી હતી.

## અમદાવાદમાં પાણીજન્ય રોગચાળો વધ્યો

### સિવિલમાં 18 દિવસમાં ઝાડા-ઊલટીના 215 કેસ નોંધાયા, ગરમીથી થતી બીમારીમાં વધારો તો મચ્છરજન્ય રોગમાં ઘટાડો

(એજન્સી) અમદાવાદ | તા.19



અમદાવાદ સહિત સમગ્ર ગુજરાત રાજ્યમાં છેલ્લા 10 દિવસથી સતત તાપમાન દિવસેને દિવસે વધી રહ્યુ છે. તેમાં પણ ખાસ કરીને અમદાવાદ શહેરમાં છેલ્લા 10 દિવસમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રીથી વધુ નોંધાયું છે. ઉલ્લેખનીય છે કે, ગત સપ્તાહની શરૂઆતમાં જ કમોસમી વરસાદી ઝાપટાને કારણે રોગચાળો વધ્યો છે. કારણ કે, ત્રણ જ દિવસમાં તાપમાન ડિગ્રી સેલ્સિયસથી ઘટીને 39 ડિગ્રી થયું અને ફરીથી તાપમાન વધીને 42થી 44 ડિગ્રી સેલ્સિયસ પહોચ્યું છે. તાપમાનના આ ચઢાવ-ઉતારથી શહેરીજનો બીમાર થયા હતા. ઉનાળામાં મચ્છરજન્ય રોગ પર કાબુ આવ્યો છે, પરંતુ ગરમીને કારણે ઝાડા-ઊલટીના કેસમાં વધારો થયો છે. હાલમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલની ઓપીડી ગરમીથી થતી બીમારીના દર્દીઓથી ભરાઈ રહી છે.

### ઝાડા-ઊલટીના 215 કેસ

અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં મે મહિનાની શરૂઆતથી અત્યાર સુધીમાં ઝાડા-ઊલટીના કુલ 215 કેસ નોંધાયા છે. આ ઉપરાંત ગત માર્ચ મહિનામાં 282 અને એપ્રિલ મહિનામાં 336 કેસ નોંધાયા છે. મે મહિનામાં ફક્ત 18 દિવસમાં સિવિલ હોસ્પિટલમાં ઝાડા-ઊલટીના 215 કેસ નોંધાયા છે. તો મે મહિનાના અંત સુધીમાં દર્દીઓની સંખ્યા 400 સુધી પહોચી શકે છે. તેમ અમદાવાદ સિવિલ હોસ્પિટલના એડિશનલ સુપ્રિટેન્ડન્ટ ડો. રજનીશ પટેલે જણાવ્યું હતું.

**સૈયદ સુલતાનાની મસ્જિદમાં ક્રાઈમ બ્રાન્ચનું સર્ચ ઓપરેશન, હુમલાખોર 2 આરોપીની ધરપકડ, 5 ફરાર**

## દરિયાપુર મદરેસામાં આચાર્ય પર હુમલામાં તપાસ

(એજન્સી) અમદાવાદ | તા.19

દરિયાપુરના મદરેસામાં ગઈકાલે સર્વે ગયેલા શિક્ષક પર ટોળાએ હુમલો કર્યો હતો. જે મામલે દરિયાપુર પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. ત્યારે શિક્ષક પર હુમલો કરનાર આરોપીઓ પૈકી બે આરોપીઓની દરિયાપુર પોલીસે ધરપકડ કરી છે. આ ઉપરાંત અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની સાથે સ્થાનિક પોલીસે સર્ચ ઓપરેશન પણ હાથ ધર્યું છે.

### શિક્ષણ વિભાગના આદેશથી મદરેસામાં સર્વે શરૂ કરાયો હતો

શિક્ષણ વિભાગના આદેશ બાદ



શિક્ષકો દ્વારા અલગ અલગ મદરેસામાં સર્વે શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં દરિયાપુરની સુલતાન સુલ્તાન મહોલ્લા સૈયદ સુલતાનાની મસ્જિદના મદરેસામાં બાપુનગરની સ્કૂલના આચાર્ય સંદીપ પટેલ સર્વે કરવા માટે ગયા હતા. સંદીપભાઈ મસ્જિદ બંધ હોવાથી કામગીરીનો ફોટો લઈ રહ્યા હતા, ત્યારે ટોળાએ આવીને તેમને ગડદા પાટુનો માર માર્યો હતો.

### ફરાર આરોપીઓની શોધખોળ માટે સર્ચ

દરિયાપુર પોલીસ દ્વારા બનાવના 24 કલાકમાં જ ફરહાન અને ફૈઝલ નામના બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે અન્ય પાંચ આરોપીઓ ફરાર છે, જેની શોધખોળ ચાલી રહી છે. બનાવ બાદ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે સ્થાનિક પોલીસ સાથે દરિયાપુરના અલગ અલગ જગ્યાએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

### મોબાઈલ અને ડોક્યુમેન્ટ લૂંટનાર આરોપી પકડાયા

ટોળામાંથી ફરહાન અને ફૈઝલ નામના આરોપીએ કહ્યું હતું કે, આનો મોબાઈલ ફોન અને ડોક્યુમેન્ટ લૂંટી લો. જે ટોળાએ લૂંટી લીધો હતો. સમગ્ર મામલે પોલીસે રાઈટિંગ લૂંટ સહિતની કલમોના આધારે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

## આજે KKR ટીમ બનશે અમદાવાદની મહેમાન, સાથે કિંગ ખાન પણ પ્રાઈવેટ ચાર્ટર્ડ પ્લેનથી પહોંચશે

(એજન્સી) અમદાવાદ | કોલકાતા નાઈટ રાઈડર્સ પોતાની છેલ્લી લીગ મેચ આજે રાજસ્થાન સામે ગુવાહાટીમાં રમશે. આ મેચ રમીને કોલકાતા ટીમ આવતીકાલે એટલે કે, 20 મેંના રોજ અમદાવાદની મહેમાન બનશે. કોલકાતા ટીમ એરપોર્ટ પર ઉતર્યા બાદ સીધી જ વસ્ત્રાપુર ખાતેની ITC નર્મદા હોટલમાં પહોંચશે. જ્યાં તેમનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવશે. અમદાવાદમાં આઈપીએલની પહેલી ક્વોલિફાયર મેચ 21 મેના રોજ યોજાશે. આ પ્રથમ મેચમાં કોલકાતાની ટીમ રમવાની છે. આ મેચમાં બોલિવૂડની સેલિબ્રિટીઓ પણ હાજર રહેવાની છે. સૂત્રોના આધારે મળતી માહિતી પ્રમાણે આવતીકાલે 20 મેના રોજ ટીમની સાથે ટીમના ઓનર અને બોલિવૂડના કિંગ ખાન શાહરૂખ પણ અમદાવાદ પ્રાઈવેટ ચાર્ટર્ડ પ્લેનથી પહોંચશે. જે બાદ આઈટીસી નર્મદામાં રોકાશે.

## અમદાવાદના ફતેવાડીમાં અસામાજીક તત્વો બેફામ

■ **ખાનગી હોટલમાં વેપારી અને કારીગરો પર કર્યો હુમલો**

■ **પોલીસે CCTV ફૂટેજ આધારે તપાસ કરી તેજ**




(એજન્સી) અમદાવાદ | તા.19

અમદાવાદના ફતેવાડી વિસ્તારમાં અસામાજીક તત્વો બેફામ બન્યા છે. ખાનગી હોટલમાં વેપારી પર અસામાજીક તત્વોએ હુમલો કરીને અનેક ચીજવસ્તુઓ અને સામાનની તોડફોડ કરવામાં આવી હતી. પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, અમદાવાદ શહેરમાં ફરી એક વખત અસામાજિક તત્વોનો આતંક સામે આવ્યો છે. અસામાજીક તત્વો ક્યારે ક લોકોને હેરાન કરે તો ક્યારે ક ઘર અને હોટલોમાં તોડફોડ કરીને લાખો રુપિયાનું નુકસાન પહોંચાડે છે. ક્યાંકને ક્યાંક પોલીસને ચકમો આપવામાં અસામાજીક તત્વો બેફામ બનતા જાય છે. અસામાજીક તત્વોના ટોળાએ હાથમાં હોકી, તલવારો, લાકડી અને પાઈપો લઈને પાર્કિંગમાં મુકેલા વાહનોમાં તોડફોડ કરે તો હપ્તા ઉઘરાણી કરીને મારપીટ કરવાની અનેક ઘટનાઓ સામે આવે છે. તેવામાં અમદાવાદના ફતેવાડી વિસ્તારમાં અસામાજીક તત્વોએ ખાનગી હોટલમાં ઘૂસીને તોડફોટ કરી અને કર્મીઓ સાથે મારપીટ કરવાની ઘટના સામે આવી છે. હોટલમાં 1200 રૂપિયાનું જમવાનું પાર્સલ કરાવા કહેવામાં આવ્યું હતું પરંતુ પૈસા ન આપીને દાદાગીરી કરી હતી. હોટલમાં વેપારી અને કારીગર પર હુમલો કર્યો હતો. આ સાથે તત્વોએ ખાણીપીણીની વસ્તુઓ ફેંકીને મારી નાખવાની ધમકી પણ આપી હતી.

### અમરાઈવાડીમાં અસામાજિક તત્વોનો આતંક

અમદાવાદના અમરાઈવાડીમાં અસામાજિક તત્વોનો આતંક દિવસેને દિવસે વધી રહ્યો છે. લુખ્ખાતત્વોએ આંતરિક માથાકૂટમાં તલવાર લઈ ST બસ અને રિક્ષાના કાચ તોડ્યા હોવાની ઘટના સામે આવી છે. અમરાઈવાડી પોલીસે સમગ્ર મામલે કાર્યવાહી હાથ ધરી.

## રાજ્યમાં વૃદ્ધો સામેના ગુના 32% વધ્યા:લૂંટારુ, ચોર માટે એકલા રહેતા દંપતીઓ મુખ્ય ટાર્ગેટ

(એજન્સી) અમદાવાદ | તા.19

19 મે, 2024ના રોજ વડોદરામાં વહેલી સવારે ચારથી પાંચ વાગ્યાની વચ્ચે ઘરની લાઈટ કાપ્યા બાદ લૂંટારુએ વૃદ્ધાનું ગળું કાપી મોતને ઘાટ ઉતારી દીધા હતાં. ગળાના ભાગે ચપ્પુના ઘા માર્યા બાદ લૂંટારુ વૃદ્ધાએ પહેરેલા દાગીના કાઢીને ફરાર થઈ ગયા હતાં. આ ઘટનાના એક દિવસ પહેલા જ એટલે કે, 18 મેની મોડી રાત્રે પાદરાના ડભાસા ગામમાં 60 વર્ષીય મહિલાને ગળે ટૂંપો આપી કાન કાપીને બે લૂંટારા ફરાર થઈ ગયા હતાં. રોજબરોજ બનતી આ પ્રકારની ઘટનાથી રાજ્યના સિનિયર સિટીઝનની સુરક્ષા સામે સવાલો ઊભા થયા છે. વિધાનસભામાં પ્રશ્નોતરી સમયે સામે આવેલા આંકડા મુજબ, છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સિનિયર સિટીઝન સામેના ગુનામાં 32%નો વધારો થયો છે. જેમાં મોટા ભાગના છેતરપિંડી અને ખંડણીના કેસો સાયબર ક્રાઈમ હેઠળ નોંધાયા છે. આ ઉપરાંત ચોરીની સંખ્યામાં પણ 32.4%નો વધારો થયો છે. લૂંટારુ અને ચોર ટોળકી એકલા રહેતા દંપતીઓને વધુ ટાર્ગેટ બનાવે છે. તો ઘણા કિસ્સાઓમાં તો ઘરમાં જ કામ કરતા હેલ્પર જ સિનિયર સિટીઝનની જિંદગીના દુશ્મન બન્યા છે. વડોદરા,



અમદાવાદ, રાજકોટ જેવા મહાનગરોમાં બનેલી લૂંટ, ચોરી અને હત્યાના કિસ્સાઓ આપની સમક્ષ મૂકી રહ્યાં છે. ફેબ્રુઆરી, 2024માં વિધાનસભામાં દાણીલીમડાના ધારાસભ્ય શૈલેષ પરમારે 1 એપ્રિલ, 2020થી 31 માર્ચ, 2023 વચ્ચે સિનિયર સિટીઝન સામેના ગુનાઓની વિગતો અંગે પ્રશ્ન કર્યો હતો. જેમાં સરકારે તેના જવાબમાં જણાવ્યું હતું કે, આ સમયગાળા દરમિયાન, ખંડણીના 29 કેસ, ત્યારબાદ લૂંટના 96, છેતરપિંડીના 268 કેસ અને ચોરીના 1,234 કેસ નોંધાયા હતા.

## ગુજરાતના આ વિસ્તારમાં 3 વર્ષથી ઘરે ઘરે નળ છે પણ પાણી નહિ



**રહીશો ગામથી એક કિલોમીટર દૂર ચાલીને પાણી લાવવા મજબુર બન્યા**

(એજન્સી) અમદાવાદ | તા.19

મેઘરજના રામગઢી ભૂતિયાકુડી વિસ્તારમાં પાણીનો પોકાર જોવા મળ્યો છે. જેમાં રહીશો એક કિલોમીટર દૂર ચાલીને પાણી લાવવા મજબુર બન્યા છે. તેમજ પશુઓને તરસે મરવાનો વારો આવ્યો છે. હાલ ઉનાળો ખૂબ આકરો બન્યો છે જેના કારણે કુવા, તળાવ નદીમાં પાણી સુકાઈ ગયા છે ત્યારે ઠેર ઠેર પાણી સમસ્યા સામે આવી છે.

મેઘરજના અંતરિયાળ વિસ્તારોમાં પણ પાણીને લઈ રહીશો દર દર ભટકી



રહ્યા છે. મેઘરજ તાલુકાના રામગઢી ગ્રામપંચાયત વિસ્તારમા આવેલ ભૂતિયા કુડી ગામમાં કુલ 130 મકાનો આવેલા છે. ગામમાં પાણીએ મુખ્ય પ્રશ્ન છે. વાસમો વિભાગ દ્વારા દરેક ઘરે નળતો ફિટ કરાયા છે પણ આ નળમાં ગ્રામપંચાયત અને પા.પૂ વિભાગ દ્વારા પાણી આપવાની કોઈ જોગવાઈ કરાઈ નથી. કોરોના કાળ દરમિયાન નળ નાખ્યા પછી એક વાર ટેસ્ટિંગ માટે પાણી અપાયું હતું. ત્યારબાદ ત્રણ ત્રણ વર્ષો થયા છતાં આ ગામને તંત્ર દ્વારા પાણી અપાયું નથી.

### જનતા પાણી વગર ભારે હાલાકીનો સામનો કરી રહી છે

હાલ ગામમાં પાણીનો બીજો કોઈ સ્ત્રોત નથી તેમજ ગામથી એક કિલોમીટર દૂર એક સદગ્રહસ્તના બોરમાં થોડું ઘણું પાણી આવે છે તેમાંથી હાલ એટલું દૂર ચાલીને પાણી લાવવા મજબુર બન્યા છે. મહિલાઓ, વૃદ્ધો પરાણે એક બે બેડા પાણી લાવી શકે છે. આ વિસ્તારના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલનનો છે. ત્યારે મૂંગા પશુઓને પણ પાણી વગર તરસે મરવાનો વારો આવ્યો છે. ગ્રામજનોએ અનેક વખત તંત્રમાં રજુઆત કરી છે પણ તંત્ર દ્વારા ગ્રામજનોની વાત ધ્યાને લેવાતી નથી અને જનતા પાણી વગર ભારે હાલાકીનો સામનો કરી રહી છે ત્યારે આ વિસ્તારના લોકોને પાણી અપાય એવી માગ કરી રહ્યા છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...